સૌભાગ્ય



ગૃહપુસ્તકાલય ગ્રંથમાળા વર્ષ બીજું પુસ્તક ચોથું

સૌભાગ્ય

સંપાદિકા અને પ્રકાશિકા
અ. સૌ. ધનિષ્ઠાબ્હેન મજમુદાર

પ્રસ્તાવના :—સૌ. શ્રીમતીબાલા મજમુદાર
ચિત્રલેખા :—કુ. ઝીણા મુનશી

પ્રકાશક
સ્વાશ્રયી લેખક મંડળ
લાઠી · કાઠિયાવાડ

[આવૃત્તિ પહેલી
પ્રત ૧૨૫૦]

[સંવત ૧૯૯૬
સને ૧૯૪૦ જુન]

પ્રકાશન એજન્ટ
ગુર્જર સાહિત્ય ભંડાર : લાઠી

[એક રૂપિયો] ० [કાઠિયાવાડ]

મુદ્રક : મનુભાઈ અમૃતલાલ શેઠ : સ્વાધીન મુદ્રણાલય : રાણપુર.

I said to me that he would give me help = તેણે મને કહ્યું કે તે (પોતે) મને મદદ આપશે.

નિવેદન

'સ્વાશ્રયી લેખક મંડળ લાઠી'ની ગૃહપુસ્તકાલય ગ્રંથમાળાના બીજા વર્ષના ચોથા પુષ્પ તરીકે મહાગુજરાતની વિદુષી લેખિકા બહેનોના જ સંપૂર્ણ સહકારબળે આજે 'સૌભાગ્ય' પ્રગટ થાય છે.

તેમાં પિરસાયેલ સાહિત્ય-સામગ્રી વિષે સૌ. શ્રીમતીબાલા મજમુદાર તેમની પ્રસ્તાવનામાં ટૂંકું છતાં વિદ્વતાપૂર્ણ વિવેચન કરે છે, એટલે હું તો એ બાબત મૌનજ રહીશ.

સ્વાશ્રયી લેખક મંડળના સુંદર સહકારથી અસાધારણ વિકાસ પામતી જતી ગૃહપુસ્તકાલય ગ્રંથમાળાના એક પછી એક નિયમિતપણે પ્રકટ થતાં જતાં પુસ્તકોએ ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં સારો ખળભળાટ જગાવી, નવો પ્રકાશ પાથરી, નવી જ દિશા સૂચવી છે. સર્વની પેઠે સાહિત્યની દુનિયામાં પણ પેસી ગયેલી ગુલામી, સ્વાર્થી મનોદશા અને મૂઠીવાળી ચૂસણનીતિ સામે ઉઠાવેલી આ સામૂહિક ઝુંબેશ, સાહિત્યસર્જકોના લોહીમાંથી નાણાં નીતારી જતા ચૂસણીયા પ્રકાશકોની ભયંકર, સ્વાર્થભરી ચૂસણનીતિનો મૃત્યુઘંટ વગાડી રહી છે.

લેખક પોતે જ પોતાની કૃતિઓનો પ્રકાશક અને વિક્રેતા બની, તેના સર્વ ઉત્પન્નનો પોતે જ માલિક બને, અને પોતાના લોહીના નીચોડમાંથી જન્મેલી સફળ સાહિત્યકૃતિઓના મૂલ્યને અન્ય સ્વાર્થસાધુઓ વચ્ચે વહેંચાઈ જતું અટકાવે, તેમજ પ્રકાશકોની ભીષણ નાગચૂડમાંથી બચી જાય, એ મુખ્ય વિચાર આ યોજનાના મૂળમાં છે. ગુજરાત હવે આ યોજનાથી અજાણ્યું નથી. મહાગુજરાતના ખૂણે ખૂણે પહોંચી ગયેલા ગૃ. પુ. ગ્રંથમાળાનાં સુંદર પુસ્તકોને ચોમેરથી સારો આવકાર મળ્યો છે.

ફક્ત સ્ત્રીઓનાજ સહકારે પ્રકટ થતું આ પુસ્તક ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં પહેલું જ છે, એ કહેવાની જરૂર નથી. તેનું દ્વિરંગી લલિત કવરચિત્ર કુ. ઝીન્ના મુનશીની કલાભરી પીંછીને અચૂક શોભાવે છે. આવું ભાવવાહી, સુંદર ચિત્ર 'સૌભાગ્ય' માટે ખંત ને ઉત્સાહથી તૈયારી કરી આપનાર એ ચિત્રલેખા બહેનનો હું આભાર માનું છું.

પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી 'સૌભાગ્ય'ની પ્રસ્તાવના લખી આપનાર આપણાં વિદુષી બહેનશ્રી શ્રીમતીબાલા મજમુદારનો કયા શબ્દોમાં ઉપકાર માનું ?

અને આ યત્કિંચિત સાહિત્યસેવા કરવાની મને તક આપનાર ગુર્જર સાહિત્યભંડારના સંચાલક અને જાણીતા લેખક ભાઇશ્રી ધૈર્યચંદ્ર ર. બુદ્ધને તો કેમ જ ભૂલી શકાય ?

છેવટે આ પુસ્તકના સમ્પાદનકાર્યમાં મને સહાય આપનાર અને પોતાની સર્વોત્તમ સાહિત્યકૃતિઓ આપીને એક યા બીજી રીતે એમાં અમૂલ્ય સહકાર આપનાર સૌ લેખિકા બહેનોનો આભાર માની હું અહીંજ વિરમીશ.

સૌ. ધનિષ્ઠા મજમુદાર
સંપાદિકા : 'સૌભાગ્ય'

નોંધ-પ્રસ્તાવના આવવાની અસહ્ય ઢીલના અંગે તૈયાર છતાં "સૌભાગ્ય" પંદર દિવસ મોડું પ્રગટ થાય છે, એ બદલ લેખકો અને ગ્રાહકોની ક્ષમા યાચીએ છીએ.

સંચાલક

: અનુક્રમ :

[પદ્ય વિભાગ]

[ગદ્ય વિભાગ]

પ્રસ્તાવના

આપણા સાહિત્યમાં છેલ્લાં થોડાં વર્ષોથી 'અભિનંદન ગ્રન્થો' 'સત્કાર ગ્રન્થો' 'સ્મારક ગ્રન્થો' અને 'જયન્તી ગ્રન્થો' પ્રકટ થવા માંડ્યા છે. તેમ જ કેટલાંક માસિકો, અઠવાડિકો અને દૈનિકોના દીવાળીઅંક જેવા ખાસ અંકો પણ પ્રકટ થતા આવ્યા છે. આ ગ્રન્થો અને અંકોના લખાણોમાં એક પ્રકારનું સળંગપણું હોય તો તે એટલું જ છે કે અમુક પર્વનિમિત્તે અથવાતો પોતાને ગમતા વિવિધ વિષયો પર લેખકો લેખો લખી મોકલે છે. અને તે પુસ્તક રૂપે પ્રકટ થાય છે.

પ્રસ્તુત 'સૌભાગ્ય'નો લેખ સંગ્રહ તેમના જેવો જ છે; પણ તેમનાથી બે ત્રણ બાબતમાં જુદો પડે છે. આ સંગ્રહનું સમ્પાદન એક બહેને કર્યું છે, તેમાંના બધા લેખો ગુજરાતની બહેનોએ લખેલા છે. સ્વાભાવિક રીતે સ્ત્રીજિવનને સ્પર્શ કરતા વિષયો તથા પ્રશ્નોપર ઠીકઠીક લખાણ તેમાં છે; છતાં 'સૌભાગ્ય'માંના બધા લેખો કોઈ એક પ્રધાન ભાવના કે વિચારથી સંકળાયા હોય એવું જણાતું નથી.

ઉપર સંભારેલા ખાસ અંકો જેવું, આ સ્ત્રી-લેખકોના સહકારથી તૈયાર થયેલું પ્રકાશન છે; અને તેમાંનો ઘણો ભાગ વાંચવો ગમે તેવો છે. બધા લેખો સરખા સત્ત્વવાળા ભાગ્યે જ હોઈ શકે. તેમાં આ લેખ સંગ્રહ પણ કાંઇ અપવાદ નથી.

આ પુસ્તકની બીજી નોંધપાત્ર વિશિષ્ટતા તે એના પ્રકાશનને અંગે છે. સહકારી પદ્ધતિએ લેખકોના લખાણને છપાવી, પ્રકાશનની સંયુક્ત માલિકી ગણાવવાનો તેમાં ઉદ્દેશ છે. પ્રકાશનની આ પદ્ધતિ લાંબે ગાળે લેખકોનો ઉત્સાહ વધારે તેમ છે. છતાં એક જ લેખકનાં અનેક લખાણ આમાં મૂકવાં પડયાં છે. તેથી એમ લાગે છે કે આ સહકારી

પ્રકાશન યોજનાનો લાભ ઘણી લેખિકા બહેનોએ લીધો નથી. આ પદ્ધતિને રીતસર ધપાવવા માટે મહાગુજરાતની બહેનો હવે પછીના આવા ખાસ લેખ સંગ્રહોમાં ફાળો આપવાનું ચૂકે નહિ.

હવે 'સૌભાગ્ય'માંના લેખો તરફ નજર કરિયે; પદ્ય અને ગદ્ય એવા વિશાળ વિભાગમાં તેને વહેંચી નાખેલા છે. સૌભાગ્ય'ના સવાસો પાનાંનાં આ સંગ્રહમાં પાંત્રીસ ગીતો અને સાત વાર્તાઓનો સમાવેશ થયો છે. સ્ત્રી લેખકોનો આ સંગ્રહ છે. અને આવા સંગ્રહની જરૂર હતી જ.

સ્ત્રીઓનો આ લેખ–સંગ્રહ સામાન્ય વાંચકોને પણ રૂચિકર થઇ પડશે એમ લાગે છે. આ સંગ્રહમાં એકંદરે પાંત્રીસ ગીતો છે. તેમાંના પાંચ હિંદીમાં છે. એક મન્દાક્રાન્તા છંદમાં રચેલું કથા–કાવ્ય છે. એક અંજની ગીત છે. એક વસંતોપજાતિમાં 'અખંડ સૌભાગ્ય'નું આશિર્વાદનું કાવ્ય છે. અને એક જોડકણાના રાહનું કાવ્ય છે. બાકીનાં છવ્વીસ ગીતો ગરબા અને રાસ કહીયે તેવાં છે. વિષયપ્રમાણે જોતાં, તેર જેટલાં ગીતો કૃષ્ણનાં છે, ત્રણ ગીતો 'અંખડ સૌભાગ્ય' 'સૌભાગ્ય રેખ' અને 'અખંડ આયુ હો' એ આ સંગ્રહના નામ 'સૌભાગ્ય' ને ઉદ્દેશીને છે. બીજા ત્રણ ગીતો 'વીરાને' 'માતાનાં હેત' અને 'કન્યા' એ વાત્સલ્યનાં છે.

'સાગરરાણા,' 'ચાંદાને દેશ,' આંબલાની ડાળ,' 'વાદળી,' 'વસન્ત,' 'મોરલો,' 'પૂર્ણિમાનો ચન્દ્ર,' અને 'ફૂલડાની વાડી' એ કુદરતનાં ગીતો છે. 'અમૃતના ઓઘ,' 'કલિયુગનાં ઝાડ,' 'જોગીરાજને,' 'દીવો,' અને 'જળ ભરવા' એ ભાવનાનાં ગીતો છે. અકંદરે બધાયે ગીતો ગરબામાં ગવાય તેવાં છે.

આખાયે જગતમાં જેમ ભારતદેશ સંગીત અને નૃત્યની ઉત્તમતા માટે નિરાળું પદ ભોગવે છે, તેમ આપણા અને મહાગુજરાતના રાસ ગરબા પણ આખા ભરતખંડમાં અનન્ય છે. આપણા ગરબા અને રાસના વિપૂલ પ્રચારને ધાર્મિક ભાવનાઓ તથા ધાર્મિક સાહિત્યે સબળ સહયોગ આપ્યો છે.

હવે સૌભાગ્યને લગતાં ગીતોનો પરિચય કરીએ;

'ભાલે ચંદાને એને ગાલે ટીલડીઓ
ચળકે ને રૂમઝુમ ચાલે જી રે.'
'ગંગા યમુના સમ નિત્ય ન્યારૂં,
અખંડ સૌભાગ્ય હજો ત્હમારૂં.'

આપણા સુંદરી સંસારને એના કરતાં અધિક સુંદર મંગલ બીજું શું હોય? મહિયરનું કુળ ઉજાળતા ભાઈ ઉપર બહેનનો ભાવ અકથ્ય હોય છે.

'ગિરિશૃંગો સરખાં ઉચાં છે,
બહેની દિલે આસન વીર ત્હારાં'
માતાનું હેત દુનિયામાં અનન્ય હોય છે?
'હેમ ભરેલા રે
હાથડિયા માના ફરે હોજી!
આશિષ ઉરના અખંડ વરસાય'

આ પૃથ્વીને કર્મભૂમિ કહી છે. માનવી જેવાં કર્મ કરે છે, તેવાં ફળ ભોગવે છે. પુણ્ય કરતાં પાપ વધે છે, ત્યારે એ પૃથ્વી ઉપર ભોગવવા આવે છે, તે વિચાર આ 'કલિયુગનાં ઝાડ'માં ગૂંથેલો છે.

કૃષ્ણની જિવનલીલાને હિંદુના જીવનમાંથી કાઢી લ્યો; પછી જુઓ કે શું રહે છે? 'કહાના બીન ગાના નહીં' કહ્યું છે તે એટલું જ સાચું છે. એ કૃષ્ણનાં હવે ગીતો જોઈએ :

સ્વપ્નમાં હરિ આવવાનો અવાજ સંભળાય છે, ત્યારે ઊંઘમાં પણ ચરણમાં પડે છે.

'સપનેમેં જબ—
દરશન કનૈયાકા—
તબ ઉનકે ચરન મેં ગીરતી હું—હરિ આવનકી અવાજ.'

કૃષ્ણ વિરહથી ગોપી વ્યાકુળ થાય છે, અને કૃષ્ણને પાછા બોલાવે છે.

'હું રે રાધાને તું નંદકિશનજી
અંતરના તારે બંધાઇએ.
—હો રંગભેર રમીએ.'

'ધરી ધરી દેખું રાહ તુમારી
મેરે મુરારિ'

વગેરે લીટીઓમાં ગોપીનો વિરહ સુંદર રીતે ગવાયો છે.

કુદરતનાં ગીતોમાં 'સાગર' ભરતી વખતે તોફાને ચઢે છે ત્યારે—

'ધીર ગંભીર ગણે જગ તુજને
ક્ષાર ભર્યા રસરાજ—સાગર રાણા કેમ કરે તોફાન?
પ્રેમ ભર્યા ઓ સાગર રાણા
સ્નેહના શીખવા પાઠ—સાગર રાણા કેમ કરે તોફાન?

ચાંદાના દેશમાં શું શું હોય છે તેની કલ્પના સુન્દર છે:

'જોશું ચાંદાનો દેશ, જોશું ચંદ્રિકાનાં હાસ્ય
દેશ રોહિણીપતિનો નિહાળશું.'

વસંતમાં આંબાની ડાળ મ્હોરી રહી છે. કોકિલા ધીમું ટહુકી રહી છે. અને ફૂલડાંની વેલ પવનમાં ઝુલે છે તેમ—

'આવો આવો બેન,
ઝીલવાને નીર જીવન સાગરે હો બહેન.'

અષાઢી વાદળી વરસી વરસી, ચાંદા સુરજને ઢાંકતી જતી રહે છે. ત્યારે એને પૂછે છે:

'ક્યાંથી આવ્યાં? ને તમે ક્યાંરે જવાનાં?
પૂછું પ્રવાસી બ્હેની હે!
—કાળી કાળી વાદળીઓ.'

વાદળી જવાબ દે છે:

'દૂર દૂર દેશનાં વાસી અમો રે
દૂર દૂર દેશ હજી જાવાં રે;
—અમે જળભરી વાદળીઓ.'

'સુવર્ણ મોહિની' એક સળંગ છંદમાં રચેલું કથાકાવ્ય છે. તે વાંચતાં શ્રી. કલાપિની શૈલીનું સ્મરણ થાય છે.

દરિયા કિનારે એક ભવ્ય મંદિર છે, તેમાં દેવીની મૂર્તિ છે. અનેક ભક્તો ત્યાં આવે છે. અને દેવી સૌની ઇચ્છા પૂરી પાડે છે. શશિવદન દેવી પાસે આવે છે. એને એક રાજકન્યા સાથે પરણવું છે. રાજકન્યાએ શરત મૂકી છે કે, 'મ્હારી સાથે દોડવામાં જે જીતે તે મ્હને પરણે.' શશિવદન શરતમાં જીતાય માટે દેવી પાસે વરદાન લેવા પ્રાર્થના કરે છે, દેવી પ્રસન્ન થાય છે, અને સોનાનાં ત્રણ ફળ આપે છે;

'એ બાળાનાં, ઝડપી પગલાં, થોભશે દોડવાને
ઝાંખી થાશે, ધવલ કીર્તિ, દેખતા આ ફળોને.'

ફળ લઈ શશિવદન જાય છે. શરતમાં દોડતી વખતે ફળ નાખી દઇ રાજકન્યાને લલચાવે છે, અને પોતે દોડવામાં આગળ જતો રહે છે

'તેણીની જે, દીર્ઘકીર્તિ અન્ય લે જાય આજે,
તે બન્નેનાં, જ્વલિત હૃદયો, સ્વર્ગનું સૌખ્ય પામ્યાં ?
દેવીના આ ફળથી મનની કામના તૃપ્ત થાતી'

આ સંગ્રહ માટે ગીતો મોકલનાર બહેનોમાંથી કેટલીક બહેનોએ સ્ત્રી–કવિ નિપજવાની સુંદર શકયતા બતાવી છે, તે બદલ તેમને અભિનંદન. સૌ. ઇન્દુમતી બહેન, સૌ. ધનિષ્ઠા બહેન, બહેન રતનબા ચાવડા તથા બહેન યશોદા માલવીયા—એ બહેનોના સ્વતંત્ર કાવ્ય સંગ્રહો પ્રકટ થાય એમ ઇચ્છવા જેવું છે.

આખો ગદ્યવિભાગ મુખ્યત્વે કરીને ટૂંકી વાર્તાઓનો બનેલો છે. સાત લેખોમાંથી 'સૌભાગ્યવતીની આત્મકથા'નું ભાષાસ્વરૂપ કંઇક નિબંધને મળતું છે. અને ન્હાનાલાલ શાહી અલંકારવાળા ગદ્યમાં તેના વિચારો ગૂંથેલા છે. 'વાડકી દૂધ' એ સોમવારના વ્રતનું માહાત્મ્ય બતાવતી સાદી ગુજરાતી વ્રતકથા છે.

આફ્રીની પાંચે વાર્તાના વિષય સામાજિક છે. માનવીને જ્યારે મન ઉપર ભારે આઘાત થાય છે, ત્યારે તે મનનું સમતોલપણુ ગુમાવે છે; અને દીવાનો બની જાય છે. ઠાકોર પણ આવોજ દીવાનો હતો. એની ચંપા એક દિવસ જતી રહે છે. એટલે એ ગાંડો થઈ જાય છે. રસ્તામાં એક દિવસ કોઈ ચંપા જેવી ગ્રામ્ય કન્યાને જોઇ એને પૂછે છે. 'ચંપા, આજે આટલો ભપકો કયાંથી?' ગ્રામ્ય કન્યા પોતાની મશ્કરી થાય છે, એમ માની ઠાકોરને ધોલ ચોડે છે. ગામનાં છોકરાં પણ એની આસપાસ વીંટાઈ વળી, મારે છે, છેવટે એક દિવસ રેલગાડીના પાટા નીચે એ કચરાઈ જાય છે!

ગાંડાઓનું માનસ સમજવા જેટલી દુનિયાના માણસને કયાં નવરાશ હોય છે? આ પણ એક સમાજની સમસ્યા છે. આ વાર્તાથી શ્રી. ધૂમકેતુની લાગણીપ્રધાન નવલિકાનું સ્મરણ થાય છે.

'સોમવારની વ્રતકથા'માં રાજા તામસી રીતે મહાદેવની પૂજા કરે છે. પોતાને પોતાની ભક્તિનું અભિમાન છે; પણ ડોશીમા તો ભક્તિભાવથી શંકરની પૂજા કરે છે, રાજા ગામનું બધું દૂધ શંકરને ચડાવે છે. કોઈને પીવા દેતો નથી. એટલે જળાધારી દૂધે ઊભરાતી નથી. ત્યારે ડોશીમા ઘરનાં બધાંને દૂધ પાઈને પછી વાડકી દૂધ શંકરને ચઢાવે છે. એટલાંથીયે જળાધારી દૂધે ઊભરાય છે. આમ ખરી ભક્તિ અને સાચી સેવા તો લોકસેવા છે. બધાની સાથે સ્નેહથી વર્તે અને કોઇનું મન ના દૂભવે એજ ખરી સેવા છે, તે તેમાંથી જણાય છે.

'દુર્ગાલક્ષ્મી'ની વાર્તામાં એક ગુણિયલ ગૃહિણીની અથવા ખરૂં કહીએ તો પુત્રવધૂ સાસરિયાનાં સમભાવ વગર મોટા કુટુમ્બમાં હીજરાય છે. ભણતા વરની વહુ તરીકે તેનું સ્થાન કુટુમ્બમાં ઓશિયાળું રહે છે. 'સરસ્વતીચન્દ્ર'માંની 'ગુણસુન્દરી' બનવા મથતી દુર્ગાલક્ષ્મી, વરને ભણવામાં અનુકૂળતા કરી આપે છે. છતાં વરની ગેરહાજરીમાં દુર્ગાના દુઃખનો અને મહેણાં ખમવાનો આરો આવતો નથી. એ

દુર્ગાના જિવનનો કરુણ અન્ત આવે છે. તેના વ્હાલસોયા પતિના દુઃખનો પાર રહેતો નથી. એ સન્યાસી થઇ જાય છે !

હિન્દુ સંયુક્ત કુટુમ્બના જિવનનું ચિત્ર આલેખતી આ વાર્તા આપણને વિચાર કરતાં બનાવી દે છે. વહુનું અથવા ગૃહની લક્ષ્મીનું ઘરમાં સ્થાન કયું ?

'પિંજરનાં પંખી'ની વાર્તામાં નવ વર્ષ સુધી ચકલી પાંજરામાં પૂરાઇ રહે છે. અને જ્યારે એને છૂટી મૂકે છે—એને સ્વતંત્ર કરે છે, ત્યારે એ મરણ પામે છે! વર્ષો સુધી પરતંત્ર રહેલા માનવીથી સ્વાતંત્ર્ય જીરવાતું નથી. પણ માનવીનું બન્ધન અતૂટ છે, એ તો મૃત્યુ સાથે જ તૂટે છે, ચકલી સાથે આપણું માનવજીવન સરખાવવાનું મન થાય છે. વાર્તા રસિક અને બોધદાયક છે.

'મા'ની વાર્તામાં માનું વાત્સલ્ય કેવું હોય છે, તે સુંદર રીતે બતાવ્યું છે. પ્રતિભા અને પ્રતાપ એક બીજાને ચાહે છે. પ્રતાપ પરગામ કોલેજમાં ભણવા જાય છે અને ગરીબ પ્રતિભાને ભૂલી જઇ એક શ્રીમન્ત કન્યા સાથે તે પરણે છે.

પ્રતિભા આથી બહુજ નારાજ થાય છે; અને એક બીજવરને પરણી સાસરે જાય છે. ઓરમાન છોકરાંને સ્નેહથી પોતાનાં કરી લે છે. પરણીને આઠ વર્ષ થયે પ્રતિભા વિધવા બને છે. પ્રતાપ પરણ્યા પછી બે વર્ષે છૂટા છેડા લે છે. પ્રતાપ એક દિવસ વરસાદમાં પ્રતિભાના ઘર આગળ અજાણતાં આવી ચડે છે; અને પછી એને ત્યાં વારંવાર આવે છે. થોડા દિવસ પછી પ્રતાપ પ્રતિભા પાસે પરણવાની માગણી કરે છે. પણ પ્રતિભા છોકરાંને તરછોડી પરણવાની ચોખ્ખી ના પાડે છે. અને કહે છે 'પ્રતાપ ! તહમારી પ્રતિભા તો ક્યારનીયે મરી ચુકી છે! હવે તો માત્ર આ બાળકોની મા જ જીવે છે.' દરેક સ્ત્રીમાં જનનીનો અંશ હોય છે, એ માતૃત્વના ઝરા આગળ બીજા બધા પ્રેમ સ્વાર્થી અને મતલબી લાગે છે. છૂટા છેડા અને સ્નેહલગ્નની

છૂટથી આપણો સ્ત્રીસમાજ સુખી થાય છે કે દુઃખી એ પ્રશ્ન પણ આ વાર્તા વાંચ્યા પછી આપણને થાય છે.

'અતૃપ્ત લાલસા'માં સ્ત્રીઓને ઘરેણાંનો મોહ કેટલો હોય છે, તે બતાવ્યું છે; પણ એ મોહ પતિના સ્નેહ અને બાલકના નિર્દોષ પ્રેમ આગળ ક્ષણમાત્રમાં જતો કરે છે. સાચું આરોગ્ય અને પ્રેમ ભાવનામાં છે; બહારના ડોળડમાકમાં નહિ.

*　　*　　*

આ સંગ્રહનો સારો સત્કાર થશે તો આવા બીજા સંગ્રહો પણ બહાર પડી શકશે. છપાઈમાં કેટલાક જોડણીના દોષો રહી જવા પામ્યા છે, તે પહેલો પ્રયત્ન જોતાં દરગુજર કરવા જેવું છે.

પ્રકાશકે 'સૌભાગ્ય'ના નામ પ્રમાણે જ 'સૌભાગ્ય'નું જ મુખપૃષ્ઠ બનાવ્યું છે, તે યથાર્થ છે; અને સૂચક છે.

અન્તમાં લાઠીના 'સ્વાશ્રયી લેખક મંડળ'ના સંચાલકોને તેમના આ પ્રયત્ન માટે અભિનંદન ઘટે છે.

ચૈતન્ય ધામ, પ્રતાપગંજ : વડોદરા.
સંવત ૧૯૯૬ અષાઢસ્ય
પ્રથમ દિવસે

} સૌ. શ્રીમતી મજમુદાર

અખંડ સૌભાગ્ય

[વસંતતિલકા]

નવરંગ ઉષા નવલું રૂપાળું.
સત્પ્રેમ પીયુષરસે રસાળું,
ગંગા યમુના સમ નિત્ય ન્યારૂં,
અખંડ સૌભાગ્ય હજો તમારૂં !

વસંત શું સુમનવાસ પ્રસારનારૂં,
શીળું મધુરું સુખપૂર્ણ પ્યારું,
એવું શશી ને સૂર ઊજિયારૂં,
અખંડ સૌભાગ્ય હજો તમારું,

રતનબા ચાવડા

સૌભાગ્ય રેખ

ધરતીને ખોળલે ખીલી તળાવડી,
કુમુદીની વેલ ઝૂલે, જી રે;

આઘેરા કાંઠડે પ્રકૃતિ ઉતરી,
ઉભી તળાવડી ઉરે, જી રે;

ભાલે ચન્દા ને એને ગાલે ટીલડીઓ,
ચળકે ને રુમઝુમ ચાલે, જી રે;

મારી મઢૂલીએ શાનાં અજવાળીયાં ?
—સોહે સૌભાગ્ય રેખ ભાલે, જી રે;

સાળુ સંકોરતી નીરખવા નીસરી,
હું યે તલાવડી તીરે, જી રે;

જોયું ઊંડાણુમાં મારૂં ય મુખડું,
જોયું પ્રતિક–બિમ્બ નીરે, જી રે;

દૃષ્ટિની પગથાર બાંધી સલિલમાં,
હૈયાં હુલાવવા બાંધી, જી રે;

ત્યાં તો તિમીર ઘેરી આવી વાદળીઓ,
પ્રકૃતિને મુખ લાધી, જી રે;

ઘેરાતી રાતડી ઘેરાતી આંખડી,
ચેતન–દીપ પ્રગટાવ્યા, જી રે;

ટમકે સૌભાગ્યની રેખ દિગન્ત શી,
બ્રહ્મ–બ્રહ્માંડ ઉજાળ્યાં, જી રે;

સૌ. ભાનુમતી દ્વિવેદી

અખંડ આયુઃ હો !

[અંજની ગીત]

સ્નેહ સુધાના સરવર આરે,
મઘમઘતા મધુવનને ક્યારે;
પ્રેમલ–પરિમલની ફૂલમાળે,
જીવન રસિયાં હો !

કૃષ્ણ તણી બંસીને ગાને,
હૃદય રહો રાચંતાં તાને;
જીવન–તરૂને પાને પાને
મીઠપ પાંગરજો !

અંતર જ્યોત–ઝલક વિલસજો !
જીવન રસ–રંગે રસબસ હો !
સૌમ્ય શીળી લ્હેરે અમીરસનો
સાગર લ્હેરાજો !

મંગળ ને મીઠલડે મધુરવ,
ગુંજી રહો ! ગરવાં ગુણ ગૌરવ;
નિર્મળ ઉજ્જવળ ને અવિચળ તવ
અખંડ આયુઃ હો !

રતનબા વી. ચાવડા

વાંચ્છના

૧

ક્યારે સુંદરશ્યામ મુખ નમણું
નયણાં ભરી નીરખું હું ?
ક્યારે નિશદિન નયન સમીપે
એ દરશ રાખી શકું હું ?

૨

ક્યારે કુમળાં ચરણતલની
ચરણ રજ થઇને રહું હું ?
ક્યારે એ પ્રિય ચરણદ્વયને
ચિત્ત ચાંપી લઉં હું ?

૩

ક્યારે સુરસ અધર ચુમતી
બંસરી થઇ નીઝરૂં હું ?
ક્યારે એના સુખદ શ્વાસે
સૂર ઉરે ભરૂં હું ?

૪

ક્યારે એને હૃદય રમતી
ફૂલમાળા બનું હું ?
ક્યારે એમ સમાઈ ઉરમાં
એ અદ્વૈતે શમું હું ?

"પ્રસૂન"

વીરાને

રે જીવન જોજે વીરા,
છે ઇન્દ્ર ચાપના રંગ મધુરા.

પળ પળ નીરખી લે સુંદરતા,
અસ્થિર રંગ એ અધ્રુવ સદાના.

ધ્રુવ સદા વીર લેને ખોળી,
ઉર ઇર્ષાને દે વીર હોમી,

રચ કવિતામય જીવન વ્હાલા!
ઝંઝાવાત ભર્યા જગલ્હાવા.

પ્રેમ દયા ભર હૃદયપાત્રમાં
બજવી અંતરના એક તારા

જ્યોત જગાવી આત્મભાવની,
ઉર અંધારા દે તું ટાળી.

ગિરિશૃંગો સરખાં ઊંચા છે,
બ્હેની દીલે આસન વીર ત્હારાં.

યશોદાબહેન માલવીયા

અમૃતના ઓધ

અમૃતનાં ઓધ, જીવન અમોધ.
ઉછળે આંગણીએ અમૃતનાં ઓધ.

ઝીણી ઝીણી તારલીએ આંગણાં લીંપ્યાં છે.
આછી આછી વાદળીએ ચોક આ પૂર્યાં છે.

ફૂટી મધુરી ત્યાં જીવન-જ્યોત,
આજ મ્હારે આંગણુ અમૃતનાં ઓધ-અમૃતનાં ઓધ

નવજીવન સૌરભભરી લલિત હસિત સુર લ્હાણુ
ઉષા નવ રસ ફૂલડે ફોરે છે નવ પ્રાણુ.

એનાં ફૂલડાંની ફોર, ચિત્તડું ચકોર,
મહેકે મન્દિરિયે ફૂલડાંની ફોર;

અહા! અમૃતનાં ઓધ જીવન અમોધ,
પ્રાણુને પરથાળ ઢળ્યાં અમૃતનાં ઓધ.

મંગલ દિન મંગલ ઘડી મંગલ ભાગ્ય સુહાય,
ઉન્નત--નત ભાવે ભરી આશ ઉર્મિ છલકાય.

એવી અમૃતની છોળ થાઉં રસબોળ,
ઉતરે અરુણુ આભ ઝાકમઝોળ;

અહા અમૃતનાં ઓધ જીવન અમોધ,
ચેતનને થાળ ભર્યાં અમૃતનાં ઓધ.

પદ્માવતી દેસાઇ

સાગર રાણો

કેમ કરે તોફાન સાગર રાણા કેમ કરે તોફાન
ધીર ગંભીર ગણે જગ તુજને
ક્ષાર ભર્યા રસરાજ... સાગર રાણા

વિધુ ઉર વ્યોમ સમાવી સમાવી
ઘેલો બને મસ્તાન... સાગર રાણા

જાતાં સખો તુંજ ચિર સ્નેહી એ
ઉર થતું જ ઉદાસ,
ત્હારા દિલે ઓટ સુજાણ... સાગર રાણા

પ્રેમ ભર્યા ઓ સાગર રાણા
સ્નેહના શીખવ પાઠ... સાગર રાણા

સર્વ સમાવે તુજ હૃદયે તું
સાર અને અસાર
આપે સાર છતાં તું ઉદાર... સાગર રાણા

સ્નેહતણી રચતાં રૂડી હોડી
ઉતરી જાશું પાર... સાગર રાણા

યશોદાબ્હેન માલવીયા

માનાં હેત

આભે ઉજળી ચાંદની શીળી સુહાય

ઉજળી અંતરમાં રે
મીઠી મારી માવડી હોજી.

અવનિમાં અણમૂલી રે
પુનિત એની પ્રીતડી હોજી
પ્રાણ પાથરતી થોડી થોડી થાય–ઉજળી.

નેહ નીતરતા રે
નિરૂમળા નેણલે હોજી
હૈયું એનું હરખભર્યું ઉભરાય–ઉજળી.

હુલામણે હલકતાં રે
ગરવાં રૂડાં વેણલાં હોજી
સૂણતાં મારૂં મદભર મન મલકાય–ઉજળી.

હેત ભરેલા રે
હાથડીઆ માથે ફરે હોજી.
આશિષ ઉરના ઉજળા અખંડ વરસાય–ઉજળી.

માગ્યાં અણમાગ્યાં રે
ધાર્યા પુરાં પાડતી હોજી
રંક કને જેમ જતન રતન તણાં થાય–ઉજળી.

સ્મરણે લહરાતું રે
હૈયું મારું હીંચતું હોજી.
પળપળ મારા પ્રાણ પ્રફુલ્લિત થાય–ઉજળી.

જગથી અનોખી રે
અનુપમ એની જાતડી હોજી
પ્રાણ ઓવારૂં તોય ન પાર પમાય–ઉજળી.

રતનબા ચાવડા

રૂપ દર્શન

[ઢાળ-શ્રી ગોકુળ સાસરીએ જાવું]

વહાલાં મુખ મોહન મનહરણાં,
ઠરે નેણાં રૂપ નિરખી નમણાં-વહાલાં

મુકુટ મણિ રત્ન જડીત ઝળકે,
માથે મોર પીંછડલા ફરકે;
ઝૂલે વાળ ભાલે વાંકડીયાળાં-વહાલાં

કૌસ્તુભ મોતીહાર ને ફૂલમાળા,
કુંડળ બાજુ બંધ કટી મેખળા,
નવરંગ અંગ અંબર અણમૂલાં-વહાલાં

મધુરવ ઝાંઝરિયાં ઝમકે,
ઠમકતી ચાલ તણે ઠમકે,
લેરખડા લાલજી લટકાળા-વહાલાં

વસી વેણુ લાલ સુરસ અધરે,
વિવશ થયું મન મુખ મરકલડે;
વારી જાઉં રૂપ જોઈ રઢિયાળાં-વહાલાં

રતનબા ચાવડા

કલિયુગનાં ઝાડ

[હો માલીડા આ શેના તે ઝાડ છે...એઢાળ]

હો સંસારી આ શેના તે ઝાડ છે?
શેનાંએ નથી એ તો કર્મનાં ઝાડ છે
બે કર્મ ધોળાં ને બાર કર્મ કાળાં...હો સંસારી.

શેનાંએ નથી એ તો બોલીનાં ઝાડ છે
બે બોલ સારા તો બાવીસ નઠારા...હો સંસારી

શેનાંએ નથી એ તો ફળોનાં ઝાડ છે
બે હોય મીઠાં બત્રીશ થાય કડવાં...હો સંસારી

શેનાંએ નથી એ તો સાધુનાં ઝાડ છે
બે બન્યા ભજવા બેતાલીસ બન્યા ઠગવા...હો સંસારી

શેનાંએ નથી એ તો માનવીનાં ઝાડ છે
બે હોય રહેમી બાવન હોય ઝેરી...હો સંસારી

શેનાંએ નથી એ તો દેહીનાં ઝાડ છે
બે નિરોગી બાસઠ હોય રોગી...હો સંસારી

શેનાંએ નથી એ તો લગનીનાં ઝાડ છે
બે હોય યોગી બોંતેર હોય ભોગી...હો સંસારી

શેનાંએ નથી એ તો વૃત્તિનાં ઝાડ છે
બેમાં સુબુદ્ધિ બ્યાશીને કુબુદ્ધિ...હો સંસારી

શેનાંએ નથી એ તો વૃત્તિનાં ઝાડ છે
બે નિઃસ્વાર્થિ તો બાણું હોય સ્વાર્થિ....હો સંસારી

શેનાંએ નથી એ તો ધર્મનાં ઝાડ છે
મૂળ હોય મીઠાં અધિક ફળ મીઠાં....હો સંસારી

લેખિકાઃ કુ. ઠી. રાણા
C/o તંત્રી 'શારદા' ચોરવાડ.

કૃષ્ણ અર્જુન સંવાદ

[પારસ પીંપળા હેઠ જોગીડો રમે જુગટે રે માણારાજ...એ ઢાળ]

"વિનવું કૃષ્ણ કૃપાળ રથને રાખો મધ્યમાં રે મહારાજ
નિરખું સૈન્યોને આજ પાંડવ કૌરવ પક્ષના રે મહારાજ"
વચન સાંભળી વાસુદેવે રથને રોકયો એ સ્થળે રે મહારાજ
કૌરવ યોદ્ધાઓ જોઈ અર્જુન વદ્યો એ પળે રે મહારાજ
"દુષ્ટ દુર્યોધન રાખે ભલે આ રાજ્યને રે મહારાજ
લઇ ભડવીરોનો ભોગ શું કરવો એ તાજને રે મહારાજ
કાકા, મામા, દાદા, ભાઈ, ભત્રીજાને કેમ મારૂં રે મહારાજ
ગુરૂ, ગુરૂઅનુજ, આચાર્ય સંહારૂ એ નહીં સારૂં રે મહારાજ
જ્ઞાન ગંગાજળ પાતા ગુરૂ પુરા પ્રેમથી રે મહારાજ
અમી રૂપી મેહ ભીષ્મ વરસાવતા સ્નેહથી રે મહારાજ
કરતા અમે આનંદ અનેરા ઉમંગમાં રે મહારાજ
ખેલતા બાલુડા ખેલ કૌરવ કેરા સંગમાં રે મહારાજ"
સવ્ય સાચી કેરો શોક શામળીઓ સમજી ગયા રે મહારાજ
મનમાં વિચારીને વાત સુશબ્દો કૃષ્ણે કહ્યા રે મહારાજ
"નામ તેનો સદા નાશ નિશ્ચય તે માનજે રે મહારાજ
જન્મ મરણ જગમાં જરૂર આવે જાણજે રે મહારાજ
શુરા તને આ કાયરના શબ્દો નથી શોભતા રે મહારાજ
તારા હાથે હથીયાર આ છે સદા ઓપતા રે મહારાજ
મારૂં માની યુદ્ધ આરંભ મિત્ર મહારથી રે મહારાજ
શત્રુ તારા સૌ સંહાર સંબંધીની સહાયથી રે મહારાજ
મારી મુકયા છે મેં સર્વનિમિત માત્ર તું થશે રે મહારાજ
વારે વારે વંદુ વીર જરૂર તારૂં દુઃખ જશે રે મહારાજ."

લેખિકા : કુ. ડી. રાણા C/o તંત્રી શારદા : ચોરવાડ

સ્વપ્ન દર્શન

હરિ આવન કી અવાજ,
મધૂર મધૂર તવ પગરવ વાજે,

નુપૂર કે ઝણુકાર,
હરિ આવન કી અવાજ.

સ્વપને મે જબ......
સ્વપને મે જબ પાતી હું

દરશ કનૈયા કા......
તબ ઉનકે ચરનન મે ગિરતી હું હરિ આવન—

હરિ રાખત મેરી લાજ......
હરિ આવન કી અવાજ.

કુમારી એમ. ચૌહાણ

કૈસી નિવારૂં ?

["માલકોસ ત્રિતાલ"]

"ધરી, ધરી દેખું રાહ તુમ્હારી–મેરે મુરારી
ચમકત, ચમકત દેખન લગી મૈં
કહાં છીપે હો શ્યામ બિહારી ?—ધરી-ધરી

પાય પૈજનીયાં રૂનઝુન બાજત
કૌન ગલીસેં આતે મુરારી ?—ધરી-ધરી

તુલસી બનમેં યા મંદિરમેં ?
હારદે જમન ક્યોં ન બુઝાતે મુરારી—ધરી-ધરી

અબ ન ધીર, મેરા મન મુંઝાવત
ઇન્દુ કૈસી નિવારૂં પ્રેમ કે વારી ?—ધરી-ધરી

સૌ. ઇન્દુમતિ દેસાઇજી

કન્હૈયા

ચાલને કન્હૈયા વ્હાલા ન્હાવાને જાઇએ
ઝીણો, ઝીણો મેહુલો વરસે —ચાલને

આભે ચમકે છે કાન્હા વીજળીની ચુંદડી
તારલાએ માંડી સંતા કુકડી —ચાલને

હરીઆળી સોહે વ્હાલા વ્રીજની એ વાટડી
મયુરે માંડી છે જોને કેલિ —ચાલને

દાદુર શબ્દ કરે કોકિલા ટહુકતી
ભીંજીશ ના, નાથ, મ્હારી ચુંદડી —ચાલને

આવી છું છાની–છાની ભૂલી ઘર વાટડી
શરણે લે નાથ, ઇન્દુ રાંકડી —ચાલને

સૌ. ઇન્દુમતિ હ. દેસાઇજી

શ્યામ

મૈં તો સુમિરન કરૂં શ્યામ તોરા રે
તુલસીકી માળા લેકર જપુંગી
રામ-કૃષ્ણ મમ પ્યારારે—મૈં તો—

હીરકી સાડી, મોતીયનકી માળા
સોના રૂપા સબ ટાળારે—મૈં તો—

શ્યામ જપુંગી મૈં તો રામ જપુંગી
લોક મરજાદા સબ ટાળા રે—મૈં તો—

રજનિ મૈં જાગું હરિ સંગ રાચું
દર્શ પાવું ગિરિધારા રે—મૈં તો—

શ્યામ ભજનકો જનમ ધરો હૈ
ઇન્દુ, ચરનકમળ ચિત્ત ધ્યાવારે—મૈં તો—

સૌ. ઇન્દુમતિ હ. દેસાઇજી

મોહનને આમંત્રણ

મોહન મધુર બંસી, ફરીથી સુણાવી જાને
સંતાન ભાન ભૂલ્યાં, સ્વર દિવ્ય રેડી જાને.

હો કર્મયોગી શાણા, ભારત રણે ચઢીને,
એ કર્મયોગ પાઠો, અમને પઢાવી જાને.

મધુવન સુના છે માધવ, ધેનુ સુની પડી છે
સંન્તામ સર્વ મૂકી, છૂપાઇ ક્યાં ગયો કહે.

હો ભક્ત પ્રતિપાલક, તું ભક્તનો છે સાથી
તેં ભિષ્મની પ્રતિજ્ઞા, નિજ ભક્ત જાણી પાળી.

યદુકૂળ તણા હો ભૂષણ, કુળ કંસના વિનાશક,
રક્ષી સદાય સાધુ, ને દુષ્ટજન વિનાશક.

વસુદેવ સુત મોંઘા, યશોદાના આત્મ દિવડા,
અમ શું ભારતીના, અણુમોલ રત્ન વિરલા,

આવી જગાવો ચૈતન્ય, તમ વિણ સુનું ભારત,
આવો કલા રસિક હો, ઉદ્ધારવાને ભારત,

સંગીત સ્મિત તહારાં, ને દિવ્ય પ્રેમ જ્યોતિ
કાંઈ દિવ્ય સ્વરો રેલી, બંસી મૂકી દે વહેતી.

યશોદાબહેન માલવીયા

કન્યા તેજ પૂતળી

પ્રેમ ભરી મ્હારી તેજલ પૂતળી,
દુહિતા વાદળી વ્યોમની રે,

શશિ લેખા સમ તેજ ભરેલી
શીતળતા ધરનારી રે.

ઉર આલ્હાદિની અમૃત વર્ષિણી
કન્યા ગૃહની અતિથિની રે.

પ્રેમ ત્યાગ સેવા તુજ જીવન,
હસતી રમતી હરિણી રે.

દેવને દુર્લભ તપસ્વી જીવન,
ત્હારા ભાગ્યે બ્હેની રે.

મેધાવિની રસવેલડી બાળકી
ભાનુ સમી તેજસ્વીની રે.

જ્વલંતતાથી પ્રેરક બળ બની,
બનજે ભાગ્યવિધાત્રી રે

પ્રજ્ઞા કર ધર વિણા જ્ઞાનની
વેદઋચા ગા બ્હેની રે.

ખેલતી કુદતી ગાજતી રાચતી
શક્તિમયી તું તેજની રે

નૃત્યે સર્જતી કાવ્ય કળાને
કલામૂર્તિ મમ બ્હેની રે.

યશોદાબહેન માલવીયા

નંદના છૈયા

"હોરો આવને નંદના છૈયા
હો રંગભેર રમીએ —હોરો.

હું રે રાધા ને તું નંદકિશનજી
અંતરના તારે બંધાઇએ. હો રંગભેર રમીએ—હોરો.

વૃંદાવનની હરિઆળી કુંજમાં
પ્રેમ હીંડોળે ઝુલઇએ હો રંગભેર રમીએ—હોરો.

શરદ્ પુનમની રજનિ છે વ્હાલમાં
સખીઓને આનંદ દઈએ હો રંગભેર રમીએ—હોરો.

આવી છું ભુલી, સંસારના બંધને
દિન ઇન્દુને શરણમાં લઇલે હો રંગભેર રમીએ—હોરો.

સૌ. ઇન્દુમતિ દેસાઇજી

'વસંતરાજ શ્રીકૃષ્ણ'

"વિના વસંતરાજ, વસંત ગઇ મોરી,
ફાલી, ફુલી વનરાઈ, કોકિલ શબ્દ બોલી—વિના.

વન, વન કુંજનમાં મોર કરે કેલિ,
પપિહા પુકારે પીહુ પીહુ કરી—વિના.

આભની અટારીએ તારલી ઝુલાવી,
એ આભના છો ચંદ્રરાજ, ચંદ્રિકા દીપાવી—વિના.

ઋતુ વસંત આવી-ગઈ અંતર જળાવી,
વિના ગોપાળલાલ વ્યાકુળ બની રહી—વિના.

આવો, આવો નાથ, નવ વસંત ખીલાવી,
અંતર મ્હારે દો સ્નેહજ્યોત પ્રગટાવી—વિના.

મમ તન-મનના રાજશ્યામ બંસરી બજાવી,
આવો, આવો વસંતરાજ ઈન્દુના મુરારી"—વિના.

સૌ. ઈન્દુમતિ હ. દેસાઇજી

જોગીરાજને

ઉભા જો રહો જોગીરાજ, તો જીવનની આંટીઓ ઉકેલશું.
વસમા ચઢાણ જોગીરાજ, કર ગ્રહીને સહેજે ઉતરશું.
સાધીશું સાધના હો રોજ, ત્યાગ તપ જીવને વણીશું.
જીવન સિદ્ધ અર્થ પ્રાણ, સુખડાં સર્વે તજીશું
વનના વિલાસે જોગીરાજ, શીળાં સિંહાસનો સરજીશું
આભને મોભે બાંધીશું દોર, વિરાટ શો હિંચકો રચીશું.
ઝુલીશું પ્રાણ પ્રાણ સાથ, પ્રેમભર્યાં ખેલનો ખેલીશું.
પ્રકૃતિના સાજે સોહાણ, જીવનના સંગીત આલાપશું.
આત્મતત્વ માત્રા અમુલ્ય, જીવનના રોગો હરીશું
ભુલી જગત પરિતાપ, યોગીરાજ હસતાં હસવશું.
નૈરાશ્યે ઘેર્યાં જળબાળ, અંક લઇ તેજલ બનાવશું.
જીવન સમાધી જોગીરાજ, સિદ્ધ કરી દેશે સિધાવશું.

યશોદાબ્હેન માલવીયા

ચાંદાને દેશ

પ્રિય ચાલને તું ચાલ નભગંગાને કાંઠડે
ચુંટી આભ કમલ નેહે, ગૂંથી માળ રૂડી સ્નેહે,
શશીરાજ કંઠ સ્નેહે સોહાવશું.

રમશું ચંદ્ર કિરણ સંગ, ભરશું આભમાં ઉમંગ,
રૂડા વ્યોમના વિલાસે વિહારશું.

ગુંથી કરકરમાં પ્રાણ, પાંખ સાથે ફરકાવશું
જોશું ચાંદાનો દેશ, જોશું ચંદ્રિકાના હાસ્ય,
દેશ રોહિણીપતિનો નિહાળશું.

આભગંગાના સ્નાન, કરી અમૃતનાં પાન,
શીળી ધરણીના ખોળે વિરામશું.

યશોદાબ્હેન માલવીયા.

દીવો

વ્યોમના તારલા વિશ્વમાં ઝબકે,
ઝબકે તારા મારે દીવે રે એની,
વિશ્વમંદિરિયે તારલા ઝબકે !

વિશ્વ આંગણિયે તણખા ઝળકે :
ઝળકે તણખા મારે દીવે રે એની,
વિશ્વમંદિરિયે તણખા ઝળકે !

દીવડાની જ્યોત વિશ્વમાં પ્રકટે,
પ્રકટે એવી મારે દીવે રે એની,
વિશ્વમંદિરિયે જ્યોત એ પ્રકટે.

અંધારી રાતે દીવડા ચમકે :
ચમકે દીવો મારે હૈયે રે એની,
વિશ્વમંદિરિયે દીવડા ચમકે !

વ્યોમના તારલા વિશ્વમાં ઝબકે :
ઝબકે તારા મારે દીવે રે એની,
વિશ્વમંદિરિયે તારલા ઝબકે.

"શાન્તિ"

આંબલાની ડાળ

આંબલાની ડાળ,
આંબલાની ડાળ,
મ્હોરી રહી મારી આંબલાની ડાળ !

કોકિલાને કંઠ,
કોકિલાને કંઠ,
ગીત ધીમું મીઠું કોકિલાને કંઠ !

ફૂલડાંની વેલ,
ફૂલડાંની વેલ,
ઝૂલતી અનિલમાંહ્ય ફૂલડાંની વેલ !

આવો આવો બ્હેન,
આવો આવો બ્હેન,
ઝીલવાને નીર જીવનસાગરે હો બ્હેન !

—'शान्ति'

જગ–કથીર

મૈને છૂપા લીયો, છૂપા, લીયો કન્હૈયો
છૂપા લીયો, છૂપા લીયો, મનકો લગાય લીયો—મૈને.

યુગ–યુગસેં બિસર રહીથી નાગકે નચૈયો
નયન મિલાકર વે આ ગયો સાંવરીયો—મૈને.

હીરદે પટ ખોલકર બૈઠા દીયો કન્હયો
મુખકો મુસ્કાતે મેરા ચિત્તકો ચુરાલીયો—મૈને.

મોર મુગટ ઔર કુંડળ કાનનકો
બંસરીકો લેકર, વે આ ગયો શ્યાંવરીયો—મૈને.

સખી, અબ ખોજું કયા મૈં ? દિનનનાથ આ ગયો
જવહર કમાઇ, ઈન્દુ જગ–કથીરકો છૂડા દીયો—મૈને.

સૌ. ઈન્દુમતિ હ. દેસાઇજી

સાજનીયા

કાહે હો કરત તૂમ શોક? સાજનીયાં, તૂમારે દિલમે
ઘરી-પળ હોત ન દૂર સાજનિયાં તૂમારે દિલમે. કાહે—સાજનિયાં
કાહે બિન્દ્રાબન? કાહે મથુરાં? ગોકુળ તેરે હીરદેમે—સાજનિયાં
ગિરિ-ગવ્હરીમે ઢુંઢત કાહે? કાહે હો મધુબન?—સાજનિયાં
મોરમુગટધર, પટ પીતાંબર, કુંડળ ઝાકમઝોળ—સાજનિયાં
હીરદે લગાયે, મૈંને·પ્રેમકે હીંડોળે, શ્યામ ઝુલત રાધાસંગ—સાજનિયાં
નયનોમે બસ ગયો. હીરદે લીપટ ગયો,
ઇન્દુ રોમ રોમ શ્યામ બસંત—સાજનિયાં

સૌ. ઇન્દુમતિ હ. દેસાઇજી

પનિહારી

[રાગ. મંદિર દ્વારે પૂજારણુ એ]

યમુના ઘાટે જળ ભરવાને,
સાહેલી સહુ જાતી, ઉર હરખાતી રે;
જાતી જળ ભરવા ! ૧

મોતી ભરેલી ઇંઢોણી ઉપર,
કંચન બેડલુ ચળકે, કિરણો ઝળકે રે;
જાતી જળ ભરવા ! ૨

પાયે નેપુરને હાથે કંકણુ,
ભાલે ટીલડી સોહે, મનડું મોહે રે;
જાતી જળ ભરવા ! ૩

નવરંગ ચુંદલડી ભીંજાતી,
બંસીના સુર વાગે, ઉર અનુરાગે રે;
જાતી જળ ભરવા ! ૪

કૃષ્ણુ-દર્શને નેહ નયનમાં,
વદને ઓજસ ઝળકે, સ્મિતડાં મલકે રે;
જાતી જળ ભરવા ! ૫

સૌ. ધનિષ્ઠા મજમુદાર

વાદળી

[કોટી કોટી દ્વારા જ્યોતિ ઝબકાર......એ ઢાળ]

આવે આવે વરસીને ચાલી જાય
કાળી કાળી વાદળીયો.

લાવે લાવે ભરીને વારિ માંહ્ય,
કાળી કાળી વાદળીયો.

ક્યાંથી આવ્યાં ને તમે ક્યાંરે જવાના,
પુછું પ્રવાસી બ્હેની હો.
કાળી કાળી વાદળીયો.

સાગરમાંથી વરાળ રૂપ થઇ,
ચઢીયાં આભને મીનારે હો,
અમે જળ ભરી વાદળીયો.

દેશ દેશ ઘુમતાં ને વનવન ફરતાં,
વચમાં વિસામો લેતાં રે
અમે જળ ભરી વાદળીયો.

ચાંદાને ઢાંકતાં ને સુરજને ઢાંકતાં,
ઘડીક તારલા છુપાવતા હો,
અમે જળ ભરી વાદળીયો.

અશાઢ મહીને આભલે છવાતાં,
ઝીણી ઝીણી ધારે વર્ષતાં રે,
અમે જળ ભરી વાદળીયો.

પૃથ્વી પરે અમે અમૃત રેલાવીયાં,
સૃષ્ટિ સજીવન કીધી હો,
અમે જળ ભરી વાદળીયો.

દૂર દૂર દેશના વાસી અમોરે,
દૂર દૂર દેશ હજી જાવાં રે,
અમે જળ ભરી વાદળીયો

સૌ. ધનિષ્ઠા મજમુદાર

•

વસંત

[ઉડી હવામેં જાતી હય ગાતી ચીડીયાં—એ રાગ]

આવી વસંત શું લાવી રે રૂડા સંદેશા રાજ,
આંબા ડાળે કોયલ ટહુકે ગાતી અનુપમ ગાન;
ઉપવન ઉપવન ખીલ્યાં પુષ્પો મંજરીઓ મહોરી રહી રે.
મધુરો મંદ અનિલ ત્યાં વાયે પરિમલ બહુ ફેલાય,
કુંજે કુંજે ભ્રમરો ઉડતા પુષ્પ મધુ ચુસવા ફરતાં;
ધીમું ધીમું ગુંજન કરીને પ્રેમ રસે ડુબતા.
વૃક્ષો વેલી પલ્લવિત થાતાં રમણીય શોભા છાઈ રહી,
વરણાગી કરી વસંત દેવી હસતે મુખડે આવી.

સૌ. ધનિષ્ઠા મજમુદાર

મોરલો

[મ્હારી ક્યારીમાં મ્હેક મ્હેક મહેકે—એ રાગ]

લાવી આપો એ મોરલો રૂપાળો હો રાજ,
મારૂં મન મોહ્યું મન મોહ્યું.
કરે મીઠો ટહુકો ટહુકારો હો રાજ,
મારૂં મન મોહ્યું મન મોહ્યું. ૧

મ્હારી તે વાટિકામાં, વૃક્ષો ને વેલડી
આવે છે મોરલો, સાથે છે ઢેલડી
હાં રે સોહામણો લાગે હો રાજ,
મારૂં મન મોહ્યું મન મોહ્યું. ૨

કળા કરન્તો રૂડી પીંછાં પ્રસારી
રૂપાળી કલગી ચાંદલા સોનેરી
હાં રે નર્તન્તો ગોળ ગોળ ફરતો હો રાજ,
મારૂં મન મોહ્યું મન મોહ્યું. ૩

ટહુકા કરી સુની વાડીઓ ગજાવતો
નિત્ય નિત્ય આવતો મનડું રીઝાવતો
કળા કરતાં મેં નાચતા દીઠો હો રાજ,
મારૂં મન મોહ્યું મન મોહ્યું. ૪

મોરલો લાવો તો રૂડું પિંજર ઘડાવું
મોરલાની ચાંચ હું તો સોને મઢાવું
હાં રે ન્યારી કલાધરની કલા હો રાજ,
મારૂં મન મોહ્યું મન મોહ્યું. ૫

સૌ. ધનિષ્ઠા મજમુદાર

મીઠડાં જળ ભરવા

[વનમાં વાગે છે કૃષ્ણ તારી બંસરી :]

આવો સાહેલી સહુ સરિતા કિનારે
મીઠડાં જળ ભરવા...આવો.

માથે ધરી બેડલું હાથે ઘડુલો
આછું આછું સુર્ય કિરણોથી ચમકે...આવો.

સાખી

આદર્શ ગૃહ નારીઓ...નિર્મળ જળ ભરીએ
જેવું નિર્મળ નીર છે....તેવું મન કરીએ

ક્લેશને કંકાસ મુકી આવો
નિંદાને દૂરદૂર ત્યાગો
ઉલ્લાસ દિલ ધારો
જલ ભરવાને ચાલો...આવો.

સૌ. ધનિષ્ઠા મજમુદાર

ગોવાલણ

[વસંત આવી ફુલડાં લાવી—એ રાગ]

દધીની મટુકી માથે ધરતી,
    ગોવાલણ મહિ વેચવા ચાલી !

ગોરસીમાંથી ગોરસ ઢળતું,
કાન કુંવરમાં ચિતડું રમતું,
    ભાન ભૂલી યમુના તટ જાતી...દધિની

કદંબ છાયે ક્હાનજી બેસી,
મોરલી વગાડે કેવી મીઠી ?
    જગત ભાન ભૂલાવે એવી...દધિની

બંસી બજાવે ગૌઆ ચરાવે,
વૃન્દાવનમાં રાસ રચાવે,
    એકતાનું ભાન કરાવે...દધિની

સૌ. ધનિષ્ઠા મજમુદાર

પૂર્ણિમાનો ચંદ્ર

[સીતા રામના સંતાન—એ રાગ]

ઉગ્યો પૂર્ણિમાનો ચંદ્ર
નભે પૂર્ણિમાનો ચંદ્ર
ચાલો હો બેન રાસ ખેલીએ!

રેલે ચાંદની શી મંદ
શીળી ચાંદની સુરમ્ય—ચાલો

સાખી

આભથી વર્ષાવતો જોને મીઠાં અમી!
રાત્રીના અંધારાં હરતો એ તેજથી!
ધીમું ધીમું ઘુમે
મીઠું મીઠું હસે—ચાલો

સાખી

ખીલતી કુમુદિની જળમાં પ્રિય દર્શથી
નીરખે રસનાથને અંતરે ઉમંગથી
કાંઇ ઘેલી થતી
હૃદય મંદિર મહિં—ચાલો

આવો સાહેલી સહુ ચાંદનીના ચોકમાં,
પૂર્ણિમાની રાત મહિં ગાવા કો ગીતડાં,
ચાલો રાસ ગઇએ
શશી ગુણ ગઇએ
ચાલો હો બ્હેન રાસ ખેલીએ.

સૌ. ધનિષ્ઠા મજમુદાર

ફૂલડાંની વાડી

વિકસાવે નવજીવન કુસુમ આ
ફૂલડાંની વાડી.

અર્પતા મીઠાં સુગંધી કુસુમો
જન ચીતડાને હરતી હાં
ફૂલડાંની વાડી—વિકસાવે......૧

ગુલાબી ગુલાબને મધુરો ચંપો
મીઠી સુવાસ પ્રસારે હાં
ફૂલડાંની વાડી—વિકસાવે.......૨

જળફુવારા ઊડતા વારી
સપ્ત રંગે મલકાતી હાં
ફૂલડાંની વાડી—વિકસાવે......૩

ભ્રમર ગુંજારવ કરતા પ્રીતે
પુષ્પપરે મોહી હાં
ફૂલડાંની વાડી—વિકસાવે......૪

મોંઘા ફૂલડાં મોંઘી વાડી
ફૂલ સર્જન કરતી હાં
ફૂલડાંની વાડી—વિકસાવે......૫

હર્ષ ભર્યાં આ ફૂલડાં વિકસે
રૂડી માળ ધરીશું કંઠે હાં
ફૂલડાંની વાડી—વિકસાવે......૬

સૌ. ધનિષ્ઠા મજમુદાર

નિમંત્રણ

[જનનીની જોડ સખી નહિ જડે રે લોલ]

પ્રભુજી પધારો અમ આંગણે રે લોલ
આંગણે વેર્યા છે ફૂલ જો—પ્રભુજી.

ઘોળ્યા છે અમિરસ પાન મેં રે લોલ
હૈડે ધરીને ઉલ્લાસ જો—પ્રભુજી.

મુજ રંક પાસે નથી આપવા રે લોલ
મોતી માણેક અણમુલ જો—પ્રભુજી.

હૃદયે ધરીને મીઠાં ભાવથી રે લોલ
સ્નેહે વધાવશું નાથ જો—પ્રભુજી.

પાવન કરો અમ ઝૂંપડી રે લોલ
દાસી પરે દયા લાવી જો—પ્રભુજી.

સ્વાગત સ્વીકારો અમ દીનના રે લોલ
ફૂલ તણી પાંખડી પ્રાણ જો—પ્રભુજી.

હર્ષે પ્રભુજી પધારશે રે લોલ
કુંમકુંમ્ થાળથી વધાવું જો—પ્રભુજી.

સૌ. ધનિષ્ઠા મજમુદાર

સુવર્ણ મોહિની

લેખિકા : દિવાળીબહેન વાલજીભાઇ ભટ્ટ

[મંદાક્રાન્તા]

ઘેરા ઘેરા જલધિ તીરના નાદ ગાજે મધુરા,
આવે મોઝાં ગિરિ ગિરિ સમાં લોઢના શા ઉછાળા !
સોહે છે ત્યાં મણીમય રૂડું ભવ્ય મંદિર એક
મૂર્તિ તેમાં ભગવતી તણી શોભતી છે અનેરી.
પાકેલાને કનકમય ત્યાં ભાતના થોક ઊભા !
પ્રાણી નાના, દિવસ રજની કોઈ આવી ન લેતાં !
શાન્તિ સઘળે મુદિત કર, ને માનવિ શબ્દ શૂન્ય !
ના આવે ત્યાં ઘર ઘર થતાં યંત્રના ચક્ર અન્ય ૮

ઘેરી ઝાડી મહીંથી વહતો માર્ગ એ શૂન્ય સ્થાન
ધાતુ દ્વારો હરદમ ઊભાં રક્ષવા પૂણ્ય ધામ;
વ્હેતું વારિ જલધિ પડછંદના છંદ ગાતું,
બે ભરતીથી દિવસ ભર એ ખૂબ ઉંચે ચઢન્તું;
ઘેરો વાયુ ઘન સુસવતો વાય નૈઋત્યમાંથી
પ્રેરે રૂડાં ચરણ યુગલે વારિને જોસમાંથી.
દેવી ઉભાં ! અચલ ચરણો શોભતાં છે સુરમ્ય,
ના ચળતાં એ નિજ થળ થકી જોઇ તોફાની નૃત્ય ! ૧૬

ન્હાના એવા ખડક પરથી જલધિ સંગિત ગૂંજે,
રાણી કેરી સ્ફટિક મૂર્તિ ઓપતી દીવ્ય તેજે;
આજુ બાજુ લટકી રહી છે વસ્તુઓ મૂલ્યવાન,
જે ભક્તો એ ધરી ચરણમાં પામતાં હર્ષદાન;

ને દેવીએ પૂર્ણ કીધી વાંચ્છનાઓ સહુની,
આપી રાજ્યો ધનવિભવને ભક્તિ સાચી પ્રજાની;
પામી રાજ્યો વિસરી નૃપતિ જાય છે ઇષ્ટિ પૂજા,
ભૂલી જાવું હિતકર સહુ સૃષ્ટિમાં છે નિયમ જ્યાં ૨૪

ને ત્યાં આવ્યો "શશિવદન" છે, અર્પવા ભેટ તેની
પૂજારીનાં નયન ઉઘડયાં જોઇને દીપ્તિ તેની;
જે જે વસ્તુ હતી તહીં પડી સર્વથી શ્રેષ્ઠ તેમાં—
તેથી એ તે અધિક કિંમતી ને કલાપૂર્ણ છે ત્યાં:
આર્યોનાં સૌ અજબ શમણાં રેશમી વસ્ત્ર પર છે
ને કહેણી ત્યાં ચિતરી ઉપરે રંગની છોળ ત્યાં છે,
દર્શાવે છે, વિફળ જડતા માનવી મૂર્ખતાની,
આરિસાઓ ચળક ચળકે યોગ્ય ભેટો નૃપોની! ૩૨

ને ઊભો તે જલધિ કન્યા પાસ બે હસ્ત જોડી,
જેની મૂર્તિ મધુર દીસતી ઝાંખી કે ધુમ્ર જેવી.
તેના હસ્તો મહિંથી પ્રસરે વાસ આકાશ માંહિ,
મીઠી વાસે ગગન ઊડતા ધુમ્રના ભવ્ય ગોટા.
પ્રાર્થે છે ત્યાં અજબ દીલને ભાવ ક્ષિરાબ્ધિ કન્યા
દેવી તેં તો જગત પરનાં મુક્ત કીધાં મનુષ્યો
તો શું મુજને હડધુત કરી માત તરછોડશે તું? ૪૦

આ ભૂમી એ જન સહુ વસે નૃપતિઓને મહંતો;
ગુમાવે છે પલક ભરમાં તેમની શ્રેષ્ટતાઓ.
તોયે સર્વે અમિનજરથી નિરખતાં સૌ ગરિબો;
ના ધિક્કારે હૃદયપટમાં જ્યાં ભર્યા શુદ્ધ ભાવો.
આ સર્વેથી હલકી ઘટના તાહરી શું ગણાશે?
ફરકયું હાસ્ય તવ વદન એ ફ્રોક તે શું મનાશે!

કે એ તો છે અજબ રચના સ્વપ્ન કારીગરોની
કે જુઠી એ રચી ભૂલવવા બુદ્ધિ જે માનવિની... ૪૮

છે સંસારી કંઇક મનુજો લાજતાં સ્નેહ શબ્દે;
ને થાકયાં છે કંઇકિ સ્હેતાં સ્નેહનાં બંધનોએ.
કોઈ તારી મશકરી કરે વેણુ હલકાં વદીને;
તોએ તેઓ નહિ વિસરશે દુઃખ થાતું જીગરને.
એવા દંભી જન સહુ કરે દંભ દર્શાવવાને;
મોટાઇને શુરવીરપણું દાખવે વ્યર્થ સહુને.
રે દેવી તું! કદીક મુજને મૃત્યુ દેશે અહિંયા;
તોએ સ્વર્ગે તુજ વિણુ બીજા સ્વામિની ન હોય સેવા! ૫૬

તારી કીર્તિ નહિ કદી વધે લોક જો આમ બોલે;
છોડયું તેણે જીવન ધન સૌ રાખવા લક્ષ તોલે.
ખ્યાતિ યશને વિભવ વચને માન મૃત્યુ સમાન;
છેલ્લી આશા પુરી ન પડતાં એ ભૂલ્યો દેહ ભાન!
ના કોઈએ મદદ કીધી, એ બિચારા દુખીને!
ત્યાગી આશા અરર! હૃદયે મિત્ર માન્યું મરણુને,
દેવો એ છે હૃદય હીન સહુ માનવી દુઃખ જોવા
તેઓની જે મદદ ધરતા તે રડે સર્વ ખોવા!... ૬૪

ના! ના! એવું નહિ જ બનશે કરીશ તું સહાય મુજને
તેઓનું ના દૃઢ મન હતું સાધ્ય એ સાધવાને,
ભેટો મૂકી તવ ચરણુમાં ભિરૂતા રાખી હૃદયે;
શક્તિ નહોતી વચન વદવા વાંચ્છનાઓ સહુએ,
તેઓને તો નૃપતિપદની રાક્ષસી ભૂખ લાગી,
લેવા રાજ્યો પશુબળ તણી વાસના તીવ્ર જાગી,
દૈવી શક્તિ મદદ નહિ દે સાધવા દુષ્ટ હેતુ,
તેઓ માટે સર્જીત હતું આખરે સત્ય મૃત્યુ! ૭૨

રે રાણી તું મધુર વર દે મારી આવી ન ઇચ્છા;
એવે સ્થાને સરજ અમને પૂર્ણ શાંતિ વસી જ્યાં.
જ્યાં ના તૂટે વિરલ વચને સ્તબ્ધતા સૌખ્ય ફેરી,
દીપે જ્યોતિ પ્રખર કિરણે પ્રેમની જ્યાં અનેરી,
ધ્હાડો કે મુજ નયન વિણ એ મુખને ના જુવે કો
તારી મીઠી નજર ઉભયે ઐક્ય સાધે અમારૂં!
ના આવે કો પદ મનુજનો માર્ગ એ શોધવાને!
સોનેરીએ યુગ ફરી મળે ઝંખવી ઝંખનાને! ૮૦

સુંદરતમ તું! હૃદય ધર આ દાસની પ્રાર્થનાને,
મૃત્યુ તેનું નહિ જ નીપજે ખોઈ તારી દયાને,
કહું છું, દેવી! જીવન ભર એ સેવિકા તારી બનશે
થાતા વૃત્તિ મુદિત રસથી દુઃખ એ મારૂં હરશે,
આવી રીતે હૃદય હૃદયે ઐક્યની જ્યોત જાગે,
લાંબે ગાળે વિરહ મટતાં થાય સેવા સુરાગે.
તારે માટે કઠિન નથી આ શ્રેય મારૂં કરી દે
શું શબ્દોથી વ્યથિત કરવું વ્યર્થ તારા જીગરને! ૯૮

તોયે ના હું તજી શકું કદી સ્થાન આ સ્થિરતાનું;
જ્યાં સુધી આ દુઃખીત જીવછે મૃત્યુના લઇ જશે વા.
કે મળતાં કો સુખદ શુકને તાહરી એ કૃપાનું,
જીતી લેતાં મમ પ્રિય સખિ શ્રેય થાએ જીવનનું.
પછીથી તારા ચરણ પડીને માગીએ ઐક્ય સૌખ્ય,
ચૂમી તારાં ચરણ હર્ષે ગાઇએ ગીત સ્તુત્ય.
તારા ગુણો કથન કરવા માનવી શબ્દ મૂઢ!
કીર્તિ સુત્રો વિજય કિરણો ગાજશે સર્વ ગૂઢ! ૯૬

ત્યાંથી ડગ બે પરત હઠીને દેવી સન્મુખ ઊભો!
ગાત્રો કંપે વ્યથિત શ્રમથી સ્તંભ આધાર લીધો.

પ્રાતઃકાળે ગગન નીલડું રંગ સોનેરી ધારે;
સંધ્યા ઓષ્ટે સુર જ કીરણો રક્તિમાં ખૂબ જામે.
આછું ચોખું જળ દધિનું મંદ આક્રંદ કરતું;
ભરતી સમયે હૃદયબળને ઓટમાં યાદ કરતું.
વાયું લહરી ગતિ વિહીન થઈ સ્થિરતામાં ભળી છે;
ભાનુ સંધ્યા યુતી સમયમાં શાન્તિ છાઇ રહી છે. ૧૦૪

ડૂબે ભાનુ જગતપટને છોડીને દૂધ પીવા;
છોડયું જગને ઘન તિમિરમાં મોહ લાગ્યો સુરાનો.
જામી જ્યારે અટલ રજની જગપરે ભવ્યતાની;
લાગી તેતો સકળ જનને આણ દેવી નિશાની.
તોએ ઊભો અચલ હજુએ એક તે સ્થાન માંહિ;
આવ્યું ધીમું શશિકીરણ ત્યાં ખેલતું નૃત્ય ત્યાંહિ.
વાંકી ચૂંકી અટપટી વળી મસ્તીમાં મસ્ત એ છે,
દેવી મૂખે અચલ હસતી જોઇ આનંદ લે છે. ૧૧૨

ધીમે ધીમે જલ ઉદધિનું પગલું એકેક વધતું,
ભરતી ચઢતાં સ્થળ સકળ એ બેટ સમ થાય તરતું.
પીળા તેજે સહુ નરતિકા આવતી નૃત્ય માટે;
વસ્ત્રો સઘળાં ફડફડ થતાં નૃત્યની હેલી સાથે.
જામ્યા છે ત્યાં રજની વહતાં રંગ વિચિત્ર એવા;
તેને તો ના નયન નિરખે દિવ્યએ દૃષ્ય; કેવા!
વીતે જ્યારે પ્રહર ત્રયને જાય સહુ નર્તિકાઓ,
જામે ત્યારે દશ દિશા મહિં શાન્તિના ઘોર રાજ્યો! ૧૨૦

જ્યારે જ્યારે ભરતી ચઢતી પાણી પગપાળ પ્હોંચે,
માછલીઓ ત્યાં ચપળ ફરતી ચક્ર પાંખો રચાએ;
પ્રાતઃકાળે પ્રથમ ચિનગી પૂર્વમાં ઝાંખી ભાસે,
ગભરૂ યુવતી પ્રથમ મિલને કાન્તમુખ જોઈ લાજે!

તેવી રીતે લથબથ થતી પ્રેમ મસ્તી સન્તી,
આવી ઉષા અજબ રતિથી હાસ્ય રૂડું હસન્તી;
વારિ છોળો ઉછળી ઉછળી મથતી તેને જગાવા,
કિન્તુ તેતો શબવત પડયો ત્યાગી ચૈતન્ય માયા ! ૧૨૮

આવ્યો ભાનુ પ્રખર કિરણે સર્વને એ તપાવે,
સઘળી વસ્તુ ધરતી તપતી ધારતી રંગ જૂના;
તે પહેલાં તે અવચિત ઉઠયો ત્યાગીને ઘેરી નિદ્રા,
ઉઠે કોઇ રણશૂર સૂણી યુદ્ધની ઘોર બૂમ.
જેવી રીતે પથિક જન કો નીકળે છે પ્રવાસે,
નિદ્રા છોડી શ્રમ વિહિત થઇ માર્ગ કાપે ઉલ્લાસે;
તેવી રીતે ફરીથી મળતાં શક્તિને જોમ તેને,
આરંભી છે ફરીથી હૃદયે દૈવી આરાધનાને. ૧૩૬

કોઇ પંખી શિખર પરથી ઊડતાં ચીસ પાડે,
મોટી પાંખો ફડફડ થઇ ખૂબ ઉંચે ઉડાડે;
વીતી રાત્રિ જગત પરની ને ચડયો ભાનુ વ્યોમે,
આવ્હાન દે અનિલ લહરી હર્ષ ઉન્માદ જોસે;
તોએ તેની પ્રણવધૂન છે એકધારી અતૂટ,
જાણે ઊભો અચલ મનથી યોગી કો શક્તિ સાધી;
ને એ ક્ષણમાં વદન ફરતું ઉદધિની સમક્ષ,
ભાવો દીસે ભય તિતિક્ષાયુક્ત કંઈ ગૂઢ હર્ષ. ૪૪૧

દક્ષિણે કો ઝબકી ચમકે જ્યોતિ ત્યાં તો સ્વયંભૂ,
તે દિશામાં નથી કદી ઉગ્યા ચંડ આદિત્ય ઇન્દુ;
એ તો જાણે ગગન મલકી વાદળું આવતું'તું,
ઘેરાં મોજાં ઉદધિ ઉપરે રંગથી રંગતું'તું;

જાણે જવાલા અનલ બળતી આવતી પૂર જોસે,
વસ્તુઓ સૌ ક્રમથી મૂખમાં મૂકતી એમ ભાસે;
તે જ્યોતિની પ્રખર પ્રસરે દિવ્ય વિશાળતા ત્યાં,
ભીતિથી એ હતબુધ્ધ થયો શક્તિઓ સર્વ ખોઇ. ૧૫૨

મૂર્ચ્છા પામ્યો પળવિપળ બે હસ્ત આધાર શોધે,
ઘેરી મીઠા પ્રસરી રહી ત્યાં વાસ છાની સહુમાં;
જોતાં આવું સુખદ શમણું માથું તેણે નમાવ્યું,
હર્ષોન્માદે હૃદય ભરતાં નેત્રમાં વારી આવ્યું;
તોએ તેનું હૃદય ધરતું તીવ્ર ના કોઇ ઇચ્છા,
ત્હેને ન્હોતી શુધ્ધબુધ્ધ કંઇ વ્યક્ત કરવા મહેચ્છા;
તે ના, સમજ્યો સ્વરૂપ સુખનું હોય આવું મુંઝવતું, !
તેણે જાણ્યું નહિ જ હૃદયે કોણ જાણે થતું શું ? ૧૬૦

અશ્રુ આવે હૃદય સરતાં બોજ કંઇ થાય ઓછો,
જોતાં મૂર્તિ નયન સમીપે ભક્તિ મનમાં ભરાય;
તે મૂર્તિમાં ઝબકી રહી છે દૈવી જ્યોતિ અનુપ,
મીઠું સ્મિત ને વદન ચળકે કાન્તિના દોર છૂટે;
રંગો જાણે હૃદય રમતા રમ્ય શોભા શરીરે,
આવું જોઇ રૂપ હૃદયમાં કંપ ઉઠે પ્રચંડ;
'માતા માતા' બૂમ પડી અને તે પડયો પૃથ્વી ખોળે,
ને ભીતિથી શરમ ધરતાં ગાત્ર પ્રસ્વેદ છૂટયો... ૧૬૮

ઘેરી શાન્તિ મહિંથી ધીરને શબ્દ ગંભીર આવે,
હર્ષોન્માદે વ્યથિત ચિત્તથી શબ્દ કાંઇ ન જાણે;
તે કહેતો કે શશિવદન તું કેમ ભીતિ ધરે છે,
મારા ભક્તો પ્રતિ નથી કદી ક્રૂરતા દાખવી મેં;
મારા વાક્યો હૃદય પટલે કોતરી રાખ્ય સત્ય,
શ્રદ્ધા રાખી અચલ મનથી કાર્ય કર આ અગત્ય;

મળશે તુજને અમર કીર્તિ ને વળી આત્મ સૌખ્ય,
એ બાળાનું જીવન બનશે લલિત સ્નેહે સુરમ્ય... ૧૬૭

મારા ચરણો સમીપ ફળ આ હેમનાં ત્રણ પડેલાં,
મીઠી વાસે મઘમઘ થતાં પુષ્પમાંથી મળેલાં;
મારી સજની સબળ દીલથી એકઠાં એ કરે છે,
તે મારા આ વન ઉપવને ખૂબ આનંદ દે છે;
આવે જ્યારે અતિથી અહીયાં અર્પવા સ્નેહ ભેટ,
ત્યારે તેના કર મહિં અમે અર્પીએ આ સુભેટ:
આના પર્ણો ફડફડ થતાં ચંદ્રના મંદ તેજે,
જાણે ઢાળે ચમર મુજને દૈવી નિસર્ગ સ્હેજે;......૧૮૪

ને આ ફળમાં નથી કંઇ ભર્યું માત્ર દૈવી સુવર્ણ;
એને માટે શ્રમથી ચિત્તમાં થાય છે રે વિદીર્ણ,
એનાં જાદુ અજબ હૃદયે હોય આકર્ષનારાં
એને જોતાં ગડમથલ તો ચિત્તમાં ચાલુ થાય;
એની પ્રાપ્તિ કઠીન મળતાં સર્વ શાન્તિ હણાય,
એ બાળાના ઝડપી પગલાં થોભશે દોડવાને;
ઝાંખી થાશે ધવલ કીર્તિ દેખતાં આ ફળોને ! ૧૯૨

તારી સાથે શરતમહિં તું રાખજે આ ફળોને,
દોડી જાતાં બહુજ દૂર તે ફેંકજે એક ફળને;
જોતાં એના અજબરૂપથી જાય અંજાઈ તેજે,
તે લેવાને શરત મહિંથી જરૂર એ દૂર થાશે;
આવી તકનો શરત જીતવા લાભ લઈ દોડજે તું.
બીજા બેને નહિજ ચૂકતો લક્ષમાં માપ રાખી,
થાતાં વિઘ્નો ઘડી ઘડી વળી તે નહિ પ્હોંચી વળશે;
જીતી જાતાં શરત તુજને કીર્તિને પત્ની મળશે ! ૨૦૦

જ્યારે આવે સુખદ સરનો અંત આ યોજનાનો
સુંદરતાની પ્રતિકસમ એ બાળની યાતનાનો
દીસે જ્યારે જગત સઘળું ચંદ્રની ચાંદની શું,
ત્યારે તેને ભુજયુગલમાં ભીંસવા તલસજે તું;
જ્યારે તેના મૃગ નયનમાં સ્નેહનું બિમ્બ દીપે,
ચૂમી ઓષ્ટો હૃદય હૃદયે ઐક્યની ગ્રન્થિ સ્થાપે;
એવે સમયે નહિજ ભુલજે માનવી! દૈવી શક્તિ,
જે આપે છે સુખજ, દુખીને જોઈને ભક્તિ ભાવ! ૨૦૮

શબ્દો આવા ગગનમહીંથી આવતા કર્ણે ધરતાં;
ગાલો ભીંજ્યા અવિરત હતા અશ્રુની ધાર વ્હેતાં;
શિતલ તેજે મધુર હસતાં દેવીનું વદન વિલસે,
જોતાં આવું મધુર શમણું ભિતી બહુ દુર નાસે;
આવું સ્વપ્નું પલક ભરમાં ઓસરી જાય આવી,
દીસે પ્રતિમા શુભ સુચવતી ક્ષેમ ને સૌમ્ય ભાવી;
આછા ઘેરા ગગન મલકે પૂર્વમાં રંગ જામ્યા,
દેવી ચરણો નિરખી નયનો ખૂબ આરામ પામ્યાં! ૨૧૬

હર્ષાશ્રુથી નયન ભીંજતાં સ્પર્શતાં એ ફૂલોને,
ભીતિથી એ હતબુધ થતો ધારીને સર્વ સ્વપ્ન;
આખી રાત્રિ નયન નીરખે પોપચાં ના બિડાયાં,
ચિન્તા ને રે શ્રમ થકી વળી ગાત્ર છે ચીમળાયાં;
નિદ્રા નાવે નયન કિકિએ ચેતના જ્યોત જાગી,
આદર્શોને પથ વિચરવા ઝંખના એક લાગી;
જ્યારે ભાનુ કિરણ પ્રથમે પૃથ્વી પર આવતું'તું;
તેણે જોયું દૃઢ હૃદયનું માનવી ઉંઘ લેતું. ૨૨૪

મધ્યાને ત્યાં પ્રખર કિરણો ભાનુ આકાશ દીપે,
નેત્રો ચોટયાં દૃઢ ફૂળ પરે ઓપતાં દિવ્ય તેજે;

જાણે વહેતી સુખદ સરિતા સ્ફૂર્તિ ને ચેતનાની,
ફેલી સઘળે સુરભી મીઠી શાન્તિ ને શુદ્ધતાની;
તેણે છોડયું ધરી હૃદયમાં સ્થાન એતો સુરપણે,
માર્ગી કોઈ ફરી ફરી જુએ રાખવા યાદ હર્ષે;
આવ્યો છે એ ફરી જગતમાં માનવી જ્યાં વસે છે.
દુઃખો જાતાં સુખદ જીગરે સર્વ હાવાં દીસે છે...... ૨૩૨

વીત્યો છે એ વરસ મહિનો જેની સૌ રાહ જોતું,
આવે છે સૌ શરત જીતવા જીંદગીની મજાથી;
સર્વે વર્ણો પ્રથક વયનાં માનવી એક ટોળે,
ભારે હૈયે નિરખી રસને અશ્રુને ખૂબ ખાળે;
જોતો હોંસે શશિવદન છે માર્ગ લાંબો સુંવાળો;
ઊભો આવી અડગ મનથી ત્યાં બધાથી નિરાળો;
જ્યાં એ આવ્યો શરત જીતવા બે જીવોની ઊભો ત્યાં;
હાંરે જો તે શરત જીતતાં મૂલ્ય શું જીંદગીના ! ૨૪૦

બાળાના આ હૃદય મહિંથી દુઃખ છૂપું જણાયું,
તેના ચક્ષુ અજબ ચમકે આશની ઝાંખી ઝાંયું !
તેમાં જાણે વિકળ નયનો કયાંય દીસે નિરાશા,
એમાં તો છે દિસતી જીતની સ્પષ્ટ બસ એક આશા !
આવ્યા છે જે શરત જીતવા એમ કહેતા રડન્તા,
એક જ ક્ષણમાં હૃદય હસતું શું રહે મૃત્યુ કટુતા;
તારે હાથે મરણ મળવા આજ આવે દીસે તું,
તારી પ્રીતિ ક્ષણિક બનશે દુઃખને પામશે શું ? ૨૪૮

એતો ઉભો ડરવિહીન ત્યાં પુર્ણ સ્વામીત્વ ધારી,
દંતો માંહિ કમળ ધરતાં ઓષ્ટ ત્યાં રકત રંગી;
સૌખ્યે સોહે વદન ઝળકે શું અહા ! ઇન્દુ બિમ્બ,
કાલિમા ના મરણ ધરતી સ્પર્શતી એક બુન્દ;

જો કે તે તો મરણ ધરવા સર્વ તૈયારી લાવ્યો,
મૃત્યુ ભાતા સુખકર ગણી ભેટવા હર્ષ આવ્યો;
કલ્પેલી કો જીવન સખીને સાથી સાચી બનાવા,
તે મળતાં એ હૃદય કરીને ભીતિ બાકી ન હાંવા ૨૫૬

તેની દૃષ્ટિ મુજપર જતાં નયન નીચાં નમે કાં ?,
તેના શબ્દો શ્રવણ કરતાં લાલી ગાલે ચઢે કાં ? ;
તેણી ઇચ્છે હૃદય રસને અંગ પર હેત ધાર્યાં,
સ્પર્શન્તાએ મદન શરથી રહેત કંઈ દૂર વાર્યાં ? ;
ગુંજે ગુંજે મધુર સ્વથી સ્નેહના શબ્દ છાના,
જેના કલ્પ્યા કઠીન તપને ના ગણ્યા જે દિવાના;
તોએ એતો રચીજ રહી છે સ્વપ્ન કો દિવ્ય સૃષ્ટિ,
તેજે પીવા તલસી રહી છે પ્રણયની જ્યોત મીઠી. ૨૬૪

વાંચ્છા જાગી પ્રણય રસને ધટ ઘટાવા મજાથી,
નિઃશબ્દે ત્યાં પ્રિતથી ઊડતો નાદ એ શ્લોક ગાવા;
કાં આવીને વસતી હૃદયે વાસના આ દયાની !
ક્યાંથી છૂટી લલિત જીવને કીર્તિ સમ્પાદવાની;
વીતે છે જે ક્ષણ જીવનની તેથી કાં દુઃખ થાય,
આવે જ્યારે ક્ષણિક સમ આ સ્ફૂર્તિ ક્યાંથી હણાય;
ના છે કાંઈ રસ પ્રણયને શર્તને જીતવામાં,
ના છે કાંઈ રસ હૃદયને મૃત્યુને ભેટવામાં. ૨૭૨

આવી આવી નિવૃત મધુને ભાવ પ્રસરાવતી કંઈ,
બંને આત્મા નજીક લઈને એકતા ગૂંથતી'તી !
ત્યાં તો આવ્યો સુર રણકતો સૂચવે શર્ત વેળા,
બંને દોડયાં ચપળ ગતીથી સાધવા સ્થાન પહેલાં;

ચર્ણો એના ઝડપ, ધરતાં તેજ વર્તુળ ફરતાં,
બંને સાથે સુરધનુ .સમા જાય વેગે વહન્તા;
એક જ ક્ષણમાં શીર ઢળી જતાં જોય પાછું વળીને,
ભૂલી માયા ક્ષણિક સઘળી દોડતી જીતવાને. ૨૮૦

હસ્તો તેના ગતી થકી ધીમા થાય ઉંચા હવામાં,
ને છોડયું ત્યાં ફળ અનુપએ દેવી જયાં તેજ પ્રસર્યું;
આઘે જાતું દડબડ થતું તેણીના ચર્ણ ચૂમી,
એના સ્પર્શે વિકળ બનતી થોભતી શર્ત ભૂલી;
સિકતા પરથી ઉચકી ધરવા હૃદય વલખી રહ્યું છે,
બલ આવે એ દૃઢ હૃદયને તેજ એવું ભર્યું છે;
એતો માને રમત રમવા દેવી દેવે જ આપ્યું,
જે મેળવતા અવનિ પર આ સ્વર્ગનું સૌખ્ય સ્થાપ્યું. ૨૮૮

રસ્તો છોડી શરત પરનો જાય લેવા અહા એ,
ને છાતીમાં મઘમઘી રહી દિવ્ય એ ભેટ જાણે;
જ્યારે આવી શરત પર તે દૂર એ દોડી જાતો,
દીઠો આઘે વિકળ નયને માનવી પ્હાડ જેવો;
પોતાની એ ધવલ કીર્તિ માંહિ ડાઘો પડે તો,
વીતે બીજી પળ જીગરમાં આવી ઉભી કટુતા;
એના ચર્ણો અધિક બળથી દાખવે દોડવામાં,
માને મીઠું સુખ ફળ ધરી હસ્તથી સ્પર્શવામાં ૨૯૬

સાથી એનું હૃદય લક્ષે નામ સાધે સુધન્વા,
ને ભાવીના પ્રણય શરને યોજતો પુષ્પ ધન્વા;
છૂટયા શરને હૃદય વીંધી કામ છુપું બજાવે,
વીણાની ત્યાં ગીત લહરી તારને શું ગજાવે!

લોકોના સહુ હરખ વચનો તેણીને ભૂલવે છે,
કીર્તિના એ ધવલ કિરણો દોડવા સૂચવે છે;
જોતી તેણી શશિવદન જે પ્રથમ રેષા વટવતો,
જોતાં તેણી સુરધનું સમી દોડતાં હાર થાતી! ૩૦૪

જેવો તેણે પકડી લઇને સ્થંભ એ અર્ધ માર્ગ,
ત્યાં તો થાએ પળવિપળ બે શુભ્ર અંગુલિસ્પર્શ;
તેજસ્વી ને સરકી જતી રે ત્વરીત એ શુભ્ર વપુ કો,
તેનાં નેત્ર વિજળી ઝબુકે જોઇને દિવ્ય કાન્તિ;
ત્યાં તો તેણે ફળ ચપળતાથી ઉછાળ્યું બીજું ને,
મુંઝાણીએ ક્ષણભર પછી પગલું તે બાજુ ઢાળ્યું;
ત્યાગી માર્ગે શરત તજતી જાય છે દોડતી તે,
મૂક્યું તેને પ્રથમ ફળની પાસ છે વ્હાલથી તે! ૩૧૨

દૃષ્ટિ પાછી પથ પર જતાં ભયથી વ્યાકુળ થાતી,
તેને જોતાં અતિવ દૂરને વિજય આશા હણાતી;
ચાંપ્યાં તો એ ઉભય ફળ જે ઉર સાથે રહેલાં,
સંભાળીને શરત જીતવા દોડતી એ ફરીને.
તેને ના છે જરીય શક એ વિજય તેને વરેલો, !
તે ના જાણે વિજય ઘટના ભાવી કોને લખેલો; !
જો કે તેનો હરીફ હમણાં લક્ષ્ય પાસે જ જાતો,
તેની વચ્ચે કઠીન પથ છે થાકને દુઃખ દેતો. ૩૨૦

દોડે છે ત્યાં ચરણ સૂસવે પંખીની પાંખ જાણે;
ધ્રુજે જાણે ધરતી ફરતી આંખને ઝાંખ લાગે.
તેણીના બે નયન ઝબકી જ્યોત જાણે બુઝાતી;
ત્યાં તો છેલ્લા કનક ફળની જાય ઉંચે વિંઝાતી!
નાના તેણી ક્ષણ પણ હવે થોભતી રાહ જોવા,
પાછી દોડી વીણતી રસીલી સૌખ્યનું પાત્ર લેવા;

તેમાંની ના ગતિ ઠરી હજુ શાન્તિમાં ફેરવાઇ,
હસ્તે ત્યાં તો ઝડપી ઝડપે દોડતી થાય પાછી! ૩૨૮

શાન્તિ ના છે સુભગ સરલા ઝંખના તીવ્ર જાગી;
તોએ ઘેરો હૃદય ઘટમાં શ્વાસ તેનો રૂંધાય.
તેના ચરણો શ્રમ થકી હવે ખૂબ ભારે જણાય,
દૃષ્ટી તેની સરજી નવલી સ્થિરતા કેમ થાય.
તેજસ્વીએ નયન ચમકે કેમ ઝાંખા મનાય,
રોમે રોમે થરથરી ઉઠી ગ્લાનીને ભીતિ જામે;
નાના આછી ભવ અટવીની લક્ષમાં આવતી'તી, ૩૩૬

તેના હસ્તો લથબથ થઈ ટેકવા દીર્ઘ થાતા;
મૂછો ઢળતી હૃદય પર ને ગાત્ર સૌમાં શિથિલતા;
ત્યાં તો કોઇ દૃઢતર ભૂજા કમર ફરતી વીંટાળે,
ચૂમી ઓષ્ટો નયન ચૂમીને શાન્ત લહરી જગાવે;
તેણીની આ રસજીવનની હોય શોભા મધુરી;
તેણીની આ પ્રણય ઘટના છે મીઠી ભવ્યતામાં!
તેણીની જે દીર્ઘ કીર્તી અન્ય લઇ જાય આજે;
તેણીને છે દુઃખ ન હૃદયે અશ્રુ આ હર્ષનાં છે! ૩૪૪

આવી રીતે ઉરઝબકતી પ્રેમની જ્યોત જાગી,
તે બન્નેનાં જ્વલિત હૃદયો સ્વર્ગનું સૌખ્ય પામ્યાં!
દેવીના આ ફળથી મનની કામના તૃપ્તિ થાતી;
શંકા છોડી સુભગ જગવે વિજયની થાય પ્રાપ્તિ.
બંધુ બહેનો યુગયુગ તણું લક્ષ, આ રાખી ધ્યેય
વિશ્વે આવી શરત જીતવા સાધવાને સુશ્રેય. ૩૫૦

["વિલિયમ મોરીસ" ના "આટલાન્ટ રેસ" નામના કાવ્ય ઉપરથી]

સૌભાગ્ય

[ગદ્ય વિભાગ]

'સૌભાગ્ય'ના ગદ્યવિભાગમાં પ્રગટ થતી બે નવલિકાઓ 'પિંજરના પંખી' અને 'દિવાનો'નાં પ્રયોજિકા બહેન સ્વ. ભક્તિબહેનનો ટૂંકો

'જિવન–પરિચય'

કેટલીક વ્યક્તીઓને આલમભરની કમનસીબી "સર્વહક્ક સ્વાધીન" ખતપત્ર સાથે સુપ્રત કરવામાં આવી હોય છે, શ્રીમતી ભક્તી ૧૩ વર્ષે વીધવા થયાં, મુંબઈના વનીતા વીશ્રામમાં રહી અભ્યાસ કર્યો. ને વનીતાવીશ્રામમાં જ અધ્યાપક બન્યાં.

બે વર્ષે "સમાજજીવન"ના સહતંત્રી હતાં. તેમના છુટાછવાયા લેખો ને ગરબાઓ, "સ્ત્રીબોધ," "બે ઘડી મોજ," ને બીજા અનેક માસિકોમાં આવતા હતા. ૧૯૩૦–૩૧માં બધી જ પ્રવૃત્તિ છોડી દઈ દેશસેવામાં ઝુકાવ્યું અને પછી તો જીવનસંગ્રામમાં જેમ બને છે તેમ તેમના જીવનમાં પણ બન્યું અને તેઓ સ્વેચ્છાએ સંસારી બન્યા–કે–તેમને સમાજ સુધારણાના માર્ગ પર આગે કદમ ભરી હિન્દુ–પ્રજામિત્રના તંત્રી વિભાગમાં કાર્યકર્તા ભાઈશ્રી. રમેશ સુરજલાલ સાથે પુનઃલગ્ન કર્યું. લગ્ન જીવનમાં રહે રહે, સાંસારિક વિટમ્બનાઓથી વિંટળાએલા રહીને પણ તેઓ કેટકેટલી દુઃખી બહેનોને મદદ કર્યા કરતા અને મૂંગી સેવાનો આનંદ અનુભવતા.

શ્રીમતી ભક્તિ, ખરેખર દુખ્યાની ભક્તિજ કરતા અનેક દુઃખોથી ભરેલા આપણાં હિંદુસંસારયાં દુઃખી સ્ત્રીઓને ચરણે એને તનમન અને ધન અર્પણ કર્યું હતું.

સેવા કરતે કરતે જીવનના વર્ષો વ્યતીત કરતા હતા તેવા સમયમાં પ્રભુએ તેમને એક કન્યા રત્નની ભેટ આપી-

સ્ત્રી મટી શ્રીમતી ભક્તિ 'મા' બન્યા. અને ખરેખર જીવનનાં અંત સુધી તેની પાસે આવનાર હરેક દુઃખીઓને એને 'મા'ની મીઠાશથી ગોદમાં લીધા છે અને અનુપમ હુંફથી કેટલાયને ય તેને મૃત્યુનાં આંગણેથી પાછા વાળ્યા છે પણ રે ક્રૂર ! કિસ્મત ! તેમને જ કોઇ રેહવે અકસ્માતથી ન બચાવી શક્યું ? એમનું કોઈ પૂણ્ય એમના મોતની સામે ન આવ્યું ! અને જ્યારે એ જીવલેણ અકસ્માત તેમના મોતને લઇ આવ્યું ત્યારે પણ તેઓ તો– શાંત સ્વસ્થ અને કલ્યાણકારી જ હતાં.

આખરે અકસ્માત જીવલેણ નિકળ્યો અને દીનદુઃખીનો આશરો અને હિંદુસમાજની પીડિત બહેનોનો વિસામો ગયો. ભરજુવાનીના ૩૦ વર્ષે નડેલા આ અકસ્માત માટે કોઈ જ શબ્દ નથી.

પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પો. સંપાદિકા

સ્વ. અ. સૌ. ભક્તિ રમેશ સુરજલાલ



"દીનકો ઝીઆએ આફતાબ ઓર રાતકો અખતર મીલે;
ગુલશનકો ગુલ ઓર ફૂલોંકો ખુશબુ મીલે રંગત મીલે.
દરયાકો મોતી, કોહકો ગંજીનહાએ ઝર મીલે;
ઓર હમકો દસ્તે કુદરતસે ફૂટી હુઈ કીસમત મીલે."

દી વા નો

લેખિકા : સ્વ. અ. સૌ. ભક્તિ રમેશ સુરજલાલ

તેને લોકો 'ઠાકોર' કહેતા, ને ખરેખર તે જરિયાન લાલ ડગલો પહેરી નદી કિનારે લટાર મારતો ત્યારે કોઇ પદભ્રષ્ટ રાજવીનો જ ખ્યાલ આપતો. હવે તો જરિયાન ડગલામાં જરીના તાર નામના જ રહ્યા હતા; પણ 'ઠાકોર'ને તેની દોસ્તી છોડવી ગમતી ન હતી.

તેનું વિશાળ કપાળ ને મોટી ભુરી આંખો સિવાય તેનો દીદાર અસ્તવ્યસ્ત રહેતો. તેનાં તપખીરીયાં ઝુલ્ફામાં માશુકની આંગળી સમાં ઘાસનાં તણખલાં પરોવાયેલાં રહેતાં. તેની વધી ગયેલી દાઢી હવામાં ઊડતી રહેતી. ફક્ત તેની નજર હમેશાં નીચી ઢળેલી રહેતી. તેની પગની આંગળીઓ ફરી ફરી ગણવામાં તે મશગુલ રહેતો.

એની નીચી નજર જ્યારે ભૂમિ પરથી ઊખડી કોઈ સામે મંડાતી, ત્યારે તે આદમી ધ્રૂજી ઊઠતો. તેની આંખોમાં કંઇક અકથ્ય, અવર્ણનીય, અપાર્થીવ તેજ ઝળકી ઊઠતું. કોઇક સમયે તે આંખો મૂર્ખાઇભરી લાગતી. વળી કોઇ વખત જ્વરપીડિત આદમીની વ્યાકુળતા તેમાં ઊતરી આવતી. તેનાં ભ્રમિત મગજમાં પસાર થતા ઝંઝાવાતોના નીરનીરાળાં પ્રતિબિંબ તેની આંખોમાં ઊઘડી ઊઘડી બીડાઇ જતાં હતાં. કોઇક વેળા શીરોહીની પાણીદાર તલવારની ચમક તેમાં ઝબકારા દેતી.

સવાર, સાંજ, બપોર એનું દીલ ચાહે ત્યારે એ નદી કિનારે લાલ ડગલો ઓઢી, હાથ રૂઆબથી પીઠ પાછળ રાખી આંટા દેતો. તેની ચાલમાં ગર્વ હતો, બાદશાહી હતી. કોઇકિ જીભ કહેતી કે તેની 'પાવલી' પડી ગઇ છે. તેનાં કારણો પણ અનેક દર્શાવાતાં. હૃદય ભંગ–બેવફાઇ–ખૂન. સાચું કારણ જાણીને પણ આપણે કંઇ ઓછા જ તેના દીલના તાર ફરી સાંધી શકીશું ? તો એવી અપરાધી કુતૂહલવૃત્તિ કયા ઉપયોગની ?

નદીકિનારે જવાને અમારા બંગલા નજીકથી પસાર થવું પડતું. આજ વર્ષે અમે અહીંઆં આવ્યા હતાં. મારી ઉમ્મર તો ૧૧ વર્ષની હતી.

ગ્રીષ્મની બળબળતી બપોર એક ચક્રે રાજ્ય કરતી હતી. નદીની રેતની ભીનાશ પણ ક્યારની ઉડી ગઇ હતી. રખડતાં શ્વાનો સિવાય કોઇ આદમી નજરે ચઢતું ન હતું. દૂરથી સરાણીઆના ચકરડાંનો એકધારો અવાજ કાને પડતો હતો. 'ઠાકોર' નો લાલ ડગલો દૂરથી આવતો દેખાયો. બારીના પડદાની આડમાંથી હું અર્ધોએક કલાક તેની પ્રવૃત્તિ નિહાળી રહી. કંટાળેલા રાજવી સમો તે પરસેવાથી રેબઝેબ એક આંટો મારતો ને પાછો ફરતો. વળી કૂતરાંઓની સભા તેનું ધ્યાન ખેંચતી. ધીમે પગલે તે ત્યાં પહોંચતો, ને બાજુમાંથી પથ્થર ઉપાડી તેમની વચ્ચે ઘા કરતો. કાંઇ જ બન્યું ન હોય તેમ તે પીઠ ફેરવી જાણે અદ્રશ્ય થતો હોય તેમ ભાગી જતો. પણ કૂતરાંઓ તેના પરિચિત હતાં એટલે પૂછડી પટપટાવતાં તેની આસપાસ ફરી વળતાં. તેનો માર્ગ રૂંધી લેતાં. 'ઠાકોર' કોઇક વખત રોટલો લાવ્યો હોય તો તેમને ખવડાવતો...ને તેમનો સંગ્રામ નિહાળી જોરથી હસી દેતો, હું પણ તેની બાલિશતા પર હસી દેતી.

ગંગારામે તો મને ચેતવણી આપી દીધી હતી. 'ભુન એનાથી છેટાં હારાં. ગાંડા માણુસનો તે કાંઈ ભરૂહો થાય' પણ નિષેધ કરેલી બધી વસ્તુઓ માટે બાળક ને પીઢ આદમીનું આકર્ષણ સરખું જ છે.

એક બપોરે મેં બારીમાંથી ડોકું બહાર ઝુકાવ્યું, ને બૂમ મારી 'ઠાકોર'....!'

તેણે બૂમ સાંભળી મસ્તક પાછું ફેરવ્યું. મને જોઇને હસી રહ્યો. ટેબલ ઉપર ફુલદાનમાં ગુલાબ મહેકતાં હતાં, મેં એક ગુલાબ ઝડપથી ખેંચી કાઢયું ને તેની તરફ ફેંકયું. બસ એજ દિવસથી અમે મિત્રો બની રહ્યાં.

તે મને "મીની" કહેતો. શનીવારની એક સાંજે કિનારે ગુજરી ભરાઈ હતી. એટલે એ ઘોંઘાટથી દૂર હું ઊભી રહી. માછીમારની પાછી ફરતી હોડીઓ નીરખતી હતી. સૂર્ય આથમતો હતો. નારંગી આભમાં સોનેરી વાદળાઓનાં ઢગલા ખડકાયા હતા. સ્નેહલ પિતા મુસાફરીએ જતાં બાળકને ચુમી લે, તેમ સૂર્યના આથમતા કીરણો જળ તરંગને ચુમી ચુમી વિદાય લેતાં હતાં. કિનારા પરની ટેકરીઓ પરની વનરાજી પાણીમાં લીલા સાથિયા પાડતી હતી. હોડીઓ મંદ મંદ ગતિથી ઘાટ નજીક આવતી હતી. રંગ રંગના સઢની જાણે મહેફીલ જામી હોય ! બે હોડીઓને કિનારા પર ખેંચી લેવામાં આવી. તેમાંની માછલીઓ માછીમાર ખાલી કરતા હતા. દૂર સુધી દરિયા ખેડુના હોંકારા કાન પર અથડાતા હતા. તાજી માછલીઓનો વિચિત્ર વાસ હવામાં ઝઝુમતો હતો.

મારી નજીક કોઇ ઊભું હોય એવો ભાસ મને થયો. હું બાજુએ ફરી. પરસેવાથી રેબઝેબ 'ઠાકોર' બંને હાથ પીઠ પાછળ રાખી કંઈક છુપાવતો બાળક સમો નિર્દોષ હસતો ઊભો હતો. 'બોલ, મીની, મારા હાથમાં શું છે?'

હું હસી પડી. આનંદથી મારા બંને હાથો પ્રસાર્યા. મેં કહ્યું. 'જે હોય તે આપી દે.'

તે અદબથી નજીક આવ્યો ને વનફૂલોનો ગુચ્છ મારા હાથમાં મૂકયો.

તેની સુગંધ લેતાં હું બોલી. 'ફૂલો સુંદર છે. ક્યાંથી લાવ્યો ઠાકોર ?'

કપાળ પરનો પરસેવો આંગળાથી લૂછતાં તે મારી સામે જોઈ રહ્યો. 'ખેતરની કાંટાવાળી વાડો વચ્ચે એ બધાં હસે છે....મેં....ઠાકોરે તે જોયાં ને તારે માટે લાવ્યો...તેં કહ્યું સુંદર છે. મીની, સુરજ તો કંઈ તપે છે કંઇ તપે છે મને કહે બપોરના બહાર નીકળ્યો જ કેમ ?'

વાક્યો વચ્ચે અટકતો તે માનપૂર્વક બોલી રહ્યો. તે વધારે સ્પષ્ટ રીતે વિચારોને શબ્દોની હારમાળામાં ગૂંથવા યત્ન કરતો હતો, પણ એકી-સાથે હઝાર હઝાર દૃષ્યો, હઝાર હઝાર કલ્પનાઓ તેના મગજમાં એક પર એક ખડકાતી હતી. તેમાંથી એકને, બેને ત્રણને–સુંદર હોય તેને ઝડપવા તે મથતો. ત્યાં તો બાકીની બધી ઉડી જતી...ને તે વિચાર-શૂન્ય બની રહેતો. તેને વિસ્મૃતિ લાધતી. તે બોલતો હરી જતો. આ બધો મનોવ્યાપાર તેની આંખોમાં આપણને સ્પષ્ટ નજરે પડતો.

તેની મૂંઝવણ જોઈ મને કિરીટભાઇ યાદ આવ્યો. અમે રાણી-બાગમાંથી પાછાં આવ્યાં પછી, વર્ણન કરતાં તે પણ આમ જ મુંઝાઈ ગયો હતો. સફેદમોર, રંગીન કાકાકૌવા, ઠેકડા મારતાં હરણાં, ચટાપટાવાળા ઝીબ્રા, લાંબી ડોકવાળું ઝીરાફ, પાણીમાં ડૂબકી મારતી જળબિલાડી ! બાને શું કહેવું ? શું ન કહેવું એક જ ક્ષણમાં હઝાર હઝાર કલ્પના તેને ઘેરી લેતી.

મને 'ઠાકોર' માટે લાગણી થઇ આવી. મારી કરૂણાભરી દૃષ્ટિ તેના મુખને પંપાળી રહી. મારો મનોભાવ તેણે પકડયો, ને તરત દૃષ્ટિ નીચી ઢાળી દીધી. મારાથી અલિપ્ત–અજાણ હોડીઓ જોવામાં તે રોકાઇ ગયો.

'એક સઢ' વિચાર નિદ્રામાંથી જાગતાં તે લવ્યો 'ના, ના. બે સઢ છે. એક પાણીની અંદર એક પાણીની બહાર.'

પાણીમાં દેખાતો સઢ પ્રતિબિંબ છે એ તેની અક્કલમાં ઊતરતું ન હતું. મેં તેને સમજાવવા ખૂબ યત્ન કર્યો. મંત્રમુગ્ધ તે મને જોઇ રહ્યો. પણ જ્ઞાનનો સમજણનો પ્રકાશ તેના મગજ ઉપર નજ ઊતર્યો. ફક્ત મારી વાતમાંથી 'મૃગજળ' શબ્દ તેણે તારવી લીધો.

તે સ્વગત બબડયો 'મૃગજળ' કેમ જાણે એ શબ્દમાંથી એના દીલ નજીક એવું સત્ય એ તારવતો હોય. ફરી પાછો તે હોડી ને સઢને જોવામાં એકાગ્ર થઈ ગયો.

પુષ્પગુચ્છમાંથી એક ફૂલ નદીમાં પડી ગયું. તેને દૂર જતું તે જોઇ રહ્યો.

અકથ્ય વેદનાભર્યા સ્વરે તે બોલી ઉઠયો. 'તે જાય છે દૂર દૂર સાત સમદરને પાર.' કેમ જાણે તે પુષ્પ એના કોઈ પ્રીયજનને ભેટવાને દોડતું હોય.' એનું ચાલતે તો એ પણ પુષ્પની સાથે સાથે દોટ મૂકતે.

થોડીક ક્ષણોની શાન્તિ પછી મેં એને પૂછ્યું. 'હાકોર તારૂં વતન કયાં આવ્યું ?'

ભુરા થતા આકાશમાં તેણે નજર ઠેરવી, તારાઓ ડોકિયાં કરતા હતા. ટેકરીઓ આંખો વિનાના રાક્ષસ જેવી ક્ષિતિજ પર પહેરો ભરતી ઊભી હતી. ધરતીને આકાશના ભાગલા પાડતો લોખંડી રેલવે પૂલ નદીના પટ ઉપર વિસ્તરતો હતો. પુલથી દૂર ઝાડવાંનો નીલો રંગ કાળા ધાબાંમાં પરિવર્તન પામતો હતો.

કેમ્પમાંથી સિપાઇઓનો અસ્પષ્ટ હસવાનો અવાજ આવતો હતો, ને તેની સાથે ભળવાનો યત્ન કરતો રણશીંગડાનો અવાજ ગાજી રહ્યો.

'મારો એક સુંદર બંગલો હતો. મારો પોતાનો જ હં. મઝાનો બગીચો તેની ફરતો મેં ઉછેર્યો હતો. કેરીઓ તો ઢગલા બંધ થતી ને સાંજના ચમ્પા આવતી. મારી ચમ્પા પરી જેવી સુંદર હતી. તેની આંખો......'

વાક્પ્રવાહ એકદમ થંભી ગયો. કોઈ ભયંકર વ્યથા તેના દીલને હલાવી રહી. તેની વિચારમાળા તૂટી. તેની આંખોમાં દીવાની નિરંકુશતા ચમકી સ્થિર થઇ.

તે ખૂબ ગંભીર બની ગયો. મને નમન કર્યું. તે અસ્પષ્ટ અવાજે ગાતો ગાતો ચાલી નીકળ્યો :

'આવ પિયા તું નયનમે, પલક ઢાંક તોહે લું,

ન મયેં દેખું ઓર કો, ના તોહે દેખન દું."

*   *   *

પછી તો હું એને અનેક વખત મળતી. મારા બંગલા નજીકથી જતો હોય ત્યારે એને બોલાવી હું કાંઇને કાંઇ ખાવાનું આપતી. એક દિવસ માતાજીએ મને પૈસા આપ્યા હતા. તેમાંથી આઠ આના બચ્યા, મેં તે 'ઠાકોર'ને આપવા સાચવી રાખ્યા હતા. તે દેખાયો કે મેં એને તરત જ બોલાવ્યો.

મેં તેના હાથમાં પૈસા મૂકવા માંડયા.

તેણે મારો હાથ તુચ્છકારી કાઢયો ને ખૂબ ગંભીર થઇ ઉતાવળે ચાલ્યો ગયો. મારી સાથે એક શબ્દ પણ તે બોલ્યો નહિ.

સાંજના હું ડક્કા પરથી પાછી ફરતી હતી, ત્યારે ત્યાં તે ભટકતો હતો. હું તેની નજીક ગઇ. 'ઠાકોર, મને માફ નહિ કરે ?'

મુઠીઓ વાળી તેણે નાસવા માંડયું ને દૂરની ઝાડીમાં અદ્રશ્ય થઈ ગયો.

પણ બીજી સવારે મારા દરવાજા બહાર તે મારી રાહ જોતો ઊભો હતો. હું બંગલા બહાર નીકળી ને તે હસતો હસતો સામો આવ્યો. મારા હાથમાં વનપુષ્પોનો ગુચ્છ તેણે રાખી દીધો. તેની આંખો ભીની હતી. તેના હોઠ શબ્દો ઉચ્ચારવા હાલતા હતા. પણ તે કશું જ બોલી ન શકયો. ગરીબ બિચારો ઠાકોર !

હવે તો જુન મહિનો શરૂ થયો. અમે નદી કિનારે બેઠાં હતાં. સૂર્ય ટેકરીઓની પાછળ ક્યારનો અદ્રશ્ય થઇ ગયો હતો. ખુલ્લાં મેદાન ને નદી કિનારા પર સંધ્યા ઊતરતી હતી. સૃષ્ટી આરામની તૈયારી કરતી હતી. ટપ્પાવાળાનો સૂચના આપતો અવાજ કોઇવેળા શાન્તિનો ભંગ કરતો પ્રસરી રહેતો. પૂલની પેલે પાર નદી જ્યાં સમુદ્રમાં ઠલવાતી હતી, ત્યાં તાડનાં પર્ણઝુમખાં સાગર પર નિગાહ નાખતાં ઠેર્યાં હતાં. કોઈની રાહ જોતાં ને તે કોઇ ન આવતું એટલે રૂદન આરંભી દેતાં. તાડ મને હમેશાં નાવિક-પત્નીની યાદ આપે છે. સફરે ગયેલા પતિની નિરીક્ષા કરતી તે દિન પર દિન ઊંચી ડોક કરી અંગુઠા પર ઊંચી થઇ કિનારે આવી ઠેરે છે. પતિ પાછો નથી ફરતો ને તે કિનારા પર તાડ રૂપે વર્ષોના વર્ષો રાહ જોતી ઠેરે છે.

વિવિધ આકારના વાદળાંઓ વચ્ચે ચંદ્ર સંતાકુકડી ખેલતો ઉપર ચઢવા મથતો હતો.

ચંદ્ર તરફ નિગાહ નાંખતાં બાળક સમો તે બોલી રહ્યો 'જો, જો, મીની, ચાંદો મને ચાઢવે છે. હમણાં દેખાતો હતો, પાછો લપાઇ ગયો, પાછો બહાર આવ્યો, તે મારી સામે જીભ કાઢી ફરી સંતાઇ ગયો.

બે ત્રણ ક્ષણ તે વિચાર એકત્ર કરવા થોભ્યો.

' ચાંદો, ખરુંને, એને આપણા જેવી બે આંખો છે. નાક ને મોઢું પણ આપણા જેવું જ છે. ને ભલા એ રોજ શું વિચાર કરતો હશે. મારો કે ચંપાનો...?'

ફરી તે શાંત થઇ ગયો. થોડીક વાર રહીને વસંતના ફાગની મસ્ત કડી તે લલકારવા લાગ્યો. પણ તેમાં વિષાદની ઘેરી છાંટ તો હાજર જ હતી.

દૂર રેલગાડીના પૂલ ઉપર બે તગતગતી આંખોવાળા રાક્ષસ જેવું એન્જીન ભખભખ કરતું દોડયું આવ્યું. ધૂમાડાના ગોટેગોટા ફેલાવતી ને લોખંડનો પુલ ધ્રૂજાવતી ગાડી ચાલી ગઇ. લોખંડી પુલ પસાર

ફરતાં તેનો પાવો મોટી ચીસ પાડી રહ્યો. ને ફરી પાછી નીરવતા વાતાવરણમાં ઝામી ગઇ.

ઠાકોર એકદમ ખડો થઇ ગયો. તેની વિચાર માળા તૂટી પડી. તેનાં સ્મરણો આથમી ગયાં.

' જા, જા,' તેણે ચીસ પાડી. 'દૂર દૂર ચાલી જા. કાળમુખા રાક્ષસ જેવી તારા પેટાળમાં શયતાને ઠાંસી ઠાંસીને આગ ભરી છે. જા, બળી મર. '

મારા અંતરમાંથી તેની વેદનાભરી ચીસ, તેના ઊભા રહેવાની અદા કદી ખસશે નહિ.

નિસર્ગની નીરવ શાંતિમાં, રેલગાડીનો ત્વરિત ઘોંઘાટભર્યો પ્રવેશ તેની સાનને બહેકાવી ગયો. ઘરે પાછા ફરતાં તે શાંત સ્વપ્નસ્થ હતો.

એક ખુશ્નુમા સંધ્યાએ હું નોકરને લઇ નદી ને સાગરનો સંગમ જોવા ગઇ. ઠાકોર થોડાક સમય પછી ભટકતો ત્યાં આવી ચઢયો. અગાધ જળવિસ્તાર ક્ષિતિજપર્યંત પથરાયેલો પડયો હતો. સૂર્ય તેને સુવર્ણથી મઢી દેતો રાચતો હતો. માછીમારના હોડકાંઓ જોડી જોડીમાં કાર્ય પ્રવૃત્ત હતાં.

પીળી ને લાલ પાંખોવાળા અજબ જાતના મોટા મોટા પક્ષી જેવા સઢો પવનને પેટાળમાં પૂરી માર્ગ કાપતા હતા. કિનારાની એક બાજુએ કાળા ભૂખરા ખડકો પદ્માસનવાળી તપસ્વી સમા ધ્યાન મગ્ન બેઠા હતા. ભરતીનું પાણી રોજ તેમને સ્નાન કરાવી જતું. બીજી તરફ દરિયાઈ વનસ્પતિ રેતીને આલીંગતી પથરાતી હતી !'

'સાગર, ભૂરો, અમાપ સાગર,' ઠાકોર ભયભિત બની હેરત પામતો હોય તેવા ધીમા સ્વગત્ શબ્દો ઉચ્ચારતો હતો. 'મીની, આપણને આખા ને આખા ગળી જાય એવડી મોટી માછલીઓ

અંદર વસે છે. અરે, અંદર તો મોટા મોટા મહેલો. તેમાં જળ-કન્યકા ને સમુદ્રદેવ વસે છે. પણ જો એ જળકન્યા કોઇની નજરે ચઢી તો ભોગ લાગ્યા તેના.'

તેની ધૂન પાછી ફરી. તે બોલતો અટકી ગયો. ને ઝડપથી પાણી તરફ આગળ વધ્યો. સાગરની તરંગાવલિ તેના પગને સ્નાન કરાવી રહી. તેનાં બેદર્દ દીલમાં કેવાંએ સ્મરણો જાગતાં હશે ? શકય છે કે સમુદ્રપાર તેને તેજોમય વિશ્વો દેખાતાં હોય. એ વિશ્વોનો અમાપ વિસ્તાર, એની ગહનતા, એના વિધવિધ રંગો, તેની વિચાર-શક્તિને કુંઠિત કરી દેતા હતા. તેની ચમ્પાની તેજમૂર્તિ તેમાં ઘૂમતી હતી. ઇંદ્રજાળ સમી તેની કલ્પનાએ ખડાં કરેલાં પ્રતિબિંબોમાં તેની વિવેકશક્તિ રખડી જતી હતી.

તેનાં સુંદર વાકયોમાં બાળકની નિખાલસતા ને સંસારનો બીન-અનુભવ તરી આવતાં હતાં.

અમે ઘરે પાછાં ફર્યાં, ઠાકોર પણ અમારી સાથે જ હતો. ગંગા-રામ ઠાકોર સાથે હોય ત્યારે હમેશાં એની લાકડી સમાલતો, પણ હજી લાકડીનો ઉપયોગ કરવાનો પ્રસંગ આવ્યો ન હતો. 'ઠાકોર'ના દીલની મૂંગી વેદના મારું અંતર વલોવતી હતી. હું કાંઇ ઓછી જ એની ચમ્પા પાછી લાવી આપી શકું ?

તે મૃદુ, કરૂણ સ્વરે બોલ્યો "મીની, તારી માતા રાહ જોતી દરવાજે ઊભી હશે. તું જશે એટલે તને બચીઓ કરશે ખરૂં ને !'

સૂરજ આથમી ગયો. નદીના પાણીમાં પ્રતિબિંબોનાં ટોળાં ઊભરાતાં હતાં.

મારી આંખો આંસુથી ભીની બની રહી. 'ઠાકોર, તારી પણ માતા છે ને ? કયાં છે એ ? એ તને વ્હાલ નથી કરતી ? '

મારા પ્રશ્નો અનુત્તર રહ્યા. સૃષ્ટિ થંભી જાય એવો નિઃશ્વાસ વાતાવરણને આર્દ્ર કરી રહ્યો !

રસ્તાની ધૂળમાં બે ચકલીઓ ખેલતી હતી. તેણે એક કાંકરો ઉપાડયો, નેમ લેતો હોય તેમ તેને તોળ્યો, ને પછી દૂર ફેંકી દીધો. ચકલી તીરની માફક ઉડી ગઇ.

તેમનાં ત્વરિત ઉડ્ડયનને હસતો તે મોટેથી લવ્યો. 'ઉડી જાઓ... જાવ...બધાં ચાલ્યા જાવ. ઉડી જાવ.'

* * *

તેની માનસિક પરિસ્થિતિમાં પરિવર્તન થતું હતું. જ્વરથી પીડાતો હોય એવો એનો દીદાર બની રહ્યો. ખેતરોમાં, નદીની રેતમાં તે દોટ મૂકતો ને થાકી જતો ત્યારે ત્યાંજ સુઇ રહેતો. કલાકોના કલાકો તે નિશ્ચેષ્ટ ગુંચળુંવળી સૂર્યને તાકી રહેતો. સાંજ પડતી એટલે લાલ ડગલો પહેરી નદીની રેતમાં આંટાં મારવા મંડી જતો. મારી તરફ તે ઉદાસીન રહેતો. મારી નજર ચુકાવી તે દોડી જતો. એના અનેક કલ્પનાજન્ય વિશ્વો સમી હું પણ લય પામી હતી. હવે મારે માટે તે પુષ્પ લાવતો નહિ. ગામમાં તો વાત થતી હતી કે તેણે મારા પર જાદુ કર્યું છે. મારી માતા વધારે કડક બની. મને એકલી બહાર જવા દેતી નહિ.

એક સવારે કોઇપણ હિસાબે મેં તેને મળવાનો નિશ્ચય કર્યો. હું તેની સમીપ જઇ ઊભી. તેણે આંખો જમીન પર ચીટકાવી દીધી. પણ તેનું મુખ શરમથી લાલ બની ગયું.

ઉશ્કેરાઇને મેં પૂછ્યું 'ઠાકોર તને થયું છે શું ?'

'કશું જ નહિ'

'તું જુઠું બોલે છે.'

'મને કંઇ થયું નથી, મીની'

'તારે મને નથી કહેવું ખરૂંને' હું તપી ગઇ.

તેણે મસ્તક ઊંચું કર્યું. તેની દૃષ્ટિ મને વટાવી મોદીની દુકાને એક ગુલાબી રંગની ઓઢણી ઊભી હતી, તેના મુખ ઉપર ઠરી હતી.

તેનો ચ્હેરો ફીક્કો પડી ગયો..તે ધીમેથી લવ્યો 'મારી ચમ્પા...!' એક ક્ષણમાં મને બધું જ સમજાઇ ગયું. બીચારો ઠાકોર! આ ફૂલ-ફટાક ઘાઘરાવાળી, તબિયતથી ઓઢેલાં ગુલાબી ઓઢણાંવાળી ગ્રામ્ય-કન્યામાં વર્ષો પહેલાં ખોવાયલી ચમ્પા તેને સજીવન થતી લાગી.

કંઇક દિવસો બાદ તે ગ્રામ્યકન્યા નદીકિનારે હાટ પાસેથી જતી હતી. ઠાકોર હાસ્યનાં ફૂલ વેરતો સામે ઊતર્યો; ને ધીમેથી સ્નેહાર્દ્ર-સ્વરે લાડ કર્યો.

'ચમ્પા કેમ આજે કંઈ આવડો ભપકો ? સંભાળજે હું તને એક દિવસ ઉપાડી જઇશ.'

......ને તે ગ્રામ્ય કન્યાએ મિજાજ ગુમાવ્યો. તેનો તંદુરસ્ત હાથ ઉંચો થયો ને ઠાકોરના ગાલ ઉપર ઝીંકાયો.

થોડાંક છોકરાંઓ ઊભાં હતાં. તેમણે તમાસો જોયો. ને ઉત્તરકાંડ તેમણે ઉપાડી લીધો. બધા જ ઠાકોરને ચીઢવવા લાગ્યા. 'ચમ્પા ગઇ. ચમ્પા ગઇ.' એક દુકાનદારે પણ ઉમેર્યું 'ચમ્પા ગઇ' ઠાકોરનો દીમાગ વિફર્યો. નજીક ઊભેલા છોકરાને તેણે તમાચો ખેંચી કાઢયો.

છોકરાઓ સહીસલામત અંતરે ખસી તેને પથ્થર ને ધૂળથી અભિષેકવા લાગ્યા. ઠાકોરની શેષ વીવેક બુદ્ધિએ રૂખસદ લીધી. તે દોડયો. હિંસકપ્રાણી ઝનૂનથી શિકાર ઉપર તૂટી પડે તેમ તે છોકરા પર ત્રાટકયો. એક છોકરો એને હાથ પડયો. સીધો જ તેને ઊંચકી તેણે જમીન પર પટકયો.

પહેરા પરથી બે સિપાઇ દોડી આવ્યા. લોકો પણ જમા થઇ ગયા. બધાએ પોતાના હાથ ચલાવ્યા. થોડીકવાર પછી ટોળામાંથી બે સિપાઇઓ ને વચ્ચે હાથકડી પહેરી ઠાકોર લથડીયાં ખાતો બહાર નીકળ્યો. હારેલો, કંટાળેલો, લોહી નીંગળતો. મારથી વળી ગયેલો, નીચાં

મસ્તકે તે ડગલાં દેતો હતો. લોકો હજીએ મજાક ઉડાવતા હતા. મારી આંખોમાંથી આંસુની ધારા વછૂટી.

ભાગ્યવશાત્ છોકરાને બહુ વાગ્યું ન હતું. થોડાક દિવસ પછી ઠાકોર કાચી જેલમાંથી છૂટીને આવ્યો.

બીચારો દીવાનો! તમે એને આજે ઓળખી પણ ન શકો. તેનો ચાલવાનો રૂવાબ અદ્રશ્ય થયો હતો. તેની આંખો નીચે કાળા વર્તુળ ઝામ્યાં હતાં. તેનો દેહ ખખડી ગયો હતો. તેનો સ્વભાવ તીખો, વહેમી ને ચીઢીયો બની ગયો હતો. ઘડી ઘડીમાં તે આંસુ સારતો દોડી જતો. ગંગારામને હું ખાવાનું આપવા મોકલતી. તે અન્ન ધૂળમાં રગદોળી મુઠીઓ વાળી નાસી જતો. હડખાયાં કૂતરાંની જેમ આમ તેમ વલખાં મારતો, કોઇને ઢુંઢતો...કદાચ તેની ચંપાને—અંધાર ગલીઓમાં તે ભટકતો. બપોરના 'ગ્રામ્યકન્યા' તેને મળી હતી, તે સ્થળે તાપમાં બેસી રહેતો. કદાચ તે પાછી ફરે ને ઠાકોર ન હોય તો.

બીજા થોડાક દિવસો વહ્યા. વરસાદનો આરંભ હતો. અમે મુંબઈ પાછા ફરવાની તૈયારી કરતાં હતાં. મારા પુસ્તકો એકઠાં કરી હું બાંધતી હતી. નદી ને રેલવેપૂલને નજર ભરી ભરી જોઈ લેતી હતી.

ત્યાં ગંગારામ આવ્યો 'બેન, પેલો ઠાકોર તો રેલગાડીમાં કપાઈ મૂવો. આજે સવારે તેની લાશ પોલીસને મળી.'

હું બધું જ છોડી દોડી ગઈ. સિપાઇ ચોકી કરતો ઊભો હતો. થોડાક કુતૂહલપ્રિય આદમીઓ દૂર ઊભા હતા.

તેની લાશ ઓળખાય એવી રહી ન હતી. ડોકું ધડથી જુદું પાટા નજીક પડયું હતું. તેનાં ઝુલ્ફાં લોહીમાં થીજી ગયાં હતાં. તેનો એક પગ ગાડી સાથે ઘસડાઈ વીસ ફીટ દૂર પડયો હતો. ફક્ત તેની ભૂરી વિશાળ આંખો હજી ખુલ્લી હતી. પ્રિયાની રાહ જોતી! કદાચ, ચંપા તેના અવશેષ પર આંસુ ઢાળવાને મોડી મોડી પણ આવી પહોંચે.

જીવનની સફર કયાં પૂરી થાય છે? કોને ખબર!

વાડકી દૂધ

સૌ. શ્રીમતી બાલા મજમુદાર, વડોદરા.

વિશાળ એવું નગર હતું. ત્યાં એક રાજા હતો. તે શંકરનો મોટો ભક્ત હતો.

એના મનમાં એમ થયું કે શંકરની જળાધારી દૂધે ભરૂં; અને શંકરને પ્રસન્ન કરું.

એટલામાં ચોમાસાના દિવસ આવ્યા. શ્રાવણ માસ આવ્યો. પહેલો સોમવાર આવ્યો.

રાજાએ નગરમાં દાંડી પીટાવી: —

'સાંભળજો રે ગામના લોકો, આજે શ્રાવણીઓ સોમવાર છે, શંકરની જળાધારી દૂધે ભરવી છે, માટે છોકરાંને ના પાશો, ઘરડાંને ના આપશો, અને વાછરડાંને પણ ભૂખ્યાં રાખજો!'

લોકો તો દાંડી સાંભળી રહે છે, છોકરાંને દૂધ પાતા નથી, વાછરડાંને ધવરાવતા નથી. ઘરડાંને આપતા નથી. કોઈએ છાંટોએ દૂધ ઘરમાં રાખ્યું નથી. બધું યે શંકરની જળાધારીમાં પધરાવ્યું છે. તો યે જળાધારી ભરાતી નથી!

લોકોને અચરજ થયું. આટઆટલાં દૂધ રેડયાં તો યે જળાધારી ઊણી કેમ?

લોકો તો આવે છે ને જાય છે. દૂધની ધારા કરે છે અને જળાધારી જુવે છે. એટલામાં બપોર થયા. એક ઘરડી ડોશી આવી.

ડોશીમાએ દાંડી સાંભળીને છોકરાંને દૂધ પાયું. વાછરડાંને ધવડાવ્યાં, ગાય ભેંસને ચારો નાંખ્યો, ઘરમાં સૌનાં પેટ ઠાર્યાં, અને પછી દર્શન કરવા ચાલી નીકળી.

હાથમાં થોડા ચોખા લીધા; ચંદન ને ફૂલ લીધાં, બીલીનાં ત્રણ પાન લીધાં, વાડકીમાં દૂધ લીધું અને મંદિરમાં આવી.

શંકરની પૂરા ભાવથી પૂજા કરી અને પ્રાર્થના કરી: 'જય ભોળાનાથ! રાજાએ તો જળાધારી ઉભરાય એટલું દૂધ રેડાવ્યું છે. તો યે તમારી જળાધારી ઉણી રહી. તો મારા વાડકી દૂધથી શું થવાનું હતું? છતાં ભાવથી આણેલું આટલું સ્વીકારજો—'

એમ કહી વાડકીનું દૂધ જળાધારીમાં રેડી ચાલી ગઇ.

ડોશી પગથિયાં ઊતરે છે એટલામાં એક ચમત્કાર થયો.

જળાધારી તો દૂધે ઉભરાય છે. પૂજારી જોઇ રહ્યો છે.

એણે તો રાજાને કહેવરાવ્યું. રાજા આવીને જુવે છે તો જળાધારીમાં દૂધ તો માતું નથી.

'પણ આ થયું કેમ!' સૌ કોઇ પૂછે છે. કોઇથી વાત કળાતી નથી.

એમ કરતાં બીજો સોમવાર આવ્યો.

રાજાએ ફરી દાંડી પીટાવી. લોકો મંદિરમાં આવી દૂધ રેડે છે. પણ જળાધારી ઊણી જ છે.

રાજાએ પહેરા મૂકયા છે.

આજે પણ પેલી ડોશી આવી. વાડકી દૂધ રેડી ચાલી ગઇ. જળાધારી ઊભરાય છે. સૌ તપાસ કરે છે; પણ કારણ કળાતું નથી.

આમ ને આમ ત્રીજો સોમવારે ચાલ્યો ગયો.

ચોથો સોમવાર આવ્યો.

રાજા તો જાતે જ તપાસ રાખવા બેઠા છે. લોકોનાં ટોળાં ઊલટે છે. બધા દૂધ રેડી રેડીને જાય છે. રાજા જળાધારી જોઈ રહે છે.

એટલામાં પેલી ડોશી આવી. શંકરને ચંદન ફૂલ ચડાવે છે. ચોખાથી વધાવે છે. બીલી માથે મૂકે છે. અને જળાધારીમાં વાડકી દૂધ રેડે છે. પછી પ્રાર્થના કરે છે :–'ભાવના ભૂખ્યા ભોળાનાથ ! મારી આટલી દૂધની વાડકી લેજો. ભૂલ્યાં ચૂક્યાં માફ કરજો.'

ડોશી પાછી વળી જાય છે. ત્યાં જળાધારી ઊભરાય છે.

રાજાએ ડોશીનો હાથ ઝાલ્યો. ડોશી બિચારી થરથર ધ્રૂજે છે.

રાજા ડોશીમાને પગે લાગે છે. 'ડોશીમા, ડોશીમા, બ્હીશો નહીં ગભરાશો નહીં. જળાધારી કેમ ઊભરાઈ તે મને કહોને.'

ડોશીએ તો કહેવા માંડયું : 'રાજા, રાજા, દૂધ રેડવા તેં દાંડી પીટાવી; તેથી તારૂં શું વળ્યું ? ગામનાં છોકરાં ભૂખ્યાં રાખ્યાં, વાછરડાને તરસે માર્યાં, કંઈકને તેં ટટળાવ્યાં. એમાં અનાથ અને ગરીબની તને હાય લાગી ! શંકરને એ ક્યાંથી ગમે ! તેથી જળાધારી ઊભરાઈ નહીં ! માટે તું છોકરાંછૈયાંને દૂધ આપ, ગાય વાછરડાંને ચારો નાખ, ભૂખ્યાંને ભોજન આપ, ઘેર ઘેર આનંદ વર્તાવ.'

'મહાદેવને પંચામૃતથી સ્નાન કરાવ; દૂધનું નૈવેદ્ય ધરાવ. તેટલાથી દેવ બિચારા સંતોષ પામશે અને જળાધારી ઊભરાશે.'

આમ કહી ડોશી ઘેર ગઈ.

પાંચમો અને છેલ્લો સોમવાર આવ્યો. રાજાએ શંકરની પૂજા કરી.

છોકરાંને પાતાં દૂધ વધ્યું તેનું નૈવેદ્ય ધરાવ્યું. પંચામૃતથી સ્નાન કરાવ્યું. આંખો મીચી પ્રાર્થના કરી.

આંખ ઉઘાડી જુવે છે તો જળાધારી દૂધે છલકાય છે! શંકર ભગવાન પ્રસન્ન થયા છે. રાજાનો હરખ તો માતો નથી!

રાજાએ ડોશીમાને બોલાવ્યા, ડોશીમાની પૂજા કરી, તેને પગે પડ્યો અને પોતાની માતા કરી તેને સ્થાપી. સૌને રાજી કર્યાં.

જય શંકર ભગવાન! જેવાં ડોશીમાને ફળ્યા અને રાજાને ફળ્યા એવા વાર્તા કહેનારને ફળજો અને વાર્તા સાંભળનારને પણ ફળજો!

સૌભાગ્યવતીની આત્મકથા.

લેખિકા : શ્રીમતી દીવાળીબહેન ભટ્ટ

સાંભળો એ જગતનાં નરનારીઓ ! સંભળાવું છું મારા લઘુ એવા જીવનનું મહદ્દ સૌભાગ્ય ! વિચારશો જો સ્વસ્થ ચિત્તે અલ્પ દીસતા એવા અમારા જીવન વિકાસને, તો મેળવશો અનેક પ્રશ્નોના ઉત્તર બહુજ સરળતાથી તમો. હતી હું મમ પિતાગૃહે એક કન્યકા ન્હાની, બહુજ ન્હાની ! કલકલતી, કલ્લોલતી, અને કિલકિલાટ કરતી કો સરિતાના ન્હાના બ્હેન સરીખી. ત્યારે જાણો છો, શું હતું મમ સૌભાગ્ય ? સમયનું વહન બહુ જ જલદ હતું. મારા અંતરમાં માત્ર હતા વિચારો એક આનંદ નિજાનંદના, મસ્ત હતી હું બાળલીલા અને કલામાં. ચૂમવી ઓષ્ઠોમાં ધરી કો વસ્તુ, બસ એજ હતું મમ સૌભાગ્ય ! એજ મમ જીવનનું સત્વ હતું મહા આનંદ અને ખિલખિલાટ હાસ્ય, હતું મારૂં સૌભાગ્ય !

વિત્યા દિનો કંઈક અને દુન્યવી વાયરાઓએ શરૂ કરી પોતાની ઝપટ મારા હૃદય અને શરીર પર. વૃદ્ધિંગત થતા આ દેહમાં આવતી હતી કુમારીકાની કો' લહેરી લહરો. કલાના મસ્ત પીણાથી હતી હું મસ્ત, ડરાવતી હું સમસ્ત જગતને માનતી હતી એ સમયે હું સર્વ માનવીઓને મારા દાસ અને લોભાવતી હતી હું પ્રત્યેકને મારા કલા કૌશલ્ય અને

ફોરમથી. જાણો છો ત્યારે હતું શું મારૂં સૌભાગ્ય ? નહિ પિછાની શકો એ ઘરેડમાં ઘસડાએલાં આત્મભાન ભૂલેલાં સ્વજનો ! હતી હું તે સમયે રચતી કલાનાં સ્વસ્તિકો મન તરંગે, ભરતી હતી ઉષાના રંગો તે સમયે એકલા સ્વસ્તિકોમાં આછા લાલ મારા રૂધિરના ! એજ હતું મમ જીવનનું સૌભાગ્ય તે સમયે.

ફરી સમયની એક બીજી લહરી વહી ગઇ ! માત્ર આંખનું એકજ મટકું માર્યું હોય એવો સમય બદલાઈ ગયો ! અને આવી એ દિવ્ય સ્વપ્નદૃષ્ટા અને સ્રષ્ટા, નવસર્જન સર્જાવવા આદેશ અર્પતી હલકતી મલકતી ને મ્હેકતી જીવનનાં અહોભાગ્ય સમી એ યુવા ! રસમસ્તીની છોળો હૃદયસાગરે ઉછળી રહેતી હતી અને શરીરના અવયવે અવયવે ખીલ્યાં હતાં યુવાપુષ્પો ! જાણે વસંતના વધામણાં સમાં કો દિવ્ય સંદેશ દેતાં નારી જીવનને ધન્ય બનાવતાં અમોઘ દિવ્યાસ્રો સમાં ! જગતના મહા જોગીને લોભાવવા ધરેલા ભીલડીએ કો પુષ્પધન્વાના આયુધો સમાં ! અને એજ સમયે હૃદયના દ્વાર પર ટકોર પડયા. ઘણુ....ઘણુ....કો અણપ્રીછયો પ્રીતમ ખખડાવતો હતો જીવનદ્વાર ! શોધવા જીવનસંગાથીને, લંબાવી પોતાના સુદૃઢ હસ્તો, આવ્હાન દેતો હતો એ સૌભાગ્યને અર્પવા અને મને જીવનની મહા મુસાફરીની શરૂઆતના આમંત્રણ દેવા, અને એક ધન્યપળે ખૂલ્યાં આત્માનાં દ્વાર ! આવ્યા અતિથિ મ્હારા હૃદય સમસ્ત ને ધન્ય બનાવતા, કટુતા અને વૈમનસ્યને ઘોળી પી જતા, કો મહાયોગી મૃત્યુંજય સમા એ સૌભાગ્યચંદ્ર ! અપનાવ્યા મેં એ શિરતાજને મારા જીવન સંગાથી તરીકે, સાગરને સરિતા ભેટે, ઉષાને ભગવાન સહસ્રરશ્મિ ભેટે, ગંગોત્રીને શૂલપાણી ઝીલે તેમ તેમના વિશાળ વક્ષઃસ્થળ પર ઢાળ્યું મેં મારૂં મસ્તક અને એજ હતું મારું સમસ્ત ! દિવસના પરિશ્રમથી શ્રાન્ત થએલી આ દેહકણિકા ને સ્વામીના સહવાસમાં સ્વર્ગના સામ્રાજ્ય પણ તુચ્છ હતાં મારા આ મહા સૌખ્યમાં. રાત્રિ અને દિવસો જતા વહી, જેમ ધોધનાં વારિ વહી જાય ઘુઘવાટ અને ધસ-

મસાટ કરતાં. ઉષા પ્રજ્વાળતી પ્રાચિનાં દ્વાર ત્યારે અર્ધખીલ્યાં કમળપુષ્પો સમાં અર્ધખીલ્યાં મમ દેવના નેત્રો સ્પર્શવામાં શું હતો આનંદ એ તો જાણી શકે તેજ, કે જેણે "પ્રેમપંથની પાવક જ્વાળામાં મરજીવા થઇને ડૂબકી ખાધી હોય !" નવચેતનની ચિનગારીથી પુનિત થતી આ દેહલતા દિવસે દિવસે ફુલતી, ફાલતી, વિશાળતા અનુભવતી, કૌમાર્યના રંગ સ્વસ્તિકોને સત્યતામાં ઉતારતી હતી હું તે સમયે, મારા જીવનનાથની પ્રેયસી અને પ્રાણની પરાગરજ સમી ફોરતી, પમરતી, દિવ્ય આર્યકુલભૂષણ ભગવાન વસિષ્ઠ ઋષિની અરૂન્ધતી સમી. આર્ય ભાવનાથી, ઓતપ્રોત ઓતસ્વિની ધન્યા કો સાવિત્રી !

સમયના ચક્રો હવે કંઇક ધીમી ગતિથી વહી જતાં હોય તેમ હવે જીવનનું પાત્ર વિશાળ થયું છે. ન્હાના એવા વર્તુળમાંથી સર્જાયાં છે હવે તો મહા વર્તુળો ! જનતા જનાર્દનની મહાસેવાનાં વ્રત આદર્યાં અમોએ, અને ઘડી જીવનના રસથી અને ઘડયાં કંઇકના જીવન અમારા ઉદ્દેશ, આદર્શ અને સદાચારથી ! છતાંએ છૂપું એ દિવ્ય બ્હેન બ્હેતું હતું અમ ઉભય હ્રદયો વચ્ચે જે લઇ જતું હતું જીવનરસ અન્યોઅન્યમાં; અને અર્પતું હતું ઓજસ, પ્રતિભા અને કાર્ય દક્ષતા અમો ઉભયને. હતું એજ છુપું બ્હેન મારૂં સૌભાગ્ય તે સમયે !

મુસીબતોના મહાવિકાળ રાક્ષસ સામે ઝઝુમતા અજેય આત્મલક્ષી ધ્યેયની પાછળ આલ્હેક જગવતા, રસ પીતાં અને પીવરાવતા મસ્ત બનતાં અને બનાવતાં, સર્વથી શ્રેષ્ટ સહુમાં અનોખી ભાત પાડતાં. નિહાળતી મારા પ્રિતમને જ્યારે હું સમી સંધ્યાએ આવતા અમારા અંતરદ્વારમાં, ત્યારે સ્હેજજ બોલાઈ જતું મારાથી કે આતો છે કો અજીત કાલાગ્નિથી પણ દુર્ધર્ષ. શૂલપાણીથીએ શ્રેષ્ટ અને ભાર્ગવ સમા મારા સૌભાગ્યનાથ.

બસ પૂર્ણ થાય છે મારા જીવનની આ લઘુ કહાણી. નથી હવે મને ભિન્ન જીવન રહ્યું કે નથી હવે મારૂં ભિન્ન અસ્તિત્વ રહ્યું ! હવે

તો જીવનની સન્ધ્યા પણ પાસે આવે છે—ઉન્માદકારી જીવન વહી ગયા પછી નદીના પાત્રમાં જેમ શિથિલતા તથા ધીર ગંભીરતા આવે એમ જીવનમાં ધીર ગંભીરતાએ પ્રવેશ કર્યો! અર્ધઝાંખા નેત્રથી નિહાળતી મારા સાભાગ્યનાથના વિયોગમાં પડી હું તો સજી રહી છું હવે ભવિષ્યના જીવનની શુદ્ધ સોનેરી સાંકળ! જેથી બાંધીશ, મારા આત્માના તાર, મારા એ યુગયુગના જીવનસાથી સાથે. કહે છે, પાશમાં બંધાએલાં દુન્યવી માનવીઓ કે મૃત્યુ છે મહાવિષમ દુઃખદાતા શત્રુ! પરન્તુ હું તો અનુભવું છું કંઇક જુદું જ. મૃત્યુ તો મને લાગે છે કે જાણે મારો સહોદર આવ્યો હોય નહિ, લઇ જવા મને મારા પિતા મહાશિવને ત્યાં! નથી હ્રદયમાં દર્દ કે નથી આકાંક્ષા, સર્વથી વિમુક્ત એવી હું જીવનઘટની પૂર્ણતા ભરી લીધા પછી, શા માટે રહે સદેહ કે સંમોહ! તિતિક્ષા પણ પૂર્ણ થઇ. આવ્યા આદેશ જગત જનનીના આવવા પોતાને દ્વાર અને આજે તો મહાસૌભાગ્યવતી હું જઈ રહી છું મારા પિતૃગૃહે. અને મારા સૌભાગ્યનાથ? એમનું અંતર તો હસું હસું થઈ રહ્યું છે! અવકાશમાં ચળકન્તા નક્ષત્રોમાં મારાં નેત્રો એમને સ્પષ્ટ દેખાય છે. સુસવતા કે ધીરી વાયુ લહરીમાંથી મળે છે તેમને મારો શ્વાસોચ્છ્વાસ. પરિશ્રમથી ઘેરાએલા એ ઢળે છે જ્યારે નિદ્રાદેવીને ખોળે ત્યારે મારા સ્પર્શની શિતળતા હજુએ તેમના કપોલ પર એવી જ છે, એમનાં કાર્ય કારણમાં ભરી દે છે મારા જીવનની રેખાઓ.

કહો ત્યારે શા માટે સાલે તેમને મારો વિયોગ? જો હું નથી એમનાથી વિભિન્ન જરી પણ. આજ છે અમ નારીજીવનનું મહા મોંઘુ અમૂલ્ય અને તપશ્ચર્યાથી પ્રાપ્ત કરેલું સૌભાગ્ય.

આદેશ છે મારો એ જગતજનનીનાં મંદિરની રચના કરનારી ભાગ્યવિધાતા સમી સાહેલીઓ! તમોને, કે શોધો તમ જીવનની ઉણપ અને ભરી દો તેમને તમારા સ્વામીની સેવાથી, રખે રાખતા હ્રદયમાં સંદેહ લવલેશ પણ તમારા સ્નેહીનાં સ્નેહનાં, પાવકમાં વસ્તુઓ પાવકમય થાય, ગંગોત્રીમાં ભળતો મળ ગંગા સમાન બને,

અમૃતમાં ભળતાં ઝેર અમૃત થાય, પારસમણી લોહને સુવર્ણ બનાવે તેમ તમારો પુનિત પ્રાણ રસથી તરબોળ પ્રેમ, તમારા વિશ્વને તમારા સ્વામિને ધન્ય બનાવશે. એમાં નહિ આવે પરતંત્રતા કે નહિ આવે આડાં ક્યાંય રૂઢિબંધનો! આત્માના આદર્શોના ઉંચા મિનારા ચણવા માટે તો આત્માનો પાયો ઉંડોજ નાખવો પડેને! મને સાંપડયું જે સૌભાગ્ય મારા લઘુ એવા જીવનમાં. મળો એવુંજ સૌભાગ્ય સહુ મ્હારી સખીને! અને પછી તો બોલાશે માત્ર એક જ મંત્ર કે "ॐ सहना ववतु, सहनौ भुनक्तु सहविर्यं करवावहै तेजस्विनावधीतमस्तु माविद्विषावहै" એ આર્યવેદની ઋચા ગૂંજશે સર્વગૃહોમાં, ત્યારેજ પરિપૂર્ણ થશે આ ભારતી મૈયાનું સૌભાગ્ય! કારણ, સર્જાયું છે મમ સૌભાગ્ય-માંથીજ એ મહા સૌભાગ્ય! અને ત્યારેજ પ્રાપ્ત થશે

"પ્રભુતામાં પગલાં માંડવા"નો સુભગ અને ગૃહજીવનને ઉન્નત કરવાનો સૌભાગ્ય પંથ!

દુર્ગાલક્ષ્મી

શ્રીમતી કુમુબ્હેન મજમુદાર [પેટલાદ]

૧

'દુર્ગા આજ બે ત્રણ દિવસ થયાં તું કેમ મારાથી આઘીને આઘી ન્હાસે છે!'

'શું કરવા બા તમારી પાસે બેસું તો એની એજ વાત કર્યાં કરો છો'

'આજ તો તું પકડાઈ ગઈ ત્યારે.'

'ના ના પકડાઇ ગયા જેવું તો કાંઇ નહિં'

'હું જાણું છું મારી દીકરી તને એ વાત નથી ગમતી, પણ શું કરું હવે તારી ઉમ્મર થઇ એટલે તેનો નિવેડો આણ્યા વિના હમારો કે તારો છુટકો નથી.'

'છુટકો નથી તો પછી મને શા માટે પૂછ્યા કરો છો ? જેમ તમને ગમે તેમ કરો.'

'હમારા ગમ્યા પ્રમાણે કરવાનું હોત તો પછી ચાર ચાર ઠેકાણાંનાં આવેલાં માગાં પાછા શું કામ વાળ્યાં હોત ?'

'આજસુધી નથી કર્યું તે હવે કરવું છે ? તેમાં મારા મોઢાની તમને હા જોઇએ છે ? ભલે મોઢાની હા મેળવો હૃદયની તો નહિ મળે. જ્યાં તમારે આખરે આમ જ કરવું હતું તો પછી પ્રથમથી જ મારી સંમતિ પૂછવી નહોતી. ભાઇએ ઊંચા પ્રકારની કેળવણી આપી, તમે સારાસારનો વિચાર કરી મત દર્શાવવાનો અધિકાર આપ્યો, હશે, હું તો આપણી પ્રચલિત કહેવત પ્રમાણે યાદ કરીને મન વાળીશ કે 'દીકરી ને ગાય જ્યાં દોરે ત્યાં જાય' પરંતુ મારી બીજી બેનોને એ પ્રમાણે ના કરશો.'

'બેન, આટલું ઉશ્કેરાઇને શોક કરવા જેવું કાંઇ એ ઠેકાણું મને લાગતું નથી. શિવપ્રસાદ ઘણાજ સારા સ્વભાવનો છોકરો છે, ભણવા વિગેરેમાં પણ તે હોંશીયાર છે, આ વર્ષે ઇન્ટરમાં ઊંચે નંબરે પાસ થઇ બી એ.માં ગયો છે.'

'બા એ તો સારૂં છે પણ આસપાસનાં માણસો કેવાં છે તે તમે કાંઇ નથી જાણતાં ?"

'તે હું જાણું છું, પણ તે ભણી રહ્યા પછી તારે કાંઇ કષ્ટો સહન કરવાનો વખત નહિ આવે.'

'પણ તે વખતને તો ઘણી વાર બા ! તમે મને ફોસલાવો છો શું કામ ?'

'ગાંડી રે ગાંડી એવાં કયાંથી ધનભાગ્ય હોય કે કુટુંબીજનો સાથે રહેવાના લ્હાવા મળે. ગુણસુંદરીની તો તું પ્રશંસા કરે છે.'

'તેથી કાંઇ મારે પણ તેવાંઓની સાથે સંબંધ બાંધવો જોઇએ ?'

'ત્યારે બધી રીતે યોગ્ય ઠેકાણું મળવું તો મુશ્કેલ છે.'

'ત્યારે એમ ન થઇ શકે ? હાલમાં મને પંદરમું વર્ષ ચાલે છે ભણી રહેતાં ચારેક વર્ષ જોઇશું, તેટલો વખત આપણે થોભી જઇએ.'

'આપણે તો થોભી જઇએ પણ ભણી રહેતાં સુધી એ કુંવારો ભાગ્યે રહેશે.'

૨

'દુર્ગા એ દુર્ગા ક્યારની શું કરે છે, ચોકડી પર.'

'બા કપડાં ધોઉં છું.'

'આમ તો ચોકડી ત્રીજે દિવસે ભાંગી જશે! બહુ મોટાં કપડાં ધોવાનાં છે તે, રહેવા દે હમારે તો કાંઇ ધોવા નથી.'

દુર્ગાલક્ષ્મી ત્રણ મહિના થયાં પરણીને સાસરે આવી છે, તે બહુએ ઇચ્છે છે કે સ્વ. સા. ગોવર્ધનરામની ચોપડીનાં પાત્રો સૌભાગ્ય દેવી, અલકકિશોરી, અને કુમુદ જેમ રહેતાં તેમ પોતાનાં કુટુંબીઓ સાથે પોતે રહે, પરંતુ તેની તે ઇચ્છા તેના મનમાં જ રહી જતી; અને ગુણસુન્દરીના ગુણ ધારણ કરવા છતાં પણ ધિરજની પરાકાષ્ટાજ થતી.

'બા આજે તમારી તબિયત ઠીક નથી ત્યારે દેવસેવા હું કરૂં?'

'ના મારે કાંઈ કરાવવું નથી! હું શું નથી કરતી? સવારની ઉઠીને જરાએ બેઠી નથી.'

જો કે ઘરનું સર્વ કામકાજ દુર્ગાલક્ષ્મી જ કરતી હતી. બપોરે નવરાશના વખતમાં ઘરનાં સર્વને માટે નવાં કપડાં તૈયાર કરવાં, અગર સાસુજીના શ્રીમુખમાંથી ઝરતાં અમૃતવાક્યોનું શ્રવણ કરવું, નણંદનાં છોકરાંઓને રમાડવાં, કદાચ જો એના હાથમાં ચોપડી જોવામાં આવે તો નણંદનો પારો એકસો દશ ડીગ્રી સુધી જતો રહેતો.

વૈશાક માસ આવે છે, મે વેકેશનથી કૉલેજો બંધ છે, બપોરનો વખત છે, શિવપ્રસાદ પોતાના રૂમમાં બેસી વાંચી રહ્યા છે, છતાં વાંચવામાં તેમનું બરાબર ચિત્ત નથી. કોઇનો પગરવ સાંભળતાં તુરત દ્વાર તરફ જુએ છે પણ ઇચ્છિત મૂર્તિ તે ન જોતાં ફરી વાંચ-

વામાં ચિત્ત પરોવવા વૃથા પ્રયત્ન કરે છે. આ પ્રમાણે ઘણો વખત ગયો પણ કોઇ આવ્યું નહીં, હવે શિવપ્રસાદની ધીરજ ખુટવાથી તેઓ એક બારી પાસે જઇ ઊભા. ત્યાંથી આગળના હૉલમાં બરાબર જોઈ શકાતું હતું. તેમણે જોયું કે મોટાં સર્વ નિદ્રાધિન થઇ ગયાં છે; ફક્ત જાગે છે બે ચાર છોકરાં અને દુર્ગા. તેઓની જિજ્ઞાસા વધી, દુર્ગા બેસીને શું કરી રહી છે તે જોવા તેઓ હૉલના બારણા પાસે આવ્યા. દુર્ગાની બારણા તરફ પીઠ હતી, તેથી તે તેમને જોઈ શકી નહિ તે શું કરતી હતી ? તેમણે શું જોયું ? દુર્ગા ખાટમાં સુતેલાં સાસુજી ને એક હાથે હીંચોળે છે. વળી બીજે હાથે પારણામાં સુવાડેલા નાના બાળકને હીંચકાવે છે. શિવપ્રસાદ દૃષ્ય જોઈ રૂમમાં પાછા ફર્યા અને વાંચવા બેઠા. રાત પડી. આખા દિવસના તાપથી બળેલાં પ્રાણીઓ કાંઇક શાન્તિ મેળ-વવા લાગ્યાં; દર વર્ષની માફક આ વર્ષે પણ લોકો બૂમ પાડે છે કે આવો તાપ કોઈ વખત પડયો નથી. લગભગ અગિયારનો સુમાર થવા આવ્યો છે.

'ઓહો આખરે સાધના ફળી ખરી.'

'દુર્ગાલક્ષ્મીને જોતાં શિવપ્રસાદે કહ્યું. 'કેમ દુર્ગા અને લક્ષ્મી એ દ્વીગુણી દેવીનાં દર્શન કરવા માટે તો આખો દિવસ ઉપાસના જ કરવી જોઇએ કેની ?'

દુર્ગાએ પણ તેવા ટોળમાં કહ્યું.

'શું કરીએ મહાદેવને સમાધી વિદ્યા ઘણી પસંદ છે એટલે તેમાં વિક્ષેપ પાડતાં બીક લાગે.'

'પણ તે સમાધિમાંથી નિવૃત્ત થઇ બોલાવે પછી બીક શાની ?'

'અરે ભોળા શંભુને તો ના પહોંચાય તે તો ઘડીકમાં બોલાવે ને ઘડીકમાં ભુલી જાય' બન્ને જણ હસી પડયાં.

'બપોરે કેમ ન આવ્યાં ! આ ચોપડી તમને આપવાની હતી.

આમાંથી કેટલાંક વાકયો ન સમજાય તેવાં છે, તેવાની જુદા કાગળ ઉપર નોટ કરજો અને મને પૂછજો.'

'ભલે' કહી દુર્ગાએ ચોપડી લીધી (પણ તેનું હૃદય અંદરથી રડતું હતું કે ગમે તેટલી સારી ચોપડી હશે; પરંતુ તેને વાંચવા જેટલું મારૂં ભાગ્ય નથી, તે કયે વખતે વાંચવાની હતી !)

'ઠીક પણ બપોરે તમે કેમ ન આવ્યાં'

'આપના કહ્યા પ્રમાણે આવી શકી નહિ તેની માફી માગું છું.'

'કારણ જાણ્યા સિવાય માફી કંઈ મળવાની નથી.'

'કામમાં રોકાઇ હતી.'

'શા કામમાં ?'

'કેમ આજે કાંઈ આટલો બધો હિસાબ લેવા માંડયો છે.'

'મારાથી છાનું રાખવાનું હોય તો ના કહેશો.'

'સર્વજ્ઞથી વળી શું છાનું હોઇ શકે ?'

'એમ વાતને મશ્કરીમાં ઉડાવાશે નહિ.'

'ભાણાંને હિંચકાવતી હતી.'

તેના હૃદયની ઉચ્ચતા માટે તેમને આનંદ થયો અને હસતાં હસતાં પૂછયું.

'અને બીજા કોઇને.'

'જોઈ ગયેલા લાગો છો. જાવ હવે હું નથી બોલવાની તમારી સાથે. તમે ચોરી કરી.'

'શું દરરોજ આમ હિંચકાવવા પડે છે! ત્યારે તમે વાંચવાનો કયો વખત રાખ્યો છે ?'

દુર્ગાલક્ષ્મીને એક પળમાં કેટલાય વિચારો આવી ગયા.

'બધું કહી દઉં.'

વળી વિચાર થયો, 'ના ના અભ્યાસમાં ખલેલ પડે.'

કાંઈ જવાબ ન સુજતાં તે ખુરશી પરથી ઉઠી અને ઘડિયાળ તરફ જોતાં બોલી

'ઓહો બાર થયા સુઇ જાવ, પછી વાંચવા ઉઠાશે નહિ. કહો આજ કેટલા વાગે ઉઠાડું?' કહી તેણે દીવો દૂર બાજુ ઉપર મુકી દીધો અને દંપતી પ્રબળ સત્તાધિકારીણી નિદ્રા દેવીને સ્વાધિન થયાં.

૩

'મામી, તમને બા બોલાવે છે.'

'જા કહેજે કે હમણાં આવે છે.' શિવપ્રસાદે જવાબ આપ્યો. તેમની પરીક્ષાનો વખત ઘણો નજીક આવતો જાય છે, તેમની સગવડ સાચવવા દુર્ગા પોતાથી બનતી દરેક કાળજી રાખે છે. અને તેમ કરતાં ઘરનાં માણસો તરફથી તેને કેટલુંક સહન કરવું પડે છે. આજે તેમનું માથું દુખતું હતું જેથી દુર્ગા દવા લગાડવા આવી છે. આવ્યે ભાગ્યે જ દસબાર મિનિટ થઈ હશે એટલામાં ત્રણ તેડાં આવી પણ ગયાં. મામી તમે ઝટલઇને નથી આવતાં તેથી બા તથા મોટી બહેન તમારા ઉપર બહુ ચીઢાઇને બોલે છે.' વૃંદા સાતેક વર્ષની છોકરી હતી તેણે કહ્યું. 'વૃંદાબહેન અહીં એવી વાત ના કરીએ' 'કહે વૃંદા, બા તથા મોટીબહેન શું બોલે છે?' શિવપ્રસાદે પૂછયું.

'કહું મામી?' વૃન્દા હસી.

'હમણાં રમવા જાવ.' હું બહાર આવીને તમને કાંઈ આપીશ.' બાલિકા કૂદકા મારીને નાઠી, શિવપ્રસાદે ઘણું બોલાવી કાંઇ કાંઈ લાલચો બતાવી પણ તેતો ન જ આવી. શિવપ્રસાદે ગંભીર મુદ્રાથી કહ્યું 'તમે આમ મારાથી કાંઈ છુપાવો તે ઠીક નહિ.'

'હમણાં તમારે ભણવાનું છે, વ્યવહારની વાતો જાણવાને વાર છે.'

તેઓ જાણતા હતા કે પરીક્ષા પાસે આવે છે તેથી વિશેષ કાંઈ ન બોલ્યા.

'ભાભી, આટલી બધી વારથી શું કરતાં હતાં? ઘરમાં કાંઇ કામ નથી કે શું?'

'માંથુ દુઃખતું હતું તેથી દવા લગાડવા ગઇ હતી.'

'વળી એમ બહાના શું કરવાને કહાડો છો?'

'પેન્સિલ ઘડી આપવા ગઇ હતી. .... ચા આપવા ગઇ હતી.'

'અરે હમણાં હમણાં તો એને ભંભેરીને ભૂત કરી મૂક્યો છે.' સાસુજી બોલ્યાં.

'બા, જાણે પહેલાં ભાઈ હતો તે ભાઇ જ ન હોય. બહાર ચા કરે તો છોકરાંને કે કોઈને આપવો પડે અંદર તો સ્વતંત્રતાથી પીવાય.'

'મોટી બેન હું કોઇ દિવસ ચા ક્યાં પીઉં છું.'

'હા હા હમે બધું જાણીએ છીએ. હમને જણાવવાનું કે નથી પીતી.'

'એની વાત તો ના કહ્યામાંજ માલ છે મોટી, શાક, અથાણાં, ચટણી, એ બધું એને જોઇએ કશા વગર એને ના ચાલે.'

'ભાઇસાહેબ તેલ મરચાં તો હું સ્વપ્ને પણ ખાઈ શકતી નથી.' પણ તેનું કોણ સાંભળે! બન્ને મા દિકરીએ મળી તેની સાત પેઢી ઉથલાવી નાંખી. દિલે તો સાબુ ચોળવાને જોઇએ છે ને વળી ઘડી ઘડી ટુવાલથી હાથ લૂછવાના એ બધું શા ઉપર? હજી ધણી તો કમાતોયે નથી તે પહેલાં આ બધો રોફ, અમે તો આવી રીત જાણી નથી. મારી છોકરી ક્યાં વધારે છે. દસ વખત ચા કરીને પાઉં એવી હું હજી તો બેઠી છું, શીવથી તો કશું બોલાતું નથી, ન જાણે શું એ કર્યું છે. મારા ભોળા છોકરાને ઇ......'

'દુર્ગા મૂક બની આ બધું સાંભળતી હતી; અને કાંઇ કામ કરતી હતી. આખરે જ્યારે એની ધીરજ ખુટી અને નજ સહન થયું ત્યારે આંખમાંથી અશ્રુબિંદુ ટપકવાં લાગ્યાં.

આજે મુંબાઈનું રીઝલ્ટ જણાશે. શિવપ્રસાદના મિત્રો તારથી ખબર આપવાના છે. તેમને સંપૂર્ણ ખાત્રી છે કે પોતે પાસ તો થશે જ તેથી તેમના મોં ઉપર પ્રફુલ્લતા પ્રસરેલી છે ત્યારે દુર્ગાલક્ષ્મી આજે ઉદ્વિગ્ન જણાય છે. તેને હજારો વીતકો ગભરાવી રહ્યા છે. 'તે પાસ નહિ થાય તો ? માતુશ્રી મારા ઉપર જ દોષ મૂકશે. મેં જ અભ્યાસ ન કરવા દીધો એમ કહેશે, અને તેમને બોલવાનું એક કારણ જડશે.' વળી તે સજળનયને પ્રભુપ્રાર્થના કરતી. 'પ્રભુ આ બાળકી તરફ છેક જ નિર્દય ન થશો'

'આજે તો તમારે આનંદમગ્ન રહેવું જોઇએ તેને બદલે કેમ ઊલટું જ દેખાય છે ?' શિવપ્રસાદે જમતાં જમતાં પૂછ્યું.

'સાંજે આનંદના બ્હેણુ વહેંવડાવવા માટે સંચય કરી મૂકું છું.' દુર્ગાલક્ષ્મીએ મુખ પર સ્મિત લાવતાં કહ્યું. પરંતુ તે સ્મિત તદ્દન બળાત્કારે આણેલું હતું. 'મહાદેવજી કરે ને તમે પાસ થાવ.'

'હું પોતે જ મહાદેવજી છું ને ? પછી શા માટે નહિ થાઉં. મને તો ઉંચા ક્લાસને માટે પણ આશા છે. છતાં તેનું તો કદાચ નક્કી ન કહી શકાય......'

સાંજ પડી સર્વ આતુરતાથી તારવાળાની રાહ જોવા લાગ્યાં. આખરે તારનો સિપાઈ આવ્યો અને શિવપ્રસાદના હાથમાં તાર મૂકી ઇનામની આશામાં ઉભો રહ્યો. શિવપ્રસાદે ઉત્કંઠાથી પોતાને સંપૂર્ણ ખાતરી હોવા છતાં સહજ અવિશ્વાસની ઝાંખીપૂર્વક તાર ફોડયો. સર્વનાં મન પણ તે દિશા તરફ વળ્યાં. અધિરાઇથી માતુશ્રી પૂછ્યા કરતાં હતાં, 'ભાઇ માંહ્ય શું લખ્યું છે ?' શિવપ્રસાદે પટાવાળાને ઇનામ આપ્યું ને માતુશ્રીને મસ્તક નમાવી કહ્યું. બા હું પાસ

છું. મારૂં નામ સેકંડ કલાસમાં આવ્યું છે!' માતુશ્રીએ મસ્તક ઉપર હાથ મૂકતાં ઉમળકાભેર કહ્યું. 'જાવ તમે બન્ને જણ ઠાકોરજીને પગે લાગી આવો. જા દુર્ગા.'

બે વર્ષે આજ સમાનતાભર્યા સાસુજીના શબ્દો સાંભળી દુર્ગાના આનંદમાં આનંદ ઉમેરાયો. દંપતી ઠાકોરજીને પગે પડયાં 'બન્ને સાથે જ ખરા અંતઃકરણના ભાવ પૂર્વક ઠાકોરજીને પગે પડયાં. પ્રભુના ગહન ગુઢતા ભર્યા આશિર્વાદો મેળવ્યા અને બહાર આવ્યાં. મિત્રો અને સંબંધીઓ અભિનંદન આપવા માટે આવવા લાગ્યાં. આખરે રાત્રે દસ વાગે એ બધામાંથી મુક્ત થઇ શિવપ્રસાદ પત્ની પાસે આવ્યા, બીજી કેટલીક વાત કર્યા પછી પાસ થયાના વિષય ઉપર વાત નીકળી.

'દેવી! આ વખતે હું પાસ થયો તેનું ખરું માન તો તમને ઘટે છે,'

'વાહ આપણા ગુજરાતીઓનો તો એ નિયમજ છે ને કોઇકની મહેનત ને મારી ફત્તેહ!'

'પણ હવે તે નિયમ બદલાવા માંડયો છે. મહાત્મા ગાંધીજી સત્યાગ્રહને પોતેજ અમલમાં મુકી બતાવે છે. અને સર્વ કોઇ સમજ-પૂર્વક તેનું અનુકરણ કરે છે, અર્થાત્ કમી કરે છે.'

'ખરેખર સત્યાગ્રહથી આપણા જન સમાજ પર ઘણો સારો પ્રકાશ પડયો. આપણે મૂળથીજ શાન્તિપ્રિય છીએ તેથીજ આ માર્ગ સર્વના હૃદય સુધી પહોંચી ગયો છે. મારા ધારવા પ્રમાણે તો સ્ત્રીઓ પણ જો આ સિદ્ધાન્તને વ્યવહારમાં ઉતારે તો વ્યવહાર પણ ઘણો ઉન્નત બન્યા સિવાય રહે નહિં. કુટુમ્બીઓમાં કલેશ, કંકાસ કે ઝેર-વેર ને અવકાશ જ રહે નહિ.'

'એકલી સ્ત્રીઓજ નહિ પણ સ્ત્રીઓ અને પુરૂષો બન્ને મળીને જ્યારે તેને વ્યવહારમાં ઉતારશે ત્યારે આ સંસાર જેને વિકટ અરણ્ય કે ખારા સમુદ્રની ઉપમા આપવામાં આવે છે, તે સુરવાડી અને સુધાનિધિ બની જશે.'

આમ સામાજીક તેમ ધાર્મિક વાતોને વાતોમાં ન રહેવા દેતાં વ્યવહારીક કાર્યો સાથે કેવી રીતે ઓતપ્રોત કરી શકાય, વળી એમ એકતા કરતાં વચ્ચે આવતી મુશ્કેલીઓને કેવી રીતે દૂર રાખી શકાય વિગેરે વાતોમાં રાત્રિ પસાર થઈ ગઇ.

૪

મારા પ્રભુ !

વિ. વિ. સાથે ઇચ્છુ છું કે ઇશ્વર તમને સર્વદા અનુકુળ રહો. આ પત્ર તમારા હાથમાં આવશે તે વખતે મારી સ્થિતિ નથી ખબર કે કેવી હશે. ચારેક મહિના ઉપર તમે અહીં આવ્યા ત્યારે મારૂં શરીર જોઈ તમે મને તથા ઘરમાં સર્વને દવા વિગેરેની સૂચના કરી ગયા હતા. અને તમે અહીં હતા ત્યાં સુધી થઇ પણ ખરી, પરંતુ વહુ માંદી પડે તે તો ઢોંગ કહેવાય, એ નિયમાનુસાર દવા બંધ કરાઈ ! તમે તે દિવસે પૂછ્યું હતું કે છ મહિનામાં શરિરની સ્થિતિ આમ કેમ ?' તે દિવસે એ વાત મેં મશ્કરીમાં હસી કહાડી હતી, પણ આજે તેનો ખુલાસો કર્યા સિવાય છૂટકો નથી. કારણ કે હું તો હવે જવા બેઠી છું, તે જઇશ જ; પરંતુ ભવિષ્યમાં ફરી એવું પરિણામ ન આવે તેને માટે સાવચેત રહી શકો.

માતુશ્રીએ તથા બ્હેને મને હંમેશા એક દુશ્મન તરિકે જોઇ છે. હું કોઇની સાથે વાત કરું તે ધૃષ્ટતા મનાય છે, હસવું, જરા ઠીક કપડાં પહેરવાં, અગર સાબુથી નહાવું કે મારાં કપડાં સાબુથી ધોવાં તે સર્વ મારે માટે વર્જ્ય ગણાય છે, ગુન્હો ગણાય છે. મારાં દરેક કામો એમને દોષયુક્ત જણાય છે; હું જેમ જેમ સ્નેહ મેળવવા પ્રયત્ન કરતી ગઇ, તેમ તેમ મારા પર વિશેષ દબાણ થતું ગયું ! હવે એ દબાણનો ભાર વિશેષ સહન થઇ શકતો નથી. મને એમ ઇચ્છા હતી કે ખાસ જાણવા જેવા એક બે દાખલા તમને લખીશ;

પરંતુ આજે મારો હાથ ચાલતો નથી. અને શું શું લખું ! કોને લખું ! વિગેરે વિચારો આવતાં ગભરામણ થઇ આવે છે. કોઇ મારી સાથે વાત કરે તો 'આજ કાલની આવેલી સાથે શી વાત કરવી હતી ? કરી તેને બંધ કરવામાં આવે છે. કોઇને ત્યાં ન જવા માટે આડકતરી રીતે સૂચનો થયાં કરતાં અને હું સંપ જાળવી રાખવાની ખાતર, સ્નેહ મેળવવાની ખાતર, તેમની સૂચનાનુસાર વર્તતી; તેથી અન્ય સંબંધિઓ મને કવચિત્ કવચિત્ અતડીનું વિશેષણ આપતાં, તેમની હંમેશની એક વિશેષ ફરિયાદ એ છે કે તમે મારા ઉપર સ્નેહ શા માટે કરો છો ? મને લાડીના દાવનો અખાડો શા માટે નથી સમજતા ? ભલા હું તમને પૂછું છું કે તમે એમ કાં ન કર્યું ? જો તેમ કર્યું હોત તો મારી સર્વ આશાઓનો અંત આવતાં હું આજે સુખથી મરી શકત. ધાંચીના બેલે ત્રણ દિવસથી નોકરી છોડી છે, ને શય્યાનો આશ્રય લીધો છે, બીજા ત્રણ દિવસ ભાગ્યેજ જશે એમ અનુમાન તો કરી શકું છું, પછીની ઇશ્વરને ખબર ! પ્રભુ મારા મનમાં એક અભિલાષ હતી કે આપને મળાય તો ઠીક; તે મેં ગઇ કાલે મોટી બ્હેનને કહ્યું તો તેમણે કહ્યું કે 'ભણવાનું મુકીને તારા સામું જોઇને બેસી રહે શો દહાડો વળવાનો હતો ? આટલામાં કાંઈ મરી જવાનું નથી, અને તેમ કરતાં તેમ થશે તોયે શું, બૈરી માણસની જાતને મુઆનું દુ:ખ શું ? બૈરી મુઇ ને ઉંદરડી મુઈ, મને પણ ખરૂં લાગ્યું કે હું શો દહાડો વાળી શકવાની છું, જોકે મને ખાતરી છે કે હું તમને લખત તો તમે આવ્યા સિવાય રહેત નહિ; પણ તેથી ઊલટું તેઓ મારી પર મેણાં વિગેરેનો વરસાદ વરસાવી કંકાસ કરે અને હવે તે બધું સહન કરવા જેટલી મારામાં શક્તિ નથી. તમે કહેશો કે આમ હતું તો પિયર ચાલ્યા જવું હતું, પણ શું મારી રાજી ખુશીથી નહીં જતી હોઉં ? આજ બે વર્ષ થયાં મેં મારા પિયરનું મોં જોયું નથી; પરંતુ મને તે બાબતની દિલગીરી બીલકુલે નથી. મારૂં કહેવું એમ નથી કે દોષ બધો એ બન્ને જણાનો જ છે, ને હું તો દોષમુક્ત છું. મારો પણ કાંઇ દોષ હશે જ પણ મારા દોષો તેઓ મને

દર્શાવતાં હોત તો હું તેને બનતા પ્રમાણમાં સુધારવા પ્રયત્ન કરત. અને તેઓને કાંઇક શાન્તિ આપી શકત, તો તેટલો પણ મને અત્યારે સંતોષ રહેત. હશે, જો કે પરિણામે મને તો કેટલોક લાભ જ થયો છે, મિતભાષીપણું સર્વને માટે દયાની લાગણી, નીસ્સ્વાદતા તથા બીજા કેટલાક સંયમો કે જે હું અહીં આવ્યા પછી જ શીખી શકી છું તેને માટે તો મારે તેઓનો આભાર માનવોજ જોઇએ. અને માનુ છું. આત્મોન્નતિના પાઠ પ્રથમ તો કડવાજ લાગે છે, હવે તો આ કથા બંધ કરૂં છું. આટલું વાંચતાં પણ કંટાળી જશો, તમારા શરિરને માટે બીલકુલ બેદરકાર રહેશો નહિ. જે સર્વનો સહાયક ને રક્ષક છે તે તમારો પણ સર્વદા બનો એમ ઇચ્છું છું. મને યાદ નથી કે તમારો કોઇ ગુન્હો મે કર્યો હોય છતાં કદાચ ન જાણતાં કાંઇ થઈ ગયો હોય તો માફ કરશો.

લી. જન્મો જન્મની દાસી થવા ઇચ્છતી
તમારી દુર્ગાના પ્રણામ

૫

બપોરનો વખત છે. સર્વ કોઈ પોતપોતાને ઉદ્યમે લાગી ગયા છે. કોલેજના છોકરાઓ પોતપોતાના અભ્યાસમાં પ્રવૃત થઇ ગયા છે. ફકત એકજ છોકરો પોતાની ઓરડીમાં બેસી રહ્યો છે અને તે શિવપ્રસાદ છે. જ્યારનો તેમને પત્ર મળ્યો છે, ત્યારના તેઓ વ્યાકુળ થઇ રહ્યા છે. આજે નતો તેમને જમવાનું સારૂં લાગ્યું કે નતો વાંચવાનું, તેઓ વારંવાર પત્ર વાંચે છે અને ઘડીઆળ તરફ જોઈ વિચારે છે કે ક્યારે સાંજ પડે ને ટ્રેન ઉપર જાઉં. આજે દિવસ પણ જાણે તેમનો શત્રુ થઇ બેઠો હોય તેમ યુગના યુગો જેટલો લાંબો થઇ ગયો છે. કેટલીએવાર પછી ઘડીઆળ તરફ દૃષ્ટિ કરવા છતાં પણ તે શ્યામવર્ણં કાંટાઓ ફક્ત પાંચ જ મિનિટ ખસ્યા હોય છે. ઘડીઆળ પર પણ તેમને વિશ્વાસ રહી શકતો નથી, ઘડી ઘડી બહાર દૃષ્ટિ કર્યા

કરે છે તો તે પણ જેમને તેમજ સ્થિર થઇ ઉભો રહેલો હોય તેમ લાગે છે.

'દુર્ગા તમે મને પ્રથમ કેમ ન જણાવ્યું ? શું હું એટલો બધો સ્વાર્થી હતો કે તમને હેરાનગતીમાં રાખી હું મારા સ્વાર્થમાં મંડયો રહત ? તમે મને ભવિષ્ય માટે સૂચના કરો છો દેવી ? શું તમારૂં તથા મારૂં ભવિષ્ય ભિન્ન હોઈ શકે ખરૂં ? તમારા ભવિષ્ય પર જ મારા પ્રાયશ્ચિતનો આધાર રહેશે. છેવટે આ પત્ર તો બે દિવસ પહેલા લખવો હતો ? હવે શું હું તમને મળી શકીશ ખરો ? તમે તો તમારી ફરજ બજાવી. પરંતુ મેં જ મારા સર્વ શિક્ષણને લજાવ્યું છે. ચાર મહિના ઉપર આવ્યો અને શરીર ક્ષીણ દેખ્યું, તે વખતે જ બરાબર તપાસ કરી યથાર્થ ઉપાય કરવાની જરૂર હતી. તે મેં ન કર્યું. એક ઉગતી કળી પર બેદરકારીથી પગ મુકયો.' પત્નીનું એકે એક વાકય બાણની માફક તેમનું હૃદય કોરી રહ્યું હતું.

'સહન કરતાં શરીર ઘસાઇ ગયું છતાં એક પણ ઠપકાનો શબ્દ નથી લખ્યો કે નથી કોઇને માટે અપશબ્દ વાપર્યો. ઊલટું તેમાંથી પણ તમે અધ્યાત્મ પાઠો લીધા છે, દૈવે અમૃત તો દીધું પરંતુ હું તેની કદર કરી શકયો નહિ. પ્રભુ તમને આરામ કરે, અને હું મારી બેદરકારીનું પ્રાર્યશ્ચિત કરી શકું.'

તેઓ ઉઠયા અને કપડાં પહેરવા લાગ્યા. જો કે હજી તો ટ્રેન પર જવાને બે કલાકની વાર હતી. પરંતુ હવે તેઓની ઉદ્વિગ્નતા—અધીરાઈ ઘણાં વધી ગયાં હતાં. કયારે તેને જોઇ શકું એજ તેમનુ ધ્યાન થઇ રહ્યું હતું. તેઓ બ્હાર નીકળ્યા અને સામેથી તારવાળાને આવતાં જોયો 'શિવપ્રસાદ તમારૂં નામ કે ?' તે તારવાળાએ પૂછ્યું. 'હા.' કહી તેમણે સહી કરી આપી અને તાર લીધો તે તારમાં શું લખ્યું હતું ? 'દુર્ગા આ દુનિયાં છોડીને ચાલી ગઈ છે' શિવપ્રસાદ બેભાન થઈ પાસે પડેલી એક આરામ ખુરસીમાં પડયા 'હાય દેવી માફી માગવા જેટલો પણ સમય ન આપ્યો !'

૬

પતિતપાવની ભાગીરથી મંદમંદ વહી રહી છે. હજારો લોકો નાવા ધોવા કે દર્શન નિમિત્તે ત્યાં આવે છે ને જાય છે; છતાં સર્વનું ધ્યાન એક એકાન્ત બાજુ પ્રતિ વિશેષ આકર્ષાતું લાગે છે. ત્યાં શું છે? એક યુવાન સંન્યાસી અનિમિષ નેત્રે ગંગાના પ્રવાહપ્રતિ જોઇ રહ્યો છે. તેના દેહમાંથી ઓજસ્‌ના ફુવારા ફુટી રહ્યા છે! આજે ત્રણ દિવસ થયાં એ અહીં આવ્યો નથી. નથી તેને પૈસાની લાલસા કે નથી તેને માનની લાલસા. આજે ત્રણ દિવસ થયા છતાં પણ કોઇએ તેને ભિક્ષા માગતાં પણ જોયો નથી. સર્વ કોઇ અરસપરસને પૂછ્યા કરે છે એ કોણ છે? એક કહે 'કોઈ હઠયોગમાં નિરાશ થયેલા હોય તેમ લાગે છે' બીજો કહે 'નાના એ તો યોગસિદ્ધ યોગી જેવો લાગે છે. એની પ્રભા તો જુવો! જાણે જોઈજ રહીએ' સ્ત્રી વર્ગમાં એની એજ વાત, 'પહેલી યુવતી 'અલી પેલો કોઇ સંત મહાત્મા હોય તેમ લાગે છે. ચાલ તેને નમસ્કાર કરી આવીયે.' બીજી યુવતિ 'ના બા, કોઇ યોગગર્વી હોય ને શ્રાપ આપે તો? 'મનમાં ચંગા તો કથરોટમાં ગંગા' અહીંથી જ નમસ્કાર કર્યા, ત્યાં ઓવારા પર એક વૃદ્ધ સ્ત્રી સ્નાન કરી રહી હતી તેણે આ વાતો સાંભળી. તે દિશા તરફ જોયું અને એક નિઃશ્વાસ નાંખી બોલી 'બેટા આટલી નાની ઉમ્મરમાં આ ભેખ, તારો ભેખ જોઇ મને મારો પુત્ર—આટલું બોલતાં બોલતાંમાં તો તે વૃદ્ધ સ્ત્રીની આંખોમાંથી અસ્ખલિત અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો, ઘડીભર તે નાવાનું પણ વિસરી ગઈ અને તે સન્યાસી પ્રતિ જોઈજ રહી.

આપણને પણ પ્રશ્ન થશે કે એ કોણ છે?

દુર્ગાની સાથે જ આપણી વાત પુરી થાત પણ શિવપ્રસાદની તથા તેમના કુટુંબની થોડી ખબર લીધા સિવાય આપણાથી રહી શકાય તેમ નથી, દુર્ગાના સ્વર્ગવાસને પાંચ વર્ષ વીતી ગયાં છે. તે અરસામાં તેમનાં કુટુંબમાં કેટલાંએ પરિવર્તનો થઇ ગયાં છે. દુર્ગાલક્ષ્મીએ જ્યારે પતિને પત્ર લખ્યો હતો ત્યારે એક પત્ર પિયર પણ

લખ્યો હતો. તેમાં તેણે પોતાની સર્વ હકીકત લખ્યા પછી લખ્યું હતું કે તમે મને ગુણસુન્દરીની યાદ દેવરાવી પણ એટલું યાદ ન રાખ્યું કે ઘેર ઘેર માનચતુર જેવું એકાદ ન્યાયી માણસ ભાગ્યે જ હોય છે. હવે તો—

ઓ મારવના ઉડનાર પંખી તું જાજે રે
જઇ કહેજે માને બાપ દીકરી તમારી રે
મરી ગઇ છે સાસરીયા માંહ્ય દુઃખે દબાઇ રે

તેમાં બીલકુલે તમારો દોષ હું જોઇ શકતી નથી. મેં ભૂતકાળમાં આવાજ બધા સંજોગોની ઇચ્છા કરેલી; ... તે પ્રમાણે મને મળ્યું ! હવે શોક કરી દુઃખી થશો નહિ એ જ મારી વિનંતિ છે. મારી નાની બહેનોને મારા અનેક આશિર્વાદ ! પત્ર મળતાં જ માતા પિતા પુત્રીને મળવા દોડી ગયા. પરંતુ તેઓના જતા પહેલાં જ પુત્રી તો પરલોક સિધાવી હતી. તેઓને બહુ પશ્ચાત્તાપ થયો. પોતાની નજીવી ભૂલનું આવું પરિણામ આવશે, એવો તો તેમને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો, પુત્રીના શોકાગ્નિમાં બળતી માતા અઢી વર્ષે પુત્રીને સાન્ત્વન આપવા પોતાની ભૂલનાં બે ઉનાં અશ્રુ સારવા પુત્રી પાસે ચાલી ગઇ.

શિવપ્રસાદને તારથી દુર્ગાલક્ષ્મીના મૃત્યુના ખબર આપ્યા પછી ઘરનાં સવ શિવપ્રસાદના આવવાની રાહ જોયા કરતાં હતાં. કેટલાય દિવસો થઈ ગયા છતાં તેમના આવવાનું કાંઇ જણાયું નહિ. ન્યાતમાંથી ઉપરા ઉપરી વિવાહને માટે કહેણ આવતું હતું. માતુશ્રી તે સર્વને જવાબ આપતાં 'આજ કાલના ભણેલા છોકરા ! તેમને પુછ્યા વિના મારાથી હા કેમ કહેવાય. એ આવવાનો છે. આવશે એટલે જવાબ દઇશ.' પરંતુ એમ લગભગ ચારેક મહિના નીકળી ગયા અને કન્યાપક્ષવાળાઓ ઉતાવળ કરવા લાગ્યાં, હવે તેઓ શિવપ્રસાદ પર કચવાવા લાગ્યાં. 'માણસ સરખું માણસ મરી ગયું છે, તે અમને શું નહિં લાગતું હોય ? પણ શું કરીએ કાંઇ મુઆં પાછળ મરાય છે.

જીવ્યા તેને તો બધું એ કરવું પડે. શિવ તે શું જોઇ ને ત્યાં બેસી રહ્યો હશે. ભાઇ નિલ (નિલપ્રસાદ) તું તેને કાગળ લખને કે અહીં આવે. ના હોય તો પછી જઇને તેડી લાવ્ય'

એક દિવસ નિલ વડીલ બન્ધુને તેડી લાવવા મુંબાઇ ઉપડી ગયો. સવારનો વખત છે. પશુ પક્ષી સર્વ આનંદ પ્રદર્શિત કરી રહ્યાં છે. તેવે વખતે નિલ શિવપ્રસાદની રૂમ આગળ આવી પહોંચ્યો. અંદરનું દૃષ્ય જોતાં તેનાં રૂંવે રૂંવાં ઉભાં થઇ આવ્યાં, બન્ને ભાઇઓને પરસ્પરને માટે અત્યંત લાગણી હતી, પરંતુ બન્નેને સાથે રહેવાના પ્રસંગો બહુ જ થોડા આવ્યા હતા. નિલ નાનો હતો ત્યારથી મોસાળમાં રહેતો હતો. કોઈ વખત ઘેર આવતો ત્યારે એક બીજા સાથેના સાથે જ રહેતા; અને છુટા પડતી વખતે એક બીજાનાં મન દુખાતાં. આજે નિલને મોટાભાઈની પર્ણકુટી–(કારણકે તે રૂમના હાલ પર્ણકુટી સરખા જ થઈ રહ્યા હતા.) અને મોટાભાઇના દેહની સ્થિતિ જોઇને આંખમાં પાણી ભરાઇ આવ્યા.

અત્યારે તેઓ ધ્યાનસ્થ હતા, નિલ ખૂણામાં પડેલી એક ખુરશી પરથી ધૂળ ખંખેરી તે પર બેઠો. લગભગ એક કલાક પછી ૐ: જય સત્ ચિદાનંદ બોલતાં તેઓ ધ્યાનમુક્ત થયા. નિલને જોતાંજ આશ્ચર્યથી તેના સામુ જોઇ રહ્યા. નિલ ઉઠીને ભાઇ પાસે આવ્યો પણ શું બોલવું તે ન સમજાતાં એમજ બેસી રહ્યો. થોડી વાર પછી શિવપ્રસાદે પૂછ્યું, 'નિલ તું કેમ આવ્યો?'

નિલે આવા પ્રશ્નની બીલકુલે આશા ન હોતી રાખી. તેણે ધાર્યું હતું કે આજ કેટલે બધે વખતે મોટા ભાઈને મળીશું અમને બન્નેને કેટલો બધો આનંદ થશે, તેને બદલે આ પ્રશ્ન 'નિલ તું કેમ આવ્યો?'

નીલ શું જવાબ આપે? તે સજળ નયને ભાઇના સામું જોઇ રહ્યો, 'નીલ તું શું જોઇ રહ્યો છે?'

'ભાઇ, શરીર છેક આમ કેમ? શું તબીઅત બરાબર રહેતી નથી?'

'બરાબર રહે છે, સર્વ કુશળ છે ને?'

'હા, સર્વ કુશળ છે તમને તેડવા આવ્યો છું.'

'મને તેડવાને? મારૂં ત્યાં શું કામ છે?'

'બા તમને મળવા બહુ તલસી રહ્યા છે'

'નિલ, આ સૂર્યમાંથી આપણને શું મળે છે?'

'જીવન'

'આપણે તેને શું આપીએ છીએ!'

'કાંઈજ નહિ.'

'ત્યારે તેનો આપણા પ્રતિ કેવો ભાવ રહેતો હશે?'

'નિઃસ્વાર્થી પ્રેમ જેને અહેતુકી ભાવ કહે છે તેવો.'

'આપણે તેના જેવો ભાવ શીખીએ તો સારૂં કે ખોટું?'

'સારૂં.'

'હું એવું શીખવા હરદ્વાર જવાનો છું.'

'પણ બા–'

'બાને પુત્રમાં તું છે, અને ઘર ખર્ચને માટે પણ હરકત આવે તેમ નથી, મેં બધો વિચાર કર્યો છે. મારી ફરજને કોઈ પણ પ્રકારે ધોખો પહોંચતો હોય તેવું નથી.'

નીલનાં નેત્રોમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં.

'નીલ રડવું શા માટે? હું જાણું છું કે તારો મારા પર અત્યંત સ્નેહ છે, પણ શું સ્નેહીઓ સંબંધીઓ સર્વદા ટકે છે? તું પણ કાંઈ હવે નાનો તો નથી જ.'

'ભાઇ, શું આપણા સ્નેહને આમ તોડી નાંખશો?'

'ના ના તે તુટશે નહિ, પણ યોગ્ય નિયમમાં વિશેષ સુગઠિત થશે.'

'તમે વડીલ બંધુ છો, મારી સર્વ જવાબદારી તમારા પરજ છે'

'સર્વની જવાબદારી ઇશ્વર પર જ છે. ભાઇ મનુષ્ય શું કરી શકે તેમ છે?'

'બાને એક વખત પણ નહીં મળી જાવ?'

'ના, ઘર તરફ આવું તો જે માર્ગમાં મને આનંદ પડ્યો છે તે માર્ગમાં વિક્ષેપ આવવાનો ઘણો સંભવ છે. વ્હેલા યા મોડાં દરેકને ઉન્નતિક્રમમાં આગળ વધ્યા સિવાય છૂટકો નથી. હાથ ધરેલા કાર્યમાં વિલંબ, એ મારૂં મન સહન કરી શકતું નથી.'

'ત્યાં તમને રોકવામાં નહિ આવે.'

'માયા વેગળેથી જ મૂંઝાવી નાંખે છે, તો પછી નજીક જતાં તો શું ન થાય?'

'તું એમ ન ધારતો કે હું બીજા કારણોથી ના કહું છું.'

'માફ કરજો પણ મને સંશય રહે છે કે આ તમારો સ્મશાન-વૈરાગ્ય છે.'

'હા બે મહિના પૂર્વે આવ્યો હોત તો તેમ પણ હતું. પરંતુ હવે શાન્તિ અને ઉપવાસ સિવાય બીજું કાંઇ નથી. તું ન આવ્યો હોત તો હું તમને બધાંને ચારેક દિવસમાં પત્ર લખવાનો હતો. હવે તો તું જ લઈ જજે.'

નિલનો અવાજ દયા આવે એવો થઇ ગયો અને તેણે કહ્યું. 'ભાઈ તે હું નહિ લઇ જ શકું.'

'શા માટે?'

'મને ઠપકો મળે. એક વખત ઘેર આવી જાવ.'

'તું ગાંડો છે નિલ! શું હું આગ્રહ કરાવવા માટે ના કહું છું? મને કોઈના પ્રતિ કાંઈ દ્વેષ છે જ નહિ. આ અભ્યાસમાં આગળ વધ્યા સિવાય હવે મને કોઈ સ્થળે ચેન પડી શકનાર નથી. પરમાત્માની ઇચ્છા હશે તો વળી કોઇ વખત મળીશું.'

શિવપ્રસાદ ઉઠ્યા ને એક પત્ર નીચે પ્રમાણે લખી નાખ્યોઃ

'મારા પૂજ્ય માતુશ્રી...હું વિશેષ અભ્યાસ માટે હરદ્વાર તરફ જાઉં છું. મારે ભાઇ છે તેમ પિતાજીએ સર્વની આજીવિકા માટે સાધન મુકેલું છે તેથી નિશ્ચિંત છું. મારી ફીકર કરશો નહિ...

લી. તમારા પુત્રના સા. દં. પ્રણામ

'લે આપણી બાને આપજે' કહી તેઓ પેટીમાંથી બીજો એક પત્ર કહાડી લાવ્યા અને નિલને આપતાં કહ્યું 'ભવિષ્યની સાવચેતી માટે આ વાંચ અને બાને પણ આપતી વખતે કહેજે કે ફક્ત ભવિષ્યની સાવચેતી માટે મોકલ્યો છે.'

નિલપ્રસાદે તે વાંચવા ના કહી. પણ શિવપ્રસાદે તે આગ્રહથી વંચાવ્યો.

નિલ ઐહિક મનુષ્ય છે તે વ્યવહાર પૂરતો જ વિચાર કરી શકે છે.

તે પત્ર વાંચી સ્તબ્ધ થઇ ગયો. ભાઈને એક અક્ષર પણ આવવા માટે તે કહી શક્યો નહિ. નિલ વિચારી રહ્યો છે. 'કેમ કહું! જ્યાં તેનું અર્ધું અંગ બલિદાનમાં ગયું છે ત્યાં તેમને ફરી આવવાનું કહેવા શબ્દ પણ જડી શકતો નથી.' પછી નિલ કાંઇ બોલ્યો નહિ.

શિવપ્રસાદ ફળાહાર પરજ રહે છે. તેમણે નિલને પણ ફળાહાર કરાવ્યો.

ટ્રેનનો વખત થતાં નિલે રજા માગી, છુટા પડતાં બન્નેનાં અંતરો રડી ઉઠયાં, ગદ્‌ગદ્‌ થતાં શિવપ્રસાદે નિલનો હાથ પકડી કહ્યું 'નિલભાઇ

સદ્વર્તન રાખજે. કદાચ સંકટ આવતાં પણ સત્યને તજીશ નહિ.' નિલે મસ્તક નમાવ્યું. બન્ને છૂટા પડયા.........

બીજે જ દિવસે શિવપ્રસાદ હરદ્વાર તરફ ઉપડી ગયા. થોડો વખત ત્યાં રહ્યા. પરંતુ તેમનું મન જે જ્ઞાનને માટે તરસ્યું હતું તે જ્ઞાન તેમને ત્યાં મળી શકે તેમ લાગ્યું નહિ. તેઓ ત્યાંથી પણ ઘણા આગળ ગયા. ત્યાં અરણ્યમાં તેમને એક મહન્તનો મેળાપ થયો, સબળ પ્રયત્ને ઉત્સાહપૂર્વક તેમણે હવે અભ્યાસ શરૂ કર્યો. તેમાં પૂર્ણતા મેળવ્યા બાદ તેમણે સન્યસ્ત દિક્ષા લીધી. દુર્ગાની વેદીમાં ઐહિક સર્વ સુખોનો ભોગ આપ્યો. ત્યારપછી જ આપણે તેમને જહાન્નવી ઘાટપર જોયા હતા. પરંતુ તે યુવાન સંન્યાસી બીજે કોઇ પણ જગ્યાએ કોઇની દૃષ્ટે પડયો નહિ...

પિંજરનાં પંખી

લેખિકા : સ્વ. ભક્તિ રમેશ સુરજલાલ

નવા યુગને ધાર્મિકતાની સુગ છે. નાસ્તિક કેહવડાવી આત્માને હણુ-વાનું હું પસંદ નથી કરતો. મારી દીવાલે કૃષ્ણ પરમાત્માની છબી લટકે છે, ને તેની નજીકજ ચકલીનું નાનું પાંજરૂં છે. કદાચ કોઇ મને દીવાનો માનશે, પણ એ ચકલી મારા ઘરમાં અજબ જેવી પવિત્રતા પાથરી દે છે.

ગૃહે ગૃહે દેવતા વસે છે, કોઈ ઘરમાં બાળક, કોઈ ઘરમાં પત્ની તો મારા મંદિરીએ ચકલી ગૃહદેવતા બની રહી છે. તેના ચીં–ચીં–ચીં અવાજમાં નથી કોયલના ગળાની મધુરપ, નથી બપૈયાનો ઉન્માદ, છતાં એ નિત્ય જીવનનો વ્યહવારૂ સાદ મને ખૂબ પ્રિય છે, કારણુ એ જીંદગીની વધુ નજીક છે, સૂર્યનાં સોનેરી કીરણો પાંજરાના સળીયાને સ્પર્શે છે, ને ચકલી પાંખો ફફડાવી નાચી રહે છે.

શિશિર ગઇ, પાનખર આવીને ગઇ—સાથે જગતની મૃત વસ્તુઓ જીવન પ્રવાહમાં લેતી ગઈ...ને હવે તો વસંત પધારી.

વૈશાખનો તાપ ધરતીમાંથી સુગંધ ખેંચી ખેંચી ડોલરમાં ભરતો હતો...પણુ એ સુગંધની મહેફીલ પણુ પૂરી થઈ. ચકલીના જીવનમાં આવાં નવ વર્ષો પૂરાં થયાં.

મારી વૃદ્ધ માતા તેને ભાતના દાણા નીરતી ને તે જીવનની જરૂરીઆત પૂરી કરવામાં મચી રહેતી. ભાતનાં છોતરાં ફોલતાં તેનો ચીં-ચીં-ચીં અવાજ ઘરની નીરવ શાંતિનો ભંગ કરતો.

હું લાંબી મુસાફરીએથી પાછો ફરતો એટલે પહેલો જ ચકલીનો ભાવ પૂછતો 'મા, તે હજી જીવે છે ને ?'

માતા જવાબ દેતી. 'હા. બેટા.'

ક્ષણ માત્રની પીછાન. આંખોની ઘડીક માત્રની ઓળખ જીંદગીભર યાદ રહે છે. આ તો નવ વર્ષનો ગાઢ સહવાસ ! એ નાનકડું પક્ષી મારાં અનેક સ્મરણોનું મધ્યબિંદુ છે. મારા માદર–શહેરથી દૂર, અપરિચીત શહેરની ગલીઓ વૈશાખની સાંજે હું ખૂંદતો હતો. ઉપરની છતમાંથી કંઇક પડવાનો અવાજ આવ્યો. નીચે જોયું તો ચકલીનું નાનું બચ્ચું મૂર્છિત થઇ પડયું હતું. દુનિઆ દીઠાને તેને ચારેક દિવસ ભાગ્યે જ થયા હશે.

મમતા જાગી. મેં તેને ઉંચકી લીધું. નજીકની ચકલીમાંથી પાણી છાંટયું. ઘેર (વીશીમાં) જઇને દાણા નીર્યા. દીન પ્રતિદીન અમારી દોસ્તી જામતી ગઇ. મારૂં કોઈ સ્વજન ન હતું, ત્યાં તે મારૂં સ્વજન થઈ રહ્યું. તેનો ચીં ચીં ચીં અવાજ માતાના 'ભાઇ હવે ઉઠશે ને ?' નો પડઘો પાડતો હતો. સદ્ભાગ્યે મારા ઓરડાને ત્રણચાર બારીઓ હતી. ફુરસદના સમયમાં હું તો ધંધાર્થે બહાર ગયો હોઉં ત્યારે ઓરડાની ભૂગોળ તે શીખી લેતી. તેનો એક પગ તો ભાંગી ગયો હતો. મેં સમારવા પ્રયત્ન કર્યો પણ તે તો એવો જ નિરૂપયોગી રહ્યો. હું સાંજના પાછા આવતો ત્યારે ઉડીને તે મારા ખભા ઉપર બેસી જતી. બાળકની કાલી વાણીમાં જાણે દીનચર્યા સંભળાવતી હોય !

હું વતન પાછો ફર્યો. ચકલીને માતાની સંભાળમાં છોડી માતા એની બરોબર બરદાસ કરતી હતી. તેને બિચારીને એ મારા સિવાય કોણ હતું ? જીવન જીવવાની ધમાલમાં કોઈક વખત ચકલી વીસારે

પડતી. આપણે કેટકેટલું ભૂલી જઇએ છીએ?...પણ લાંબી રખડપટ્ટી પછી હું પાછો ફરતો ત્યારે પહેલો જ હું તેના પાંજરા પાસે જતો. માતા પાસે જ ઉભી રહેતી. 'લુચ્ચી, હજી જીવે છે. મોહન, દીકરા, આપણે કયા સુખે જીવતા હોઇશું?'

હુ સવારના પથારીમાં પડયો પડયો જામા ગુંથતો હોઉં. વીશી-ઓની ગંદી માંકડ ભરી પથારીઓ છોડી માને હાથે સંભાળથી તૈયાર કરેલાં બીછાનાનો આસ્વાદ માણતો હોઉં...ઉઠવાનો વિચાર લંબાવતો હોઉં ત્યારે ચીં. ચીં. ચીં. અવાજ ને પાંખોનો ફફડાટ મને સાદ દેતાં ઉઠાડતાં. નાનકડા બંદીવાનની મુલાકાતે સૂર્ય ભગવાન પધારતા તે આનંદની લાણુ માણવા મને પણ નોતરતી! કેટલીક વખત તો પક્ષીને સહજ પ્રેરણાથી સોનેરી કીરણોનું આગમન તે અચુક કહી દેતી.

પણ એવા સુખી દિવસો હંમેશ ચાલુ નથી રહેતા. દોસ્ત! કહેતાં અંતર દ્રવે છે; પણ આખી વાત હું માંડીને કહું છું.

લાંબી રખડપટ્ટી પછી પાછો આવ્યો. માતાને મારા આગમનની ખબર હતી. તેણે મારે માટે ભાત ભાતની વાનીઓ તૈયાર કરી રાખી હતી. શી એ ભોજનની મિઠાશ! માતાનો પ્રેમ જ ભોજનમાં એ મિઠાશ રેડી શકે!

અસંખ્ય રાત્રિઓ વીશીમાં વીતાવ્યા પછી આજની ઘરની સગવડ મને ઓર આનંદ આપતી હતી. ઘરની બધી વસ્તુઓ કેમ જાણે મને આવકાર દેવા ધસી આવતી ન હોય!

રસોડામાં માતા ધમાલમાં હતી, રવૈયાં હતાં. પાપડીનું શાક હતું. મને ભાવે એટલે તે પણ બનાવ્યું હતું. મારે માટે અથાણું મુરબ્બો કાઢયાં હતાં. પાપડ પણ તળ્યા હતા.

વીશીની યાદ તાજી થતી હતી. ગરમ ગરમ દૂધપાકમાં (પાણી ભર્યા દૂધ ને ભાતનું મિશ્રણ) માખીઓ શહીદી શોધતી હોય,

વાસણને ઓરડામાં રસોઈને અજીઠાંનો વિચિત્ર વાસ ચોંટયો રહેતો હોય, પીરસણીઆઓ બીનજરૂરી બૂમો પાડતા હોય, ત્રણ ચાર દિવસની વધેલી દાઢીવાળા ને પરસેવે નીંગળતા મહારાજ કર્મભૂમિમાં આમતેમ આંટા મારતા હોય, ને એ ધંધાદારી ધમાલીયાં વાતાવરણમાં આપણે પેટનો ખાડો પૂરવો પડે; સમાધીષ્ઠના સંતોષથી !

હું ચકલીને તો ભૂલીજ ગયો હતો. માતાને મેં પુછ્યું 'બા, ચકલી કેમ છે?' માતાએ કઠી સંભાળતા જવાબ આપ્યો 'એને શું થવાનું હતું, દુઃખી અપંગ માનવીઓનું જીવન તો ઓર લંબાય છે.' ...ને તેજ વખતે સાથ પૂરતો અવાજ સંભળાયો ચીં–ચીં–ચીં. જરૂર, સૂર્યનું રઝળતું કીરણ પાંજરાને ઘડીભર અજવાળી ગયું હશે. કાળી નિરાશા વચ્ચે આશાની પાતળી તેજ રેખા ઉગીને સમેટાઇ જાય...ને જીવન ઓર ભયંકર, ઓર વધારે અંધકારમય બની રહે.

મેં ઉત્સુકતાથી પુછ્યું. 'તે સુરજ બરોબર જમવા ટાણેજ પાંજરા આગળ પહોંચે છે ? ને ત્યારે જ એ આમ ગાઇ રહેતી હશે.'

'હા, ભાઈ, બરોબર બાર વાગે પાંજરા ઉપર તડકો પડે છે. પાંજરામાં તે આમ તેમ કૂદતી કૂદતી ચીં–ચીં–ચીં કરી લે છે. ને પાછી આખો દિવસ પીછાંમાં માથું ઢાળી પડી રહે છે. બીજી બપોરની રાહ જોતી.'

ધીમે ધીમે જમણ પૂરૂં થયું. ન જાણે કેમ; અમારી વાતોમાં વિષાદની ઘેરી છાયા ઉતરતી હતી. અમે એજ ગપ્પાં મારતાં બેઠાં હતાં. વહી ગયેલા વર્ષોને યાદ કરતાં ! ભવિષ્ય તો અમને પરિચિત જ હતું. મધ્યમ વર્ગના શ્રમજીવી કુટુંબનું ભવિષ્ય શું હોઇ શકે ? અમારે તો ભૂતકાળમાંથી સૌરભ ખેંચવાની રહી.

ભલે ! અમારી વાતો વિષાદવેરી હોય. પણ શ્રીમંતો ને મૂંઝવતી ભવિષ્યની અનિશ્ચિતતા તો અમારા જીવનમાંથી ગેરહાજર જ હોય છે. અમે ગરીબી જીરવી જાણીએ છીએ. અમારી મુશ્કેલી ને અમારો પંથ

વિકટ છે, એ સત્ય અમને હતાશ નથી બનાવી શકતું. અમારી એટલી તો શ્રદ્ધા હોય છે કે અમારો ઇશ્વર અમારૂં શેષ જીવન સંતોષમાં પુરૂં કરશે...કારણ અમે માનવી માત્રને ઉપયોગી થઈ પડીએ છીએ. કોને સુખી ભલે કરી શકતા ન હોઇએ પણ દુઃખી તો નથી જ કર્યા.

અમારી વાતોમાં સામેલ થવા કેમ જાણે જૂનાં પાડોશીઓ, મિત્રો, હમદર્દીઓ પરલોકમાંથી ઉતરતા ન હોય !

માનવીનું દીલ સાફ હોય, નિષ્પાપ હોય, તો મૃત સ્વજનના સ્મરણો તેને દુઃખી કે ભયભીત નથી કરી શકતાં. શ્રીમંતોના દીલ કેટલાં સાફ હશે ભાઈ?

* * *

રસોઇઘરમાંથી વાસણ ઉટકવાના મિશ્ર અવાજો આવતા હતા. વચમાં વચમાં ગંગા (નોકરડી) ના ગળામાંથી એકાદ ભજનની અસ્પષ્ટ લીટી સરકી જતી.

ખોરાકનું ઘેન મગજને આવરી રહ્યું હતું.

ત્યાં તો ચકલીનો સાદ આવ્યો ચીં ચીં ચીં.

માતાએ કહ્યું. 'લે તારી ચકલી તો હજી જાગે છે.'

પ્રકાશનું કીરણ ઓરડામાં ભટકતું આવી પહોંચ્યું હતું, તે હળવેક અદ્રશ્ય થયું.

ભીંત ઉપર અભ્યાસકાળની તસ્વીર લટકતી હતી. શિક્ષકોને વિદ્યાર્થીઓ હાર બંધ ઉભા હતા. મને બરોબર યાદ છે–પરીક્ષાના પરિણામ પછી તે ઉતારવામાં આવી હતી...મે મહિનાનો સુંદર દિવસ હજીએ એટલો જ તાજો છે.

માતા પિતાની નજરથી દૂર, વીતાવેલાં એ આઠ વર્ષોમાં વિષાદને મહત્વાકાંક્ષાં કેટલી ખીચોખીચ ભર્યાં હતાં. વર્ષાના ઝાપટાં પછી

આકાશ અનેક તેજોમય રંગ ધારી રહે. કલાકોના રૂદન પછી મારા મનોઆકાશમાં ભવિષ્યનાં સુખદ સ્વપ્નાંઓ કેટકેટલાં આકર્ષક રંગો ધારી રહેતાં! ને આજે...એ બધાએ રંગો સમેટાઇને કાજળકાળો શ્યામલ રંગ જીવન ફલક આવરી રહ્યો છે.

શાળા પર મને ખૂબ તિરસ્કાર હતો. વર્ગની બારીમાંથી તાળીનો વહેતો પ્રવાહ બપોરના તડકામાં વિષાદભર્યો લાગતો. એના પ્રવાહમાં કંઇ કંઇ વહાણો નાંગર્યાં હશે, કંઇ કંઇ જંગો ખેલાયા હશે, કંઇ કંઇ યૌવન બહેક્યાં હશે. આજે તો ભૂતકાળના ભાર નીચે ચગદાઈ તે મંદ મંદ વહેતી હતી. કિનારાથી દૂર વૃક્ષોનાં ઝુંડ દેખાતાં હતાં. પુલની સીધી કાળી રેખા ઝાંખી દૃષ્ટિગોચર થતી હતી. અંતરમાં 'ઘર' માટેની વેદના જાગતી. ચોપડીઓ ફગાવી દઇ, માતાની ગોદમાં લપાઇ જવાનું મન થતું. પિતાજીને અઠવાડિયામાં બે પત્રો લખતો. સૂર એકજ ઊઠતો 'નિશાળેથી ઉઠાડી લો.' ગંભીર ટૂંકા જવાબો આપતા. મને ધીરજ ધરવાની શીખ દેતા. શહેરનો નિવાસ મારા ભવિષ્યના ને કુટુંબના હિત ખાતર, માન-મરતબા ખાતર જરૂરી હતો. એના ઉપર ભાર મૂકાતો. તે શ્રદ્ધાથી લખતા 'હું તો દુનિયા પર નહિ હોઉં, પણ ભણી પાર ઊતર્યાં પછી તું ચોક્કસ મારો આભાર માનશે.' અરૂચિનાં ઔષધ સમા, આ કડવા ઘૂંટડાઓ હું ગળી જતો, ભવિષ્યની તેજોમય આશા ઉપર નાચતો.

પિતાજી! આપણે કેટલો થોડો સમય સાથે રહી શક્યા છીએ. મારા ભવિષ્યના સુખ માટે, અભ્યાસની જોગવાઇ માટે તમે તમારો દેહ ગાળી નાંખ્યો. મેં પણ એ સ્વપ્નાંઓમાં શ્રદ્ધા રાખી અવનત મસ્તકે ભણ્યાં જ કર્યું...જીવનનાં કેટલાં વર્ષો આપણે આમ વેડફી નાંખ્યાં.

...ને મારૂં પરિણામ બહાર પડયું. આજ આઠ વર્ષે મેં મુક્તિ અનુભવી. નવવધુને જીવન ઝડપવા તમન્ના, અધિરતા જાગે તેટલી જ

અધિરતા, ઝંખના ભવિષ્યને ભેદવાને મારામાં ઉદ્દ્ભવી! આજ અઢાર વર્ષે હું મારું ધાર્યું કરી શકીશ.

દારિદ્રય, અભ્યાસ ને આજીવિકા એ નિરંતર ગતિમાન ચક્રો વચ્ચે કેટકેટલાં યુવાનો ભીંસાઇ ગયા હશે! તેજસ્વી આંખો ને ભવ્ય કપાળ તેમની શક્તિ પુરવાર કરી આપતાં પહેલાંજ માટીમાં મળી ગયા હશે. આજે તો તેમની ભસ્મની રજકણુ માત્ર વાતાવરણમાં ઘૂમી રહી હશે.

કેટલાએ બિચારા જીવનના જંગમાં નિર્દય લપડાકો ખાઈ, અસહ્ય બોજા નીચે દટાઈ અવનત મસ્તકે જીવન ખેંચતા હશે!

...ને એ બધા કાલના ભવિષ્યના ઘડનારાઓ હતા, સ્વપ્ન-દૃષ્ટા હતા.

સંસ્મરણોની હારમાળામાંથી સંસ્કૃતશિક્ષક બહાર તરી આવે છે. અમે તોફાન ને ઘોંઘાટ કરતાં રસ્તામાં ધક્કામુક્કી કરતા ચાલતા હતા. તમારી આંખો ભીની થતી મેં જોઇ. તમારા આંસુઓ બોલતાં હતાં. 'સંસારની નિર્દયતા, સ્વાર્થવૃત્તિ તમે ક્યાં હજુ અનુભવી છે? તમારા જુવાન ખભાઓ પર સંસારનો ભાર ઊતરશે, ઘણા તો બિચારા એની નીચે દટાઈ મૃત્યુની રાહ જોતા જીવશે ને થોડા જેમનો ભાર હલકો હશે-તેનાંએ હૈયાં તો કલુષિત થવાનાં જ. તમારાં હૈયાં ને આંખો હવે કોઇ દિવસ બિલોરી કાચ જેવાં નિર્મળ નથી રહેવાનાં! મને કહી લેવા દો કે 'ભારથી વળી ગયેલા દેહ કરતાં એ કલંકીત કલુષિત અંતર વધારે બહતર છે.' પણ અમારા નિરંકુશ આત્માઓ તો હસ્યે જતા હતા, કાલની કોને પરવા હતા?

ગાયની નજીક ખૂટે બાંધેલો વાછરડો જોયો છે? તે તો મસ્ત ઠેકડા મારે છે. આલમ આખી તેની ખરી નીચે ખૂંદાવાને જ સર્જાઈ કેમ ન હોય? વૃદ્ધ માતાની આંખ ભીની થાય છે. 'ભાઇ, કાલે તો

તારે હળનો–ખેડુત કુટુંબની આજીવિકાનો ભાર તારા ખભા પર ઉપાડવો પડશે.'

જીવન ધાગડાં મારી આપણે જીવ્યે જઈએ છીએ. નથી એમાં રસ રહેતો, મસ્તી તો મરી ચુકી હોય છે....

ત્યારે જીવન કેમ લંબાવતા હોઇશું? ટેવ માત્ર!

મારી વિચારમાળા તૂટી. ફરી એકવાર ચીં–ચીં–ચીં અવાજ કાન ઉપર અથડાયો.

માતા બોલી 'લે, વખતસરજ ઉઠી છે. લુચ્ચીને ખબર હોવી જોઈએ કે તું આવ્યો છે. કેવી આનંદીત જણાય છે?'

હજી સંસારનો અન્યાય જ મારા મગજમાં ઘૂમતો હતો, હું બોલી રહ્યો 'તમારી છાયા નીચેથી અભ્યાસ કરવા મને ખસેડયો, દૂર ધકેલ્યો એ તમે ભૂલ જ કરી. મા, ઓ મા, હવે એ મસ્તીભર્યાં વર્ષો મને પાછાં કોણ આપશે?'

માતાનો ઠપકો આપતો સાદ સંભળાયો. 'બેટા સંસાર પણ નિશાળ જ છે. હું તને મુક્ત લાગતી હઇશ, છતાંએ જકડાએલી છું. હું ઓછી જ તને છોડી જઈ શકું એમ છું? તું તો પુરુષ છે, મુક્ત છે. છતાંએ તારી જાતને જકડાયેલી માને છે. એ વિચારજ ખોટો છે. આપણે બંને પેટપૂર ખાઇ આપણાં ઘરમાં જ સુઈએ એટલાં તો સુખી છીએ ને! ઘણાંને એટલું પણ નથી મળતુ. આપણે તો ઇશ્વરનો પાડ માનવો જોઇએ.'

માતાને મેં દુભવી હતી. મારા શબ્દો પાછા ખેંચતા હોઉં તેમ બોલ્યો, 'બા, તારી વાત ખરી છે, ચાલ હવે આરામ કરીએ.'

માતા મેડી પર ચઢી ગઇ.

હું ચકલીવાળા ઓરડામાં પહોંચ્યો.

આત્માને અનેક 'પહેલ' છે. કેટલાક તો નિત્યજીવનમાં સાવ અપરિચિત, આપણુને જડે છે ત્યારે વિસ્મયતાનો પાર નથી રહેતો. હું પણ આજે અવનવી મનોદશામાં ઝોલાં ખાતો હતો.

પાંજરાની વધુ નજીક હું સરક્યો, પુરાણી દોસ્તી તાજી કરવા. મારા પાંજરાના સળીયા મને ખૂંચતા હતા. ચકલીને એના બંધન ગમતાં હશે ત્યારે? આંગળી હલાવી ચકલીને ઉદ્દેશી હું બકતો હતો. 'યાદ છે તને, હજી તો પાંખો ય નહોતી ફુટી. રસ્તામાંથી મેં તને ઊંચકી લીધી હતી. મેં ઉગારી ન હત તો મહોલ્લામાં તોફાની છોકરાઓની પજવણી સહી ક્યારની મરી ગઈ હોત!' ચકલી જાણે તિરસ્કાર વ્યક્ત કરતી હોય તેમ કલંગી ઊંચી કરી જોઇ રહી! 'મોત તને વધુ પ્રિય થઇ પડતે ખરૂં ને? ઉગારી મેં એ તને કારાગારમાંજ પૂરીને. કૃતઘ્ની! નવ વર્ષ પહેલાં મારા પ્રકાશથી ભર્યા ભર્યા ઓરડામાં તું ઠેકડા મારતી હતી, ને ભૂલી ગઇ! મારા ખભા ઉપર બેસી જતી તે પણ યાદ નથી આવતું?'

પાંજરાનું બારણું મેં ખોલ્યું. ખુલ્લી હથેલી પાંજરામાં નાંખી. પાંચ ખરબચડી આંગળી વચ્ચે તરફડીયાં મારતી ચકલીને મેં ઝડપી લીધી. તેને ચુમી લેવાને મારા હોઠ નજીક લાવ્યો.

નાનકડા પક્ષીનું હૈયું ધબકારા દેતું હતું. તેમાં મનુષ્યો માટેનો ભય બોલતો હતો.

મારી આંગળીઓ જરાક વધુ જોરથી ભીંસાઇ હોત તો તેના બધા હાડકાં ભાંગી જતે, તેનું નાનું સરખું હૈયું ધબકારા દેતું અટકી જતે. કોઇને કશી ખબર પડતે નહિ. કોઇ વિચાર માત્ર કરતે નહિ.

મારી કુતૂહલવૃત્તિ સતેજ થતી હતી. મુલાયમ પીંછાંનાં ઢગલામાં માંસ ક્યાં હશે. હાડકાં ક્યાં હશે, ને હૈયું ક્યાં સમાયું હશે?...પણ

તેના હૈયાની ગતિ માનવ-હૈયાં કરતાંએ વધતી જતી હતી. તેના અંતર ભાગમાં કેમ જાણે પાંખો વીંઝાતી હોય !

'ગભરાઈશ નહિ. હું તારો ઘાત નહિ કરૂં' હું બકતો હતો 'ભલે મારા ભાગ્યમાં, માનવીમાત્રના ભાગ્યમાં મુક્તિ નહિ લખાઈ હોય. તને તો હું મુક્તિ આપીશ, દુનિયાભરની સ્વતંત્રતા, મારી અનુકમ્પા તારે માટે બંધન જ બની રહો. પાંજરામાં કેદ થઈ તેં ચીં-ચીં-ચીં સિવાય શું કર્યું છે? તારે પણ હૈયું હશે ? હૈયામાં ઉમેદ હશે ? તારા જાત ભાઈઓ જીવન માણતા હશે. વૃક્ષો ને મકાનની છતમાં ઘર માંડતા હશે. કોઈનો ભક્ષ ન બને ત્યાં સુધી. તારો એ જીવન માણવાનો, સ્વતંત્ર વિહરવાનો હક્ક તો ખરો જ ને?'

નાનકડાં હૈયાંની ગતિ મારા હાથ ને ધ્રૂજાવતી હતી. મારા દિલને મૂંઝવતી હતી.

માનવીએ બનાવેલા બધાં યંત્રો મેં યાદ કરી જોયાં. નાનાં ને વિરાટ...બધાંએ પણ તેમાંથી કોઈની ગતિ આટલી નિયંત્રિત તાલબદ્ધ ન હશે. આ તો જીવંત ગતિ હતી. જીવત નાદ હતો. એનો યંત્રકાર તો ખુદ ઈશ્વર જ હતો.

હૈયાંની અનુકમ્પા યાચતી ગતિ મને કાયર બનાવતી હતી. તેની ઝડપ કદાચ સેકંડમાં દસ ધબકારાની હશે. દરેક ધબકારો મને એટલો તો મોટો લાગ્યો કે દરેક વખતે હું આસપાસ નજર નાંખી લેતો. કદાચ એ સાંભળી માતા દોડી ન આવે.

તેના બે નાજૂક પગ મારી મુઠીમાંથી બહાર લટકતા હતાઃ એક સીધો, બીજો વાંકો ભાંગી ગયેલો. જેને નવ વર્ષ પહેલાં સરખો કરવા મેં યત્ન કર્યો હતો.

'મેં તારી કેટલી સંભાળ રાખી છે. તને છોડતાં મારૂં દિલ નથી ચાલતું !'

બીજા હાથ વતી તેનું નાનકડું માથું હું પંપાળી રહ્યો. પણ એથી તો તેનો ભય ઓર વધ્યો. એનું હૈયું પણ જાણે હમણાં ફાટી પડશે.

મારા મગજ પરનો બધો સંયમ મેં ગુમાવ્યો. મેં જોરથી બૂમ પાડી 'જા, બાપુ જા. ઊડી જા. તું મુક્ત થઈ શકે છે. માનવીનાં બંધન તો અતૂટ છે. એ તો મૃત્યુ સાથેજ તૂટે છે. અરણ્યમાં ઉડી જા. જીવન-સાથી શોધી લેજે. ઘટાદાર વડલામાં સુંદર માળો બાંધજે. જંગલની ઘટાઓ, વનરાજીઓ ઘૂમી રહેજે. આકાશનું માપ કાઢજે ને મીઠાં મીઠાં સંગીતથી જીવે ત્યાં સુધી સંસારને ભરી દેજે.'

છાપરાંઓની પાછળ સૂર્ય આથમતો હતો. જમાના જૂના શહેરની ગતિવિહીન નિસ્તબ્ધતા મંદિરના ઘંટારવથી ભાંગતી હતી. સાંજ પડતી હતી.

'જા, ઉડી જા, યથેચ્છ વિહાર કર.'

મેં હાથ પ્રસારી હવામાં ઘા કર્યો. મુઠ્ઠી મોકળી મુકી દીધી.

ચકલીએ હવામાં વળાંક લીધો. એની પાંખો ભૂરા આકાશના વિસ્તારને માપવા ભાગ્યશાળી ન બની, ન તો વનરાઈઓ એના મુક્તિ ગીતથી જાગી ઉઠી.

નિર્જીવ ઘન પદાર્થ સમા ભારે અવાજ સાથે તે જમીન ઉપર પટકાઈ પડી. નવ વર્ષ પહેલાં એક સાંજે આમજ નિસહાય તે પડી હતી.

મુક્ત કરવાની ઉતાવળમાં મેં તેને વધારે બળથી દબાવી હતી. તેનું હૈયું ધબકતું અટકી ગયું.

સાચેજ. એને મુક્તિ મળી હશે!

[સુચિત]

મા

લેખિકા : સૌ. સરલા સુમતિચંદ્ર શાહ.

હૉલમાં એકઠી થયેલી સ્ત્રીઓ પ્રતિભાના મુખ સામે જોઇ રહી હતી. સૌને એની દયા આવતી હતી. સૌ કોઇ જાણતા હતા કે મોડે વહેલે પ્રતાપ પ્રતિભાને પરણશે. પણ જ્યારે પ્રતાપ શહેરમાંથી કૉલેજીયન યુવતિને પરણી લાવ્યો ત્યારે સૌને આશ્ચર્ય થયું. સગાસંબંધીઓ નવપરિણીત વહુને જોવા આવ્યા હતા. પ્રતિભાને પણ પાડોશી તરીકે આવવું પડ્યું. પ્રતાપની માએ પુત્રવધુને કહ્યું. 'આ પ્રતિભા, પ્રતાપને એ ખૂબ સાથે રમ્યા છે.' નવી વહુએ જાણે મોટી મહેરબાની કરતી હોય તેમ પ્રતિભા સામે જોયું. પ્રતિભાને એવી મહેરબાનીની પરવા નહોતી. એ જાણે કંઇ જાણતી જ ન હોય તેમ સરળતાથી બીજી સ્ત્રીઓ સાથે વાતો કરવા લાગી. બધા એના ચહેરા પર ગ્લાનિની રેખા જોવાની આશા રાખી બેઠા હતા. પણ તેને બદલે એનાં સુંદર મુખ પર એજ હંમેશનું મધુર સ્મિત ચમકી રહ્યું હતું.

એ ઘેર આવી સીધી પોતાના ઓરડામાં જતી રહી. એની ચિરસંચિત આશાઓની ઇમારત આમ તૂટી પડશે એમ એણે સ્વપ્ને પણ નહોતું કલ્પ્યું. જે દિવસ પ્રતાપ કૉલેજમાં ભણવા મુંબઇ ગયો ત્યારે પ્રતિભાને લાગ્યું કે એ એને છેલ્લી વિદાય આપી રહી છે. પણ પ્રતાપે એનો ભય દૂર કર્યો.' પ્રતિભા ! પ્રતાપ હંમેશાં તારોજ રહેશે.'

અને આજે એનો પ્રતાપ બીજીનો બની ગયો હતો. આટલી સહેલાઈથી એ પોતાના શબ્દો ભૂલી ગયો. સૌંદર્ય અને સંપત્તિનાં આકર્ષણ આગળ પ્રતાપ એની પ્રિય સહચરીને ભૂલી ગયો. પણ એ નહોતી ભૂલી શકતી અને કદી નહિ ભૂલી શકે. અઢાર વર્ષના જીવન દરમ્યાન આજ એ પહેલીજ વાર અદૃશ્ય વેદના અનુભવી રહી હતી.

સાંજના સાત વાગી ગયા પણ એ ઓરડામાંથી બહાર ન નિકળી. એની માએ એને જમવા માટે બોલાવી. પણ મને ભૂખ નથી! એમ કહી એ અંદર જ બેસી રહી. માએ એને આજે એકલી રહેવા દેવીજ યોગ્ય ધારી. એનાં માતા પિતા પણ દુઃખી બન્યાં હતાં. પ્રતાપને માટે તો એમણે પુત્રીને મેટ્રીક સુધી ભણાવી. એકની એક પુત્રીના સુખ માટે એમણે કેટલી આશાઓ બાંધી હતી! ભાગ્યને દોષ દેતા મનને સાન્ત્વન આપવા લાગ્યા.

૨

દિવસો વિતવા લાગ્યા. પ્રતિભા ઘરમાંથી બહાર પણ ન નિકળતી. સૌની દયાભરી નજરો એને માટે અસહ્ય હતી. એ ઘરમાં શૂન્ય-મનસ્ક ફરતી. 'હા' 'ના' સિવાય વધુ વાત પણ ન કરતી. માતા પિતા માટે પુત્રીની આ હાલત અસહ્ય હતી. દિવસે દિવસે એનું કરમાતું શરીર જોઇ એ રડી પડતાં.

એક રાતે પ્રતિભાએ બાજુના ઓરડામાંથી માનો અવાજ સાંભળ્યો.

'હવે તો પ્રતિભાને ક્યાંક ઠેકાણે પાડવાની ગોઠવણ કરો. લગ્ન થઇ જશે તો બધું ભૂલી જશે. આ નથી જોવાતું.'

'હું બધું સમજું છું. પણ યોગ્ય સ્થળ તો હાથ આવવું જોઈએ ને! કાલે એક ઠેકાણેથી કહેણ આવ્યું પણ વર બીજવર છે, અને આગલી

બીના ચાર છોકરા છે. ખેતીવાડી કરે છે. પાસે પૈસા પણ છે. જમીન પણ ઘણી છે. ઉમ્મર પણ ત્રીસ બત્રીસની છે. પણ ભણ્યો છે થોડું ને ગામડાંમાં રહે છે. પ્રતિભા જેવી સુશિક્ષિત છોકરીને અભણ વરને આટલાં છોકરાં ઉપર થોડી જ અપાય! વળી ગામડામાં રહેવાનું.' પ્રતિભાએ પિતાને કહેતા સાંભળ્યા.

પ્રતિભા વિચારી રહી. પ્રતાપ સિવાય એ બીજાની બને તે પહેલાં એનું અસ્તિત્વ જ નહિ હોય. આત્મહત્યા કરવાથી એ બધા દુઃખથી મુક્ત થશે. પણ એની નજર સામે એનાં માતાપિતા આવ્યાં, એકની એક પુત્રીના કરૂણ મૃત્યુથી એમને કેટલો આઘાત થશે ! શું એ આટલાં દયાજનક મૃત્યુએ મરશે? પ્રતિભા બધું સહન કરી શકતી પણ કોઈની દયા મહેરબાનીને એ ખૂબ ધિઃક્કારતી. જીવનનો નાશ કર્યા સિવાય શું એ મરી નથી શકતી? પોતાને નિરૂપયોગી વસ્તુ બીજાનાં કામમાં આવતી હોય તો શા માટે ન આવવા દેવી? શા માટે એણે પોતાને માટે મરીને બીજાને માટે ન જીવવું? આત્મહત્યા કરતાં એ વધુ શ્રેષ્ઠ છે. ચાર નમાયાં બાળકોની માતા બની એમને એણે શા માટે સુખી ન કરવા? એથી માતા પિતા સુખી થશે અને જીવનનો સદ્ઉપયોગ થશે. એ જીવશે બીજાને ખાતર જીવશે. પ્રતિભાએ નિશ્ચય કર્યો.

બીજે દિવસે એણે માને લજાતાં કહ્યું, 'પિતાજીને કહેજે કે હું ગામડાંમાં દુઃખી નહિ થાઉં, અને બાળકોથી તો સમય પસાર થઈ જશે.' એટલું કહી એ ચુપચાપ પોતાના ઓરડામાં જતી રહી.

માએ પતિને વાત કરી. બન્નેએ પ્રતિભાની ઇચ્છાને આડે ન આવવા નિશ્ચય કર્યો. પણ પ્રતિભાને પરણનાર યુવાન નજરે બતાવ્યા વિના કંઈ પણ નક્કી કરવાનું અયોગ્ય ધાર્યું. એમણે પ્રતિભાને બતાવવા એ યુવાનને ઘેર જમવા બોલાવ્યો.

પ્રતિભાએ જોયું તો એના બાહ્ય દેખાવમાં ન શહેરની છટા હતી કે ન ભાષામાં શિક્ષણના સંસ્કાર હતા, દેખાવે સારો હતો. ચહેરા પર સૌમ્યતા અને આંખોમાં સરળતા જોઇ પ્રતિભાને લાગ્યું કે આ ભોળા યુવાન જોડે એનું જીવન દુઃખી તો નહિ જ થાય. પણ પ્રતાપનું સ્થાન શું આ યુવાનને આપી શકશે! એને લાગ્યું કે પ્રતાપને એ કદી એના સ્થાનથી દૂર નહિ કરી શકે.

૩

અઠવાડિયા બાદ સાદાઇથી પ્રતિભાનાં લગ્ન થઇ ગયાં. પ્રતિભાનાં લગ્ન સમયે પ્રતાપ એને શ્રીમંત સાસરે હતો. પ્રતિભા એક સવારે પતિ સાથે પોતાને ઘેર જવા નીકળી. એનું ગામ પચીસેક માઇલ દૂર હતું.

એક સમયે પ્રતિભાને ગ્રામ્યજીવન ઘણુંજ પસંદ હતું. રસ્તામાં લીલાછમ ખેતરો, ફળોના બાગ, ઘટાદાર વૃક્ષો એની નજર આગળથી પસાર થવા લાગ્યા. પણ એ અત્યારે એ બધુ જોવાને બદલે વિચાર–સૃષ્ટિમાં વિહરી રહી હતી. જીવનમાં કેટલું અજબ પરિવર્તન? એ કોની થવાની હતી અને કોની થઇ? પ્રતાપ કોણ જાણે અત્યારે ક્યાં હશે? પ્રતાપની યાદ જેમ જેમ દૂર કરવા મથતી હતી તેમ તેમ એ એને વધુ સતાવતી. એની વિચારસૃષ્ટિ એના પતિના અવાજે તોડી.

'આ ઘર આવ્યું.' દૂરથી દેખાતા એક મકાનને બતાવી એણે ઉત્સાહ ભર્યા અવાજે કહ્યું. પ્રતિભાએ જોયું તો એનું ઘર મોટું પણ મરામત્તના અભાવે ખંડેર જેવું દેખાતું હતું. એટલામાં તો એમની મોટર આંગણામાં આવી પહોંચી. મોટરનો અવાજ સાંભળી છોકરાં બહાર દોડી આવ્યા. સૌથી મોટી દસેક વર્ષની છોકરી પ્રતિભાને ગુસ્સા-ભરી નજરે જોવા લાગી. એની મૃત માતાને સ્થાને એ પ્રતિભાને

સહન ન કરી શકી. તેનાથી નાનો સાતેક વર્ષનો પુત્ર અજાયબી ભરી નજરે એને નિરખી રહ્યો. પાંચ વર્ષનો રમેશ તો એને ખૂણામાં ઊભો રહી જોઇ રહ્યો હતો. પ્રતિભાનું હૃદય બહુ જોરથી ધબકવા માંડ્યું. ઘરમાં નરી ગંદકી અને અવ્યવસ્થાનું સામ્રાજ્ય વ્યાપી રહ્યું હતું. ઘરમાં સામાન ઘણો હતો પણ સ્વચ્છતાને અભાવે બધો દેખાવ કંગાલિયત ભર્યો લાગતો હતો, ઘરનું વાતાવરણ, મોટી છોકરીની ગુસ્સાભરી નજર વગેરે જોઈ પ્રતિભાને ગૂંગળામણ થવા લાગી. એનો પતિ બે કોળિયા ખાઈ બહાર જતો રહ્યો. પ્રતિભા તરતજ બહાર આંગણામાં નિકળી. એણે શા માટે આ સજા હાથે કરી વહોરી લીધી? એ અકળાઇ ગઇ. એણે આંગણામાં જોયું તો વૃક્ષો જ્યાં ત્યાં ઉગી નિકળ્યા હતા. ઢોર પણ ઘરની નજીક બાંધ્યા હતા. એ ઘરથી થોડે દૂર આવેલા ફૂળોના બાગ તરફ ગઈ. બાગની અંદર એણે એક નાની સુંદર છોકરીને રમતી જોઈ. પ્રતિભાને જોઇ એ બાળા હસી. 'શું તમે નવા મા છો? બાપુજી કહેતા હતા કે એ સરસ મા લાવી આપશે.' એ પ્રતિભાની નજીક આવી. પ્રતિભાએ ત્યાં વહેતા પાણીમાં એને ધોઇને સાફ કરી. નાની બાળા એનો હાથ પકડી બાગ બતાવવા લાગી. બન્ને થોડી વારમાં ઘર આગળ આવ્યા. નાની સુધાએ એનો હાથ પકડી કહ્યું, 'મા! હવે તમે મને છોડી તો નહિ જાઓને.'

'નહિ બેટા!' એને ઉંચકી એના સુંદર મુખને ચુમતાં પ્રતિભા બોલી. એનું મન સુધાના કાલાંઘેલાં બોલોએ શાંત કર્યું હતું. એ ઘરમાં આવી. બધું જોવા લાગી.

બીજે દિવસે એણે પતિને ઘરને સમું કરાવી રંગાવવાની સૂચના કરી. એની સૂચનાનો તરતજ અમલ થયો. થોડાજ દિવસમાં ઘરે આધુનિક દેખાવ ધારણ કર્યો. ઘરનો બાહ્ય તેમજ આંતર દેખાવ ફરી ગયો. બાળકો હવે સ્વચ્છ કપડાં પહેરવા લાગ્યા, સૌથી મોટી છોકરી માને હવે સૌથી વધુ ચહાવા લાગી હતી. હવે ફરિયાદ કરવા કે કંઈ ચીજ માગવા સૌ મા પાસે દોડી આવતા. પ્રતિભાએ બાળકો શહેરમાં ભણવા જઇ શકે

તે માટે પતિને એક મોટર ખરીદવા કહ્યું. થોડા દિવસમાં મોટર આવી ગઈ અને ત્રણે છોકરાં ભણવા જવા લાગ્યા. ઘરનું આંગણું બાગમાં પરિવર્તન પામી ગયું.

એક મહિનામાં તો કોઇ જાદુઇ સ્પર્શ થયો હોય તેમ બધાનું પરિવર્તન થઈ ગયું. પ્રતિભાના પતિએ તીજોરીની ચાવી એને સોંપી દીધી હતી. અવ્યવસ્થાને કારણે સારી ઉત્પતિ છતાં ઘણું થોડું બચતું. એ પ્રતિભાએ સંભાળતાં એની આવક પણ વધી ગઇ. એક રાતે પ્રતિભાને એના પતિએ કહ્યું. 'ન જાણે કયા પૂણ્યથી અમે તને મેળવી પ્રતિભા ! હું તો તારા ચરણો પાસે પણ બેસવા લાયક નથી. તેં કૃપા કરી અમારો ઉદ્ધાર કર્યો. તારા આ મહાન ઋણમાંથી મુક્ત કેમ થઇશ પ્રતિભા !' હૃદયના ભાવો વ્યક્ત કરવા એની પાસે શબ્દોનો જથ્થો નહોતો, પણ એની આંખો શબ્દોથી વધુ આભાર વ્યક્ત કરી રહી હતી.

'હવે જો આવું ફરી બોલશો તો હું નારાજ થઇશ. મારા કર્તવ્યથી વિશેષ મેં કશું કર્યું નથી.' પ્રતિભાએ વિચાર્યું, એણે સર્વ કંઇ ગુમાવ્યા છતાં જે મેળવ્યું હતું એ ઓછું નહોતું.

કોઇકવાર રાત્રિની નિરવ શાંતિમાં એ પથારીમાં પડી પડી વિચારતી કે આટલા પ્રેમથી ચહાતા પતિને જોતાં શા માટે એનું હૃદય ધબકતું નથી ? પ્રતાપ બેવફા નિવડવા છતાં હજી એ એને કેમ ભૂલી શકતી નથી ? પ્રતાપ હવે એનો કોણ ? છતાં એને હૃદયમાંથી દૂર કરવાના એના પ્રયત્નો નિષ્ફળ નિવડતા.

૪

પ્રતિભાના લગ્નને આઠ વર્ષ વિતી ગયા. તે દરમ્યાન એણે મા પાસે સાંભળ્યું કે પ્રતાપની સુધરેલી પત્ની લગ્ન પછી બે વર્ષમાં જ

છૂટાછેડા લઇ જુદી થઇ. સ્નેહલગ્નનો અંત છૂટાછેડામાં કેમ આવતો હશે? પ્રતિભાને મન એ આશ્ચર્યજ હતું. એક વખત જેને સર્વસ્વ સોંપ્યા પછી એ પાછું પણ લઈ શકાય એમ એ કદી માનતી નહિ.

આઠ આઠ વર્ષ દરમ્યાન એણે કદી કોઇને ખબર પડવા દીધી નહોતી કે એનું હૃદય કોઇ બીજાને સોંપાયેલું છે! પતિને મન એ આરાધ્યદેવી હતી. બાળકોને મન એ મા અને મિત્ર હતી. પણ એકાએક એનો પતિ બિમાર થયો અને મરણ પામ્યો. પ્રતિભાને અસહ્ય આઘાત થયો. દેવીની જેમ જેની સેવામાં જ જેણે સુખ માન્યું હતું એવા એકનિષ્ઠ પ્રેમથી ચાહતા પુરૂષને પોતે જોઇએ તેટલો બદલો નહોતો આપ્યો એમ પ્રતિભાને લાગ્યું અને એથી એને ખૂબ દુઃખ થયું.

૫

પ્રતિભાના પતિનાં મરણને બે વર્ષ થવા આવ્યા. એક અંધારી રાતે સખત વરસાદ પડતો હતો. પવન પણ ખૂબ જોરથી ફુંકાતો હતો. બાળકો બધા સુઇ ગયા હતા. એવે સમયે પ્રતિભાને લાગ્યું કે કોઇ જોરથી દરવાજો ઠોકી રહ્યું છે. એ નીચે આવી. નોકરને જગાડી એણે દરવાજો ખોલવા કહ્યું. દરવાજો ખુલતાં એણે જોયું તો દરવાજા આગળ નીતરતે કપડે એક પુરૂષ ઊભો હતો.

'કોને શોધો છો તમે?' પ્રતિભાએ ફાનસ આવનારનાં મોં સામે ધરીને કહ્યું. એ એને જોતાં બે ડગલા પાછળ હઠી ગઇ. 'તમે? અહીં?'

'તું પ્રતિભા?' પ્રતાપે પણ આશ્ચર્યભર્યા અવાજે કહ્યું. 'એક કામે ગામડામાં જવા નિકળ્યો હતો ત્યાં રસ્તો ભૂલી ગયો અને અંધારૂં થઈ ગયું અને વરસાદ શરૂ થયો. અહીં આવતાં મોટર હરી ગઈ અને કેમે ચાલી નહિ. એટલે રાત પસાર કરવા આજુબાજુ જોયું તો આ મકાન દેખાયું. એટલે અહીં આવ્યો.' પ્રતાપ પ્રતિભાને જોઇ જ રહ્યો હતો.

'તમે બેસો. હું તમારે માટે કપડાં લઈ આવું.' પ્રતિભા ધબકતા હૃદય પર હાથ મૂકી અંદર ગઇ. આટલા સમય બાદ આ અણધાર્યું મિલન ? પ્રતાપની નજરે એ બેચેન બની ગઇ હતી.

એણે નોકર પાસે કપડાં મોકલી થોડીવાર પછી પોતે ચા તેમ જ ખાવાનું એક ટ્રેમાં મૂકી પ્રતાપ આગળ લાવી. ચા રેડતાં એનો હાથ ધ્રૂજી રહ્યો હતો !

'તને કેટલે વર્ષે જોઈ પ્રતિભા ! મારાથી તને કદી પણ બહુ-વચને સંબોધી નહિ શકાય. તું હજી એવી જ દેખાય છે કે જ્યારે આપણે છેલ્લા મળ્યા હતા. મેં કરેલી જીવનની મોટામાં મોટી ભૂલ માટે આજે સતત પશ્ચાતાપ કર્યા કરૂં છું. શું એને માટે કોઇ પ્રાયશ્ચિત નથી પ્રતિભા !' સ્નેહભરી નજરે પ્રતિભાને નિરખતાં એ બોલ્યો.

પ્રતિભામાં વધુ સાંભળવાની તાકાત નહોતી 'હવે એ બધુ યાદ કર્યે શો ફાયદો ?' એનો સ્વર કંપી રહ્યો હતો. એટલામાં નોકરે આવી કહ્યું, 'બિછાનું તૈયાર છે ?'

'તમે હવે આરામ કરો. થાકી ગયા હશો.' એમ કહી એને એનું સુવાનું સ્થાન બતાવી એ ઉપર ચાલી ગઇ. પ્રતાપ નિરાશ થયો. કાચના ટુકડા માટે એણે રત્ન ફેંકી દીધું હતું. એ અફસોસ કરતો સુઇ ગયો.

પ્રતિભા આ અણધાર્યા મિલને ખૂબ ઉત્તેજીત બની ગઇ હતી. એક વખત જેને માટે તલસતી હતી તે આજ એનાજ ઘરમાં સુતો હતો છતાં આજ એ એને મળી શકતી નહોતી ! આજ એ પરાયો હતો. ભૂતકાળના દિવસો એને યાદ આવ્યા. એના હૃદયમાં ભયંકર તોફાન મચી રહ્યું.

૬

સવારના પ્રતાપે પલંગ પર પડયા પડયા બહાર બાગમાં જોયું તો પ્રતિભા ફૂલોની ટોપલી ભરી ફ્લાવર પોટોમાં ફૂલો ગોઠવી રહી હતી. ઉષાના આછા કિરણોમાં ફૂલોના ઢગલા વચ્ચે એ કેટલી આકર્ષક લાગતી હતી! શરીર પર માત્ર સફેદ વસ્ત્રો સિવાય કંઈ અલંકાર નહોતાં છતાં એનું સૌંદર્ય જરા યે ઝાંખુ નહોતું લાગતું. એ ધીમે પગલે બહાર નિકળી પ્રતિભાની પાછળ આવી ઊભો રહ્યો. પોતાના ધ્યાનમાં મગ્ન પ્રતિભાને એની ખબર ન પડી.

'પ્રતિભાં !' પ્રતિભાના હાથમાંનું ફ્લાવરપોટ પડી ગયું. 'તમે મને ચમકાવી.' પ્રતાપને જોઈ એ બોલી. પ્રતિભાની નજીક બેસતાં પ્રતાપે કહ્યું. 'તેં તો અહીં શહેરી વાતાવરણજ ખડું કરી દીધું છે ને. ગામડામાં આટલું સરસ મકાન કે બાગ જોવાની કોઇ આશા નજ રાખી શકે.' એની નજર પ્રતિભાના મુખ પરથી ખસતી જ નહોતી.

'તમે હજી ચા નહિ પીધી હોય. ચાલો હું તમારે માટે ચા તૈયાર કરાવું.' એમ કહી પ્રતિભા ઝપાટાબંધ ચાલી ગઇ. પ્રતાપ પ્રતિભા સાથે વાતો કરવા માગતો હતો, પણ પ્રતિભા એવી તક જ એને આપવા માગતી નહોતી. બાળકો બધા નવા મહેમાનને જોઇ આશ્ચર્ય પામ્યા. પણ એ પ્રતિભાનો પાડોશી હતો એ જાણી બધા એની સાથે વાતે વળગ્યા. શહેરી યુવાનની નવી નવી વાતોમાં એમને ખૂબ રસ પડયો. સુધા તો એનાથી દૂરજ થતી નહોતી.

પ્રતિભા આ જોઈ અસ્વસ્થ બની. પ્રતાપ જવા નિકળ્યો. બાળકોએ કહ્યું. 'પ્રતાપભાઇ ! આવતો રવિવાર ગાળવા અહીં જરૂર આવજો. બહુ મઝા પડશે. કેમ ખરૂં ને મા !' સુધાએ માને કહ્યું. પ્રતિભા અકળાઇ ગઈ હતી. છતાં એને હા કહેવી પડી.

પ્રતાપ ગયો. પ્રતિભાનું મન આજે કામમાં ન લાગ્યું. આજે એને શું થઇ ગયું હતું ! એના સુષુપ્ત હૃદયમાં તોફાન જગાડી પ્રતાપ ચાલ્યો ગયો !

૭

પ્રતાપ રવિવારે આવી પહોંચ્યો. બાળકો ખૂબ ખુશ થયા. પ્રતિભાને એના આગમને આનંદ થયો; પણ એને લાગ્યું કે હવે આ બધું ઉચિત નથી. પ્રતાપની નવી નવી વાતો, શહેરના અનુભવો સાંભળી છોકરાઓને ખૂબ રસ પડવા લાગ્યો. બધાએ એને એમના બાગબગીચા બતાવ્યા. અને આ બધું માએજ કર્યું છે એમ જણાવવા પણ ન ચૂક્યા. પ્રતાપે જોયું કે આ બાળકોના હૃદય પર પ્રતિભા કેટલો અધિકાર ભોગવતી હતી ! બધાએ સાથે મળી બાગમાંજ ભોજન કર્યું. પ્રતિભાને પણ હાજર રહેવું પડયું.

પ્રતાપ પછી તો લગભગ દર રવિવારે આવતો. જાણે પ્રતિભાનું અસ્તિત્વ જ ન હોય તેમ વર્તતો. પ્રતિભા મુંઝાતી. પ્રતાપની વલણ એને ન સમજાતી. શા માટે એ અહીં આવે છે ? બાળકોનું દિલ પણ એ દુઃખવવા નહોતી ઇચ્છતી. બે ત્રણ માસ એમજ વિતી ગયા. એક રવિવારે છોકરાં પોતાની શહેરમાં પરણેલી બહેનને ત્યાં જવાના હતા. તેથી પ્રતિભાએ પ્રતાપને કહ્યું કે 'આવતે રવિવારે છોકરાં શહેરમાં જવાના છે. તમને ધક્કો ન પડે તેથી ખબર આપું છું.'

રવિવાર આવ્યો. છોકરાં ત્રણે શહેરમાં ગયા હતા. પ્રતિભા બપોરને સમયે એક રૂમાલ ગૂંથી રહી હતી. એટલામાં મોટરનો અવાજ આવ્યો. આ એની મોટરનો અવાજ ન હોતો. એટલામાં તો પ્રતાપ એની આગળ આવીને ઊભો રહ્યો. એ ધ્રૂજી ઉઠી.

'છોકરાં તો બધા નથી. તમે કેમ આવ્યા ?' એણે એની સામે જોયા વિના કહ્યું.

'તને મળવા પ્રતિભા !' એની નજીક ખુરશી લઈ બેસતાં પ્રતાપ બોલ્યો !

'પ્રતાપ !' પ્રતિભાએ પહેલી જ વાર પ્રતાપનો નામોચ્ચાર કર્યો.

'પ્રતિભા ! કોઇ અજ્ઞાન બાળક સુંદર રમકડાંના આકર્ષણે થોડો સમય માને ભૂલી જાય, તો તેથી એ માને ભૂલી ગયો છે એમ તો ન જ કહી શકાય. મેં તને ચાહી છે અને ચાહ્યા કરૂં છું. સૌંદર્યના આકર્ષણમાં હું તને થોડો સમય ભૂલી ગયો; પણ પ્રતિભા ! શું આ ભૂલને માટે હંમેશાં સહન કરીશ ? શું તું મને ક્ષમા નહિ કરે પ્રતિભા ! બાળપણના એ મધુરા દિવસો કે જ્યારે આપણે હાથમાં હાથ મિલાવી રમતા, લડતા. પ્રતિભા, મારી પ્રતિભા !' પ્રતાપ પાગલની જેમ બોલ્યો.

'શું પાગલ બની ગયા છો પ્રતાપ !' પ્રતિભા ધ્રૂજતા સ્વરે બોલી.

'પાગલ બની ગયો હોત તો વધુ સારૂં થાત. પ્રતિભા, શું આપણે ફરી એક ન થઇ શકીએ ?' આશાભરી નજરે પ્રતિભા તરફ જોતાં એ બોલ્યો.

પ્રતિભાની મરેલી આશાઓ જીવન્ત થવા લાગી. હૃદયમાં લાગણી-ઓનું તોફાન મચી રહ્યું. પ્રતાપની બનવા એ કેટલી તડપતી હતી ! આજ એ એને આમંત્રી રહ્યો હતો. એને બાળકો યાદ આવ્યાં. એમનું શું થાય ?

'બાળકોનો વિચાર પણ મારે કરવાનો છે ને.' એણે ધીમેથી કહ્યું.

'બાળકો હવે મોટાં થયાં છે. એમની બહેન એમને હવે સાચવશે.' પ્રતાપે જવાબ આપ્યો.

'પ્રતાપ, તમે શું બોલો છો ? એમને મારાથી દૂર કેમ કરૂં ?'

'પારકાં બાળકોને હું મારી સાથે કેમ રાખું ? એ તારા પણ નથી પ્રતિભા !'

'આટલાં વર્ષ દરમ્યાન એ પારકાં છે એનો ખ્યાલ તો તમે જ મને આપ્યો.' એ દુઃખદ સ્વરે બોલી.

'પારકાં બાળકોને ખાતર મને ત્યાગી દઈશ પ્રતિભા!' પ્રતાપ પ્રતિભાની સામે નજર સ્થિર કરતાં બોલ્યો.

પ્રતિભાને યાદ આવ્યું કે એ માત્ર બાળકો માટે જ જીવી હતી. એનું ભૂતજીવન એનું નહોતું. મૃત માણસને ગતજીવન સાથે શો સંબંધ? એના હોઠ મક્કમતાથી સખત બિડાયા.

'પ્રતાપ! તમારી પ્રતિભા તો ક્યારની મરી ચૂકી છે! હવે માત્ર આ બાળકોની મા જ જીવે છે! મને મારી નિર્બળતા માટે શરમ થાય છે, ભૂતકાળ મારે માટે ગત જીવન જ બની ગયું છે. જાઓ ઈશ્વર તમને સુખી રાખે.' પ્રતિભાના મુખ પર અજબ તેજ ચમકી રહ્યું. પ્રતાપે જોયું તો આ એની પ્રતિભા નહોતી. માતૃત્વના ગૌરવથી એનું મોં ચમકી રહ્યું હતું. એ ઉઠીને ચાલ્યો ગયો. પ્રતિભાની આંખમાંથી આંસુ વહી રહ્યાં.

એટલામાં છોકરાં પાછાં આવ્યાં. પ્રતિભાની પાસે દોડતી સુધા આવી પહોંચી. માનો અશ્રુપૂર્ણ ચહેરો જોઇ એ બોલી. 'મા, તને એકલાં ન ગમ્યું? હવે અમે તને એકલી મૂકી ક્યાંય નહિ જઇએ.' માને ગળે બન્ને હાથ ભેરવી એ બોલી. પ્રતિભા એને હૃદય સરસી ચાંપી બોલી 'મારી બેટી.'

સુધા જોરથી માને ગળે વળગી બોલી, 'મા, મારી મા!'

અતૃપ્ત લાલસા !

લેખિકા : અ. સૌ. ચન્દ્રપ્રભા.

આજે પણ હું સોનાના હીરાજડીત દાગીના દેખું છું, અને તુરત જ મારા હૈયામાં ઝીણી ઝણઝણાટી અનુભવુ છું. અને તેની પાછળનો એક પ્રસંગ યાદ આવતાં મારા પતિ તરફ મને ખૂબ જ મમતા ઉપજે છે. મારી અતૃપ્ત લાલસાનો એ પ્રસંગ આ રહ્યો:

ઘણાં દિવસ પહેલાંની વાત છે.

પાણીના રેલાની માફક ધસમસાટ કરતી ટ્રેન ચાલી જતી હતી, તેના વેગથી પણ મારા હૃદયનો વેગ ત્યારે બળવાન બન્યો હતો.

મારા પિયર પોરબંદરથી મારાં બે બાળકો સાથે હુ મારા સાસરે જેતપુર જઇ રહી હતી. હું જે ડબામાં બેઠી હતી તેમાં પેસેન્જરોની ગીરદી ન્હોતી. મારા સામેના બેન્ચ ઉપર એક વિશેક વર્ષની યુવતિએ બેઠક લીધી. અને તેની સાથેના એક ગુમાસ્તા જેવા માણસે સામાન ગોઠવી બેન્ચ ઉપર બિછાનું પાથરી દીધું.

'ક્યાંલે સુધી બહેન ?' એ યુવતિએ મને પૂછ્યું. નિદ્રામાંથી ઝબકીને જાગતાં જે જાતની સ્થિતિ થાય છે, તેવી રીતે ઝબકતાં મેં કહ્યું. 'જેતપુર સુધી, અને તમે ?' મેં જવાબ આપી સામો સવાલ પૂછ્યો.

'હું મારે સાસરે રાજકોટ જાઉં છું. મારા બાપાનો વાણોતર મને જેતલસર સુધી મૂકવા આવે છે અને જેતલસર એ સામા આવશે' તે યુવતીએ તેના પાણીદાર નેત્રો ચમકાવતાં કહ્યું.

'હું પણ મારા સાસરે જ જાઉં છું અને મારા પતિ ઉપલેટા તેમના કામ પ્રસંગે આવ્યા છે તે સાથે થઇ જશે.' મેં કહ્યું.

ગુલાબી ઠંડી દૂર થતી હતી, અને પ્રભાતનાં કિરણો જગતમાં નવચેતન ભરતાં પ્રસરતાં હતાં. પુનઃ મારા વિચારોનો વેગ વધ્યો. એ યુવતિ પણ બિછાના ઉપર લાંબી થઈને પડી. તેની દેહલતા આકર્ષક હતી અને તેમાં ઓર વધારો કરતાં આભૂષણો ભલભલાને આંજી દે તેવાં ચમકદાર અને મુલ્યવાન હતાં. તેના કાનના ઇયરીંગ ચમકારા મારી રહ્યાં હતાં. તેના ગળાની મૂલ્યવાન મોતીની માળા અને સુવર્ણ નેકલેસ ચકચકીત થતાં હતાં. તેના હાથમાંની હીરાજડીત બંગડીઓ ફેશનેબલ બાજુબંધ અને આંગળી ઉપરની હીરાની મુદ્રીકાઓ આ બધા કિમતી દાગીનાએ મારા હૃદયમાં તુમુલ તુફાન મચાવ્યું! મને મારી જાત તરફ તિરસ્કાર સાથે એક જાતની તિવ્ર–ભાવના પ્રકટી. તેની હીરાજડીત સુવર્ણબંગડીઓ પાસે મારી કચકડા, ગેંડા અને કાચની બંગડીઓથી શોભતો હાથ તેના હસ્તની ઇર્ષા કરી રહ્યો. મને મારી કંગાલ હાલતથી લાગી આવ્યું ને મારા મુખ ઉપર નિરાશાની છાયા પ્રસરી. મને લાગ્યું, મારી પાસે આવા દાગીના સાત ભવમાંય થાય તેમ નથી. બીજી પળે મેં વિચાર્યું. શું જગતનું શ્રેષ્ટપણું દાગીનામાં જ વસે છે? અને મુંઝાતા એ પ્રશ્નનો ઉકેલ હજુ હું શોધી શકી નહોતી, ત્યાં એ યુવતિએ મને કહ્યું.

'બહેન આપ કઇ જ્ઞાતિના છો? સંતાનમાં તો બે પુત્રો લાગે છે. મને તો પરણ્યા આજે પાંચ વર્ષ થયાં પણ ખોળો જ ભરાતો નથી.' અસંતોષની લાગણી સાથે એ યુવતિએ પ્રશ્નો પૂછીને પોતાની હાયવરાળ કાઢી.

મારા હૃદયમાં જે જાતનો પ્રશ્ન ઘોળાતો હતો એ કરતાં કાંઇક વિપરીત સવાલ તેના હૃદયને મૂંઝવતો હોય તેમ મને લાગ્યું. મેં જવાબ આપતાં કહ્યું.

'અમો વાણિયા છીએ, બહેન અત્યારે તો જાત ભાત વરતાય તેવું રહ્યું નથી. મારે બે દીકરા જ છે, પ્રભુની માયા છે બહેન, તમે પણ શું વાણિયા છો?' મેં પણ તે કઇ જાતની છે તે જાણવાના ઇરાદાથી તેના પ્રશ્નોના જવાબ આપી પૂછ્યું.

'ભાટીયા' તે યુવતિ ટૂંકો જવાબ આપી કોઇ ગૂઢ વિચારમાં પડી. મારી વિચારનૌકા ફરી હૃદયસાગર ઉપર પોતાનો વેગ વધારી રહી. રાણુાવાવ પછીના ત્રણચાર સ્ટેશનો ટ્રેન વટાવી ગઇ હતી.

મારું ચંચળ મન તેનાં આભૂષણો જોઇને તરફડી રહ્યું. સુધાકર ક્યારે મને આવા દાગીના લાવી આપવા જેટલી કમાણી કરશે? શું ખાવુંપીવું એટલું જ કમાવું, એમાં જ જીવનની મહત્વાકાંક્ષા સમાઇ જાય છે?

'ઉપલેટા પાંચ મિનિટ' સાથે વાવટો ફરકાવતા સાંધાવાળાના શબ્દોએ મારી વિચારનૌકા સ્થિર થઇ! બેચાર ડબ્બામાં ડોકિયા કરતા તપાસતા સુધાકર મારા ડબ્બામાં આવી પહોંચ્યા. તેના મુખ પરની પ્રતિભા પાસે મારા હૃદયસાગરનું તુફાન ઘડીભર શમી ગયું. બન્ને બાળકો તેના પિતા સાથે ગેલ કરવા લાગ્યા અને પછી તો નવીન વાતોથી મારામાં પણ સ્ફૂર્તિ આવી. પરંતુ મારા હૃદય પરથી પેલા દાગીનાના વિચારો સદંતર જતા નહોતા.

મારા મુખપરની અસંતોષની આછી રેખાઓ સુધાકરથી અજાણી નહોતી રહી પેલી યુવતિની વિકસીત દેહલતા અને આભૂષણોનો ઠઠારો જોઇ સુધાકરે એક નજર તેના પર નાખી અને મારા તરફ જોયું! ઘણાં વખતની મારી દાગીનાની વાતને સુધાકરે ધુતકારી હતી. કમાણી વગર દાગીના ઘડાવાતા નથી અને સ્ત્રીઓ દાગીનાને ઇશ્વરથી પણ શ્રેષ્ટ માને છે, એમ સુધાકર કહેતા.

પેલી યુવતિ પણ હવે ટટાર થઇને અમારી સાથે વાતોમાં જોડા- વાની તક શોધતી હોય તેમ મને જણાયું. તેની મનોભાવના જાણી મેંજ શરૂઆત કરતાં કહ્યું. 'બેન! કેમ સુસ્તી ભરી?'

તેનું મુખ દયા ઉપજાવે તેવું કરુણ બની ગયું. જેવી તીક્ષ્ણ નજરે હું તેના દાગીના તરફ નિહાળતી હતી, તેથી પણ વધુ કાતિલ નજરે તે સુધાકર અને મારા બાળકો તરફ જોઈ ચુપકીદીથી નજર ફેરવી લેતી. એ મારી સમજ બહાર નહોતું.

તેણે કહ્યું 'આળસ ઘર કરીને રહી છે તે જતી જ નથી, શહેરી જીવન માણસોને આળસુ બનાવે છે.'

'શહેરી જીવનમાં જ્યારે વિલાસ ભળે છે ત્યારે જ આળસુ બની જવાય છે.' મેં કહ્યું.

'શહેરી જીવનમાં જ્યારે શ્રીમંત બનાય છે ત્યારે એને શારીરિક વ્યાયામ મળતો નથી તેથી આળસ આવે છે.' સુધાકરે કહ્યું.

'તમારી વાત સાચી છે. સવારથી સાંજ સુધી કયાં કપડાં પહેરવાં ? વિલાસી ચીજોની પસંદગી અને એવા અનેકવિધ પ્રશ્નોમાં જ દિવસ નિકળી જાય, રસોઈ રસોયો કરે, ઠામ ધાટી માંજે, પાણી નળથી આવે, દીવા વિજળીના થાય, લોટ મિલનો ખવાય, કપડાં ધોબી ધૂએ. હવે ઘરકામમાં શું રહ્યું ? આવી રીતના યંત્રયુગે અને વિલાસીભાવનાએ જ જગતનું સત્યાનાશ કાઢયું છે.' તે યુવતિ સુધાકરના મંતવ્ય સાથે કબૂલ થઈ, તેની વાતને ટેકો આપી બોલી.

'છતાં કામ આપણે હાથે કરવા ધારીએ તો પુરુષો ના કહેતા નથી' મેં કહ્યું.

'બહેન તમારી એ વાત સાચી છે પણ કામ કરવાનું દિલ થતું નથી. એ તો જે જાતના અનુભવમાં આવે તે જ જાણે' તે યુવતિએ કહ્યું.

ધોરાજી આવતાં ટ્રેન ઊભી રહી. સુધાકરે ચા મંગાવી. એક કપ ચા મેં લીધી અને એક કપ પેલી યુવતિને આપતાં મેં કહ્યું. 'લો આળસ ઉડાડો.'

તેણે કપ લીધો. સુધાકર તો ચા પીતા જ નહોતા અને મારા બાળકોને દૂધ વ્હાલું હતું.

તે યુવતિએ સુધાકર તરફ જોઇને કહ્યું 'કેમ તમો ચા પીતા નથી?

'ના' સુધાકરે ટૂંકો જવાબ આપતાં કહ્યું અને બારી બહાર જોયું.

તેણે એક રકાબી ચા પીધો અને 'સ્ટેશનનો ચા સારો હોતો નથી' એવો અભિપ્રાય આપ્યો. કપમાં વધેલો ચા તેના માણસને આપી દીધો અને તીક્ષ્ણ નજરે સુધાકર તરફ દૃષ્ટિપાત કર્યો મારી દૃષ્ટિ એના ગળામાં ચળકી રહેલા નેકલેસ તરફ હતી.

વાળની લટ સરખી કરતાં તેણે કહ્યું 'બાળકોને ભૂખ લાગી હશે લ્યો હું થોડી મીઠાઇ આપું,' કહી તેણે મીઠાઇનો તેની પાસે ડબરો હતો તે ખોલીને તેમાં હતી તેટલી મીઠાઈનો લગભગ અર્ધો ભાગ એક પડીકામાં બાંધી મારી પાસે મૂક્યો.

'બાળકોને આટલી મીઠાઇ ચાર દિવસ ચાલશે તોય નહિ ખૂટે ફક્ત તેને બે કકડા આપો;' સુધાકરે કહ્યું.

'હું તમોને તો નથી આપતીને? બાળકોને આપું છું. તેમાં વચ્ચે તમોને કાંઈ કહેવાનો અધિકાર નથી,' એ યુવતિએ સુધાકરની વાતનો ઇન્કાર કરતાં કહ્યું.

બાળકો પડીકામાંથી મીઠાઈ લઇને ખાવા લાગ્યા. અને પ્રેમભરી નજરે એ યુવતિ તરફ જોવા લાગ્યા.

નકામી વાતોના ગપ્પામાં જેતલસર ક્યારે આવ્યું તે પણ ખબર ન પડી.

'ઓહ! આતો જેતલસર આવ્યું મારે અહીં બદલવાનું' તે યુવતિ બોલી. છૂટા પડતાં તેને એક જાતનો ક્ષોભ થતો હતો. તેના પતિ તેની શોધ કરતા તે ડબ્બા પાસે આવી પહોંચ્યા; તેમાં હિંદાર

ભય ઉપજાવે તેવો હતો. મેં તો માનેલ કે તેનો કોઈ માણસ હશે ! પણ પેલી યુવતિએ ટૂંકી લાજ કાઢી. તેના પતિના કપડાં સ્વચ્છ હતાં વળી સોનાના બટન અને હાથપરની સોનાના પટાવાળી ઘડિયાળ આ બધાં ચિન્હો જોતાં મને લાગ્યું કે તે તો તેનો પતિ જ છે. સામાન બદલવાની ધમાલ ચાલી.

તેના પતિનો દિદાર કંપારી ઉપજાવે તેવો હતો. તેના મોઢા ઉપર બળિયાકાકાની મ્હેરનાં ચાઠાં, તેની એક આંખમાં ઉપસેલું દાણાંદાર ફુલું, એકવઠી મુડદા જેવી વિકૃત કાયા. આ બધા કારણે મારું હૃદય પુકારી ઉઠ્યું, 'અરે ભગવાન' !

'બેન તમોએ મને બહુ જ આનંદ આપ્યો, રાજકોટ આવવાનુ થાય તો જરૂર મારે ત્યાં આવજો,' તેના પતિ પાસેથી સરનામાનું કાર્ડ લઇ મને આપતાં અને છૂટા પડતાં તેણે કહ્યું. જતાં જતાં એ બાળકોને ચુંબન ભરતી ગઈ, સુધાકર તરફ એક તીક્ષ્ણ નજર ફેંકતી ગઈ અને મારી સાથે ગદ્‌ગદીત લાગણી બતાવી તે વિદાય થઈ.

હું ધ્યાનસ્થપણે તેના ધણીના દિદાર અને યુવતિના સૌન્દર્ય સાથે દાગીનાનો વિચાર કરી રહી. ટ્રેન ચાલુ થઇ અને સીટીના અવાજમાં સુધાકરનો ધીમો અવાજ મારા કાને અથડાયો 'કેમ દાગીના વ્હાલા લાગે છે? જો તને એ ગમતાં હોય તો તેના પતિની સાથે આપણે બદલો કરી લઈએ !'

મારા વિચારની તંદ્રા તૂટી ગઇ; અને તેના સ્થાને સુધાકરની મારા પ્રત્યેની પ્રેમભરી લાગણી ઉભરાણી. મારી આંખમાં સ્નેહનાં આંસુ આવ્યાં. સુધાકરને લાગ્યું હશે કે મારી દાગીનાની જન્મેલી ઇચ્છાની મલિન છાપ મારા આંસુ વતી ધોવાય છે, નિર્દોષ બાળકો મારા આંસુનો મર્મ ક્યાંથી સમજે ?

મારી અતૃપ્તલાલસાનો અને દાગીના પ્રત્યેની તિરસ્કારી ભાવનાનો આ છે ઐતિહાસિક પ્રસંગ !

સ્વાશ્રયી લેખક મંડળ

સૂચીપત્ર ૧૯૪૦

મહા ગુજરાતના સમર્થ સાહિત્યકારોના
સમૂહબળે ચાલતી પ્રાણવાન સંસ્થા

ગૃહપુસ્તકાલય ગ્રંથમાળા

કુટુંબના જુદી જુદી રસવૃત્તિવાળા દરેકને આનંદ
અને સંતોષ આપે તેવું સાહિત્ય પીરસતી ગ્રંથમાળા

લાઠી કાઠિયાવાડ

ગુર્જર સાહિત્ય ભંડાર

મુદ્રક : મનુભાઇ અમૃતલાલ શેઠ : સ્વાધીન મુદ્રણાલય : રાણપુર

અમારા કાર્યાલયમાં મળતાં પુસ્તકો

(૧) **રાસમાલિકા** : લેઃ—સ્વાશ્રયી લેખક મંડળ; જુદાં જુદાં ૩૪ લેખકો અને લેખિકાઓના ૧૧૭ રાસગીતો. ગુજરાતણોના કોકિલકંઠને સુહાવે તેવા મધુરરસ ઝરતાં રાસનો સંગ્રહ [વડોદરા રાજ્યના શાળા તથા સાર્વજનિક પુસ્તકાલયો માટે મંજૂર થયેલ છે] કિંમત એક રૂપિયો પોસ્ટેજના બે આના.

(૨) **જીવન રસ** : લેઃ-સ્વાશ્રયી લેખક મંડળ; ૨૦ નવલિકાઓનો આ સંગ્રહ કલાત્મક બન્યો છે. અઢાર સિદ્ધહસ્ત નવલિકાકારોના સહકારે તૈયાર થયેલ આ સંગ્રહ સુવાચ્ય બન્યો છે. કિંમત સવા રૂપિયો. પો. બે આના. [વડોદરા રાજ્યમાં મંજૂર.]

(૩) **યુગચિત્ર** : લેઃ—સ્વાશ્રયી લેખક મંડળ; પંદર જાણીતા લેખકોની વિવિધ કૃતિઓનો સંગ્રહ. જેમાં હાસ્ય, નિબંધ, પત્રકથા, નવલિકા અને ચારિત્ર્ય લેખન ઈત્યાદીની રસમય સામગ્રી ભરી છે. કિંમત એક રૂપિયો પો. દોઢ આનો.

(૪) **ઊર્મિ** : લે : સ્વાશ્રયી લેખક મંડળ; મહાગુજરાતના આગેવાન સિદ્ધહસ્ત કવિઓના સહકારે તૈયાર થયેલ આ સંગ્રહમાં કાવ્યો, ખંડકાવ્યો, દેશભક્તિના ગીતો, બાલગીતો, કટાક્ષગીતો અને રાસગીતો એમ જુદાં જુદાં વિભાગોથી સમૃદ્ધ બનેલ આ ગ્રંથ કાવ્ય શોખીનો માટે સર્વોત્તમ છે, કિંમત સવા રૂપિયો પો. બે આના

(૫) **હિંદનું ફેડરલ રાજ્ય બંધારણ અને દેશી રાજયો** : લેખકઃ— શ્રી. હરકાન્ત બી. શુકલ બી. એ. એલએલ. બી. કિંમત ચાર રૂપિયા. પોસ્ટેજ આઠ આના. આ પુસ્તક માટે એક અભિપ્રાયનો ફકરોજ વાંચો ' ઘણું વિશદ અને સરળ છે. એ પુસ્તક વિષે જ્યારે શ્રી. પોપટલાલ ચુડગરે અમારા પર લખેલું કે 'અત્યાર સુધીમાં પ્રકટ થયેલ સમવાયતંત્ર ઉપરનાં સાહિત્યમાં આ પુસ્તક પ્રથમ પંક્તિનું છે, અંગ્રેજીમાં લખાયું હોત તો આ વિષય પર અંગ્રેજીમાં લખાયેલ કોઇ પણ ઉત્તમ પુસ્તકની એ

બરોબરી કરી શકત' ત્યારે એ શબ્દો વાંચીને અમોને અતિશ્યોક્તિ લાગેલી પણ પુસ્તકના ડેમી સાઇઝના ૨૪૨ પાના વાંચતા અમને એ શબ્દોમાં સત્ય લાગ્યું છે.' "ફુલછાબ"

[વડોદરા રાજ્યના પુસ્તકાલયો માટે મંજૂર થયેલ છે]

(૬) **બાળકોની માવજત** : લેખકઃ—શ્રી. ડો. રઘુનાથ ગં. કદમ કિંમત બે રૂપિયા. પોસ્ટેજ ચાર આના. સગર્ભાવસ્થાથી માંડીને બાળક મોટું થાય ત્યાં સુધી તેના શારીરિક તેમજ માનસિક વિકાસને અંગે, અને સાથોસાથ માતાની તંદુરસ્તીને અંગે, ખ્યાલમાં રાખવા જેવી બધી અગત્યની બાબતોનો આ પુસ્તકમાં સમાવેશ કર્યો છે. એ વિષયના નિષ્ણાત અને પ્રેકટીશરને હાથે લખાયેલ આ પુસ્તક વડોદરા રાજ્યમાં મંજૂર થયેલ છે.

(૭) **સામાજિક ક્રાન્તિ** : લેખકઃ—શ્રી. બાવચંદ માવજી વડેરા; બી. એ. એલએલ. બી. કિંમત દોઢ રૂપિયો. પોસ્ટેજ ત્રણ આના. [વડોદરા રાજ્યની લાયબ્રેરીઓ માટે મંજૂર] સમાજની રૂઢ બની ગયેલી અનેક માન્યતાઓ તથા વિચારોને માનસશાસ્ત્રની સર્ચલાઇટ નીચે લેખકે આ પુસ્તકમાં મૂકેલ છે. અને અનેક સાંસ્કૃતિક મૂલ્યાંકનોમાં આ યુગમાં આવી રહેલા પરિવર્તનનો આખો ક્રમ સમજાવ્યો છે. સાથોસાથ એક ખંડમાં નવી દૃષ્ટિએ લખાયેલી થોડી નવલિકાઓ પણ છે.

(૮) **લાઠી નવરાત્ર મહોત્સવ** : મહાગુજરાતના અનેક વિદ્વાનો, કવિઓ અને વિવેચકોના વ્યાખ્યાનોનો અદ્ભૂત સંગ્રહ શ્રી. લલીત, શ્રી. ધૈર્યચંદ્ર બુદ્ધ, શ્રી. રાયચુરા, શ્રી મહેતા, શ્રી. પં. ઓમકારનાથજી ઠકુર, શ્રી. માસ્તર વસંત, શ્રી. ત્રિભૂવન વ્યાસ, શ્રી. હરભાઈ ત્રિવેદી, શ્રી. વેણીશંકર ભટ્ટ, શ્રી. તલકચંદ શેઠ, શ્રી. રતિકાન્ત નૃત્યકાર, શ્રી. હરજીવન કા. મહેતા, શ્રી. ન્હાનાલાલ બુદ્ધપ્રિય, શ્રી. મંજુલાલ મજમુદાર, શ્રી. મંગેશરાય પાઠકજી શ્રી. સુન્દરમ્ શ્રી શાન્તાબહેન ભાલેરાવ, શ્રી. ડો. સુમંત મહેતા શ્રી. શારદા બહેન મહેતા, શ્રી. પાઠક દંપતી, શ્રી. ના. લાઠી

ઠાકોરસાહેબ, શ્રી. રામેશ્વરી નહેરૂ, શ્રી. રમણલાલ વ. દેશાઈ, શ્રી. સ્વ. પ્રભાશંકર પટ્ટણી, શ્રી. રવિશંકર મહાશંકર રાવળ, ઇત્યાદીએ આપેલ ભાષણોનો સંગ્રહ. આ ભાષણો મંચ પરથી જે શબ્દોમાં બોલાએલાં એ જ શબ્દોમાં ગુજરાતના પહેલા જ લઘુલિપિકાર શ્રી. હરિકૃષ્ણ વ્યાસે પોતાની શીઘ્રલિપિમાં ઝડપી લીધેલાં, તે આમાં આપ્યાં છે. કિંમત રૂપિયો દોઢ. પોસ્ટેજ બે આના.

(૯) **હૃદય જ્વાળા** : લેખકઃ–શ્રી. અંબાલાલ નૃ. શાહ [ભાષા વિશારદ] સચિત્ર. વડોદરા રાજ્યમાં મંજૂર સામાજીક હૃદયગુંચોનો નવી દૃષ્ટિ આપતો મર્મજ્ઞ ખ્યાલ આ નવલકથામાં સભર ભર્યો છે. પ્રેમ ત્રિકોણનું થયેલ નિરુપણ તમોને વિચાર કરતાં કરી મુકશે. કિંમત રૂપિયો દોઢ પો. અઢી આના.

(૧૦) **કલંક શોભા** : લેખક :–શ્રી. અંબાલાલ નૃ શાહ. ઉપોદ્‌ઘાત લેખક : શ્રી જ્યોતિન્દ્ર હ. દવે M. A. વાસ્તવદર્શી નવલકથા વાર્તા સાહિત્યમાં નવો જ પ્રદેશ. રૂચિર વસ્તુવિધાન, નિર્દોષ પાત્રાલેખન, સરળશૈલી. વારાંગના જીવનનો પ્રદેશ નવી જ રીતે ઉઘડે છે એવી અનેક રંગોની મિલાવટ વાળી આ નવલકથા વાંચતા તમો કોઈ ફીલ્મ જોઈ રહ્યાં હોવ તેમ લાગશે.

(૧૧) **ગુજરાતમાં પ્રચલિત ૨૦૦૦ અંગ્રેજી શબ્દો** : સં. શ્રી. હરિકૃષ્ણ વ્યાસ : કિંમત નવ આના. પો. એક આનો. જીવનનાં જુદાં જુદાં ક્ષેત્રોમાં પ્રસરી ગયેલા અંગ્રેજી શબ્દોનું સંશોધિત લિસ્ટ આ પુસ્તકમાં અર્થ સહિત આપેલ છે. જેઓને અંગ્રેજીનું કાંઇ જ જ્ઞાન ન હોય તેમના હાથમાં આ પુસ્તક આવતાં અંગ્રેજી સાથેની તેમની અપરિચિતતા દૂર થાય છે.

(૧૨) **મેવાડની મહત્તા** : લેખકઃ–શ્રી ધૈર્યચંદ્ર ર. બુદ્ધ વકીલ. પ્રેમશૌર્ય ભરપુર ઐતિહાસિક નવલિકાઓનો સંગ્રહ [સચિત્ર] કિંમત આઠ આના. પોસ્ટેજ એક આનો.

(૧૩) **તાતાંતીર** : લેખક :–શ્રી. ધૈર્યચંદ્ર ર. બુદ્ધ. કિંમત ચાર આના. પો. એક આનો. એક જ અભિપ્રાય વાંચો. માનવ

જીવનમાં હરઘડીએ નજરે પડતાં વિવિધ પ્રસંગોને લેખકે સફળતા પૂર્વક વાર્તાના સ્વરૂપમાં રજૂ કર્યાં છે. 'નવયુગ'

(૧૪) **ગુંજન** : લેઃ–શ્રી. ધૈર્યચંદ્ર ર. બુદ્ધ. પ્રસ્તાવના કવિશ્રી લલિતજી. કિંમત ચાર આના. વડોદરા રાજ્યમાં મંજૂર વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટ એજન્સીના મે. રેસીડેન્ટ સાહેબે ઇનામ તથા લાયબ્રેરી માટે મંજૂર કરેલ છે. બાળકોને આનંદ કરાવે તેવા મધઝરતાં પચાસ બાલગીતોનો આ સંગ્રહ તુરત જ મંગાવી લ્યો.

(૧૫) **સંતતિ નિયમન** : લે. શ્રી. ડૉ. રઘુનાથરાવ કદમ. કિંમત ત્રણ આના. પોસ્ટેજ અર્ધો આનો. સંતતિનિયમન ઉપરનાં અનેક પુસ્તકોનું વાચન તમે કરો, અને પછી એમાંથી સાર તારવીને ટૂંકી નોંધ ઉતારી લો. એવું આ પુસ્તક.

(૧૬) **ખંડેરનો ઝરૂખો** : લે. શ્રી. ભગીરથ મહેતા. કિં. ત્રણ આના. ભાવના ભર્યાં કલાત્મક કાવ્યોનો ન્હાનકડો સંગ્રહ.

(૧૭) **શરદ પૂર્ણિમા** : લે. ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ. પ્રસ્તાવના શ્રી. હરકાન્ત શુકલ. બી. એ. એલ.એલ. બી. કિંમત ત્રણ આના. એના માટે મહાગુજરાતના મહાકવિ શ્રી. ન્હાનાલાલ દ. કવિ કહે છે. 'ભાઈ શ્રી ધૈર્યચન્દ્ર બુદ્ધનાં ગીતો અહીં આવ્યા પૂર્વે પણ સાંભળ્યા હતા અને અહીં આવીને પણ વાંચ્યા. એમનાં ઘણાં ગીતોમાં કુમાશ છે, ભાવની તેમજ ભાષાની એમની આશાઓને સફળતા ઇચ્છું છું. (લાઠી તા. ૧૪–૨–૧૯૩૮)

(૧૮) **રસજ્યોત** : લે. ધૈર્યચન્દ્ર ર. બુદ્ધ. કિંમત એક આનો. હૃદયને ઝણઝણાવે એવા તલસ્પર્શી કાવ્યોનો સંગ્રહ. [લ્હાણી માટે સો પ્રતના ફક્ત પાંચ રૂપિયા.]

(૧૯) **પૈસામાં પ્રૌઢ શિક્ષણ** : લે. શ્રી. હરિકૃષ્ણ વ્યાસ. પ્રૌઢોને અક્ષર જ્ઞાન આપવા માટે સર્વોત્તમ. ૧૦૦ પુસ્તકોની કિં. રૂા. ૨) રેલ્વેનૂર સહીત ઘેર બેઠા મળી જશે. તુરત લખો :—